لَا يُحِبُّ اللّٰهُ الْجَهْرَ بِالسُّوْٓءِ مِنَ الْقَوْلِ اِلَّا
مَنْ ظُلِمَ ؕ وَكَانَ اللّٰهُ سَمِيْعًا عَلِيْمًا ﴿۱۴۸﴾ اِنْ تُبْدُوْا
خَيْرًا اَوْ تُخْفُوْهُ اَوْ تَعْفُوْا عَنْ سُوْٓءٍ فَاِنَّ اللّٰهَ كَانَ
عَفُوًّا قَدِيْرًا ﴿۱۴۹﴾ اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاللّٰهِ وَرُسُلِهٖ
وَيُرِيْدُوْنَ اَنْ يُّفَرِّقُوْا بَيْنَ اللّٰهِ وَرُسُلِهٖ وَ
يَقُوْلُوْنَ نُؤْمِنُ بِبَعْضٍ وَّنَكْفُرُ بِبَعْضٍ ۙ وَّ
يُرِيْدُوْنَ اَنْ يَّتَّخِذُوْا بَيْنَ ذٰلِكَ سَبِيْلًا ﴿۱۵۰﴾
اُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ۚ وَاَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ
عَذَابًا مُّهِيْنًا ﴿۱۵۱﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ
وَلَمْ يُفَرِّقُوْا بَيْنَ اَحَدٍ مِّنْهُمْ اُولٰٓئِكَ سَوْفَ
يُؤْتِيْهِمْ اُجُوْرَهُمْ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿۱۵۲﴾

અલ્લાહ ખરાબ વાતની જાહેરાત પસંદ કરતો નથી[1] સિવાય કે જેના પર જુલ્મ થયો હોય.[2] અને અલ્લાહ સાંભળનાર, જાણનાર છે (૧૪૮) જો તમે કોઈ ભલાઈ જાહેરમાં કરો, અથવા છુપી રીતે, યા કોઈની બુરાઈથી દરગુજર કરો, તો બેશક! અલ્લાહ માફ કરનાર, શક્તિશાળી છે[3] (૧૪૯) તેઓ જે અલ્લાહ અને તેના રસૂલોને માનતા નથી, અને ઈચ્છે છે કે અલ્લાહથી તેના રસૂલોને જુદા પાડી દે,[4] અને કહે છે, અમે કોઈના પર ઈમાન લાવ્યા, અને કોઈના ઈન્કારી બન્યા,[5] અને ઈચ્છે છે કે ઈમાન અને કુફ્રની વચમાં કોઈ માર્ગ કાઢી લે (૧૫૦) એ જ છે સાચે સાચ કાફિર[6] અને અમે તૈયાર કરી રાખ્યો છે. કાફિરો માટે અપમાનજનક અઝાબ (૧૫૧) અને તે જેઓ અલ્લાહ અને તેના બધા રસૂલો પર ઈમાન લાવ્યા, અને તેમનામાં કોઈ પર ઈમાન બાબત ભેદભાવ ન કર્યો, તેમને નજીકમાં જ અલ્લાહ તેમનો સવાબ આપશે[7] અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[8] (૧૫૨)

૧. એટલે કે કોઈની છુપી હાલતને જાહેર કરવી, એમા નિંદા પણ આવી ગઈ અને ચુગલખોરી પણ. બુદ્ધિમાન તે છે જે પોતાની ઐબોને જુએ. એક કથન એવું છે કે ખરાબ વાતથી ગાળ મુરાદ છે.

૨. કારણ કે જાલિમના ઝુલ્મનું વર્ણન કરવું તેના માટે જાઈઝ છે. તે ચોર અથવા ઝુંટવી લેનાર વિષે કહી શકે છે કે તેણે મારો માલ ચોર્યો અથવા ઝુંટવી લીધો છે.

**શાને નુઝૂલ** :- એક માણસ એક કબીલાનો મહેમાન બન્યો હતો. તે લોકોએ તેની સારી મહેમાનગતી ન કરી. જ્યારે પેલો ત્યાંથી ગયો, ત્યારે તેમની શિકાયત કરતાં કરતાં નીકળ્યો તે બાબત આ આયત ઉતરી.

અમુક તફસીરકારોએ કહ્યું છે કે, આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂ બાબત ઉતરી, એક માણસ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના રૂબરૂમાં તેમના વિષે અજુગતું બોલી રહ્યો હતો. તેમણે ઘણીવાર સુધી ચુપકીદી સાધી પણ પેલો માણસ રોકાયો નહિ ત્યારે તેમણે તેને એક વાર જવાબ આપ્યો. એ જોઈ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ત્યાંથી ઉભા થઈ ગયા. ત્યારે હઝરત સિદ્દીક અબૂબક્રએ વિનંતી કરી કે "યા રસૂલલ્લાહ! આ માણસ ક્યારનો મને ભાંડતો હતો, ત્યારે આપે એને કશું ન કહ્યું, અને મેં એક જ વાર જવાબ આપ્યો તો આપ ઉભા થઈ ગયા?" હુઝૂરે ફરમાવ્યું; તમારા તરફથી એક ફરિશ્તો જવાબ આપી રહ્યો હતો, જ્યારે તમે જવાબ આપ્યો ત્યારે ફરિશ્તો નાસી ગયો અને શયતાન હાજર થઈ ગયો." તે બાબત આયત ઉતરી.

૩. તમે તેના બન્દાઓને દરગુઝર કરો, તે તમને દરગુઝર કરશે.

**હદીષ** :- તમે પૃથ્વીવાળાઓ પર રહેમ કરો, આકાશવાળો તમારા પર રહેમ કરશે.

يَسْـَٔلُكَ أَهْلُ ٱلْكِتَـٰبِ أَن تُنَزِّلَ عَلَيْهِمْ كِتَـٰبًا مِّنَ
ٱلسَّمَآءِ فَقَدْ سَأَلُوا۟ مُوسَىٰٓ أَكْبَرَ مِن ذَٰلِكَ فَقَالُوٓا۟
أَرِنَا ٱللَّهَ جَهْرَةً فَأَخَذَتْهُمُ ٱلصَّـٰعِقَةُ بِظُلْمِهِمْ ثُمَّ
ٱتَّخَذُوا۟ ٱلْعِجْلَ مِنۢ بَعْدِ مَا جَآءَتْهُمُ ٱلْبَيِّنَـٰتُ
فَعَفَوْنَا عَن ذَٰلِكَ وَءَاتَيْنَا مُوسَىٰ سُلْطَـٰنًا مُّبِينًا ﴿١٥٣﴾
وَرَفَعْنَا فَوْقَهُمُ ٱلطُّورَ بِمِيثَـٰقِهِمْ وَقُلْنَا لَهُمُ
ٱدْخُلُوا۟ ٱلْبَابَ سُجَّدًا وَقُلْنَا لَهُمْ لَا تَعْدُوا۟ فِى
ٱلسَّبْتِ وَأَخَذْنَا مِنْهُم مِّيثَـٰقًا غَلِيظًا ﴿١٥٤﴾ فَبِمَا
نَقْضِهِم مِّيثَـٰقَهُمْ وَكُفْرِهِم بِـَٔايَـٰتِ ٱللَّهِ وَقَتْلِهِمُ
ٱلْأَنۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ وَقَوْلِهِمْ قُلُوبُنَا غُلْفٌۢ بَلْ
طَبَعَ ٱللَّهُ عَلَيْهَا بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُونَ إِلَّا قَلِيلًا ﴿١٥٥﴾

અય મહબૂબ! કિતાબવાળાઓ[૯] તમને પૂછે છે કે, તેમના પર આકાશમાંથી એક કિતાબ ઉતારી દો[૧૦] તો તેઓ તો મૂસાને એનાથી પણ મોટો સવાલ પૂછી ચૂક્યા[૧૧]. કે બોલ્યા; અમને જાહેરમાં અલ્લાહ દેખાડી દો. તો તેમને વિજળીના કડાકાએ પકડી લીધા, તેમના ગુનાહો બદલ. પછી વાછરડું લઈ બેઠા[૧૨] એ પછી કે સ્પષ્ટ આયતો[૧૩] તેમની પાસે આવી ચૂકી. તો અમે એ માફ કરી દીધું,[૧૪] અને અમે મૂસાને સ્પષ્ટ ચઢતી આપી[૧૫] (૧૫૩) પછી અમે તેમના પર તૂર (પહાડ) ને અદ્ધર કર્યો, તેમની પાસે વાયદો લેવા, અને તેમને કહયું કે દરવાજામાં સિજદો કરતાં કરતાં પ્રવેશો. અને તેમને કહ્યું કે; શનિવાર(ની બાબત)માં હદથી ન વધો[૧૬] અને અમે તેમનાથી પાકું વચન લીધું. (૧૫૪)[૧૭] તો તેમના કેવા (કેવા) વચનભંગના કારણે અમે તેમના પર લાઅનત કરી, અને એ કારણે કે તેઓ અલ્લાહની આયતોના ઈન્કારી બન્યા.[૧૮] અને નબીઓને નાહક શહીદ કરતા[૧૯] અને તેમના એ કહેવાથી કે; અમારા હૃદયો પર કવચ છે.[૨૦] બલ્કે અલ્લાહે તેમના કુફ્રના કારણે તેમના દિલો પર મહોર મારી દીધી છે. તો ઈમાન લાવતા નથી પણ થોડા (૧૫૫)

૪. એવી રીતે કે અલ્લાહ પર ઈમાન લાવે અને તેના રસૂલો પર ન લાવે.

૫. **શાને નુઝૂલ :-** આ આયત યહૂદીઓ અને નસરાનીઓ વિષે ઉતરી. યહૂદીઓ હઝરત મૂસા અલયહિસ્સલામ પર ઈમાન લાવ્યા, અને હઝરત ઈસા તેમજ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે તેમણે કુફ્ર કર્યું. નસરાનીઓ હઝરત ઈસા અલયહિસ્સલામ પર ઈમાન લાવ્યા, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનો ઈન્કાર કર્યો.

૬. અમુક રસૂલ પર ઈમાન લાવવું તેમને કુફ્રથી બચાવતું નથી, કારણ કે એક નબીનો ઈન્કાર તમામ નબીઓના ઈન્કાર જેવો છે.

૭. કબીરા ગુનાહ કરનાર પણ એમાં શામિલ છે, કારણ કે તે અલ્લાહ અને તેના બધા રસૂલો પર ઈમાન ધરાવે છે. મુઅતઝિલા ફિર્કાવાળાઓ કબીરા ગુનાહ કરનાર માટે કાયમી અઝાબની માન્યતા રાખે છે. આ આયતથી તેમના આ અકીદાનું ખંડન સાબિત થયું.

૮. આ આયત એ બાબત પ્રતિ સૂચન કરે છે કે (અલ્લાહના) કર્તવ્ય સંબંધી ગુણો (દા.ત. મગફિરત અને રહમત હમેશાં હમેશથી છે. કારણ કે (એ ગુણોને નવજન્મિત કહેનારને કહેવું પડે છે કે અલ્લાહ તઆલા (મુઆઝલ્લાહ) સહુ પ્રથમ ગફૂર અને રહીમ ન હતો, પાછળથી થયો. તેના એ કથનને આ આયત ખંડિત કરે છે.

૯. અવળચંડાઈની રાહે. ૧૦. એકી સાથે.

**શાને નુઝૂલ :-** યહૂદીઓમાંથી કઅફ બિન અશરફ અને ફહહાસ બિન આઝુરાએ સય્યિદે આલમ

وَبِكُفْرِهِمْ وَقَوْلِهِمْ عَلٰى مَرْيَمَ بُهْتَانًا عَظِيْمًا ﴿١٥٦﴾ وَّ
قَوْلِهِمْ اِنَّا قَتَلْنَا الْمَسِيْحَ عِيْسَى ابْنَ مَرْيَمَ رَسُوْلَ
اللّٰهِ ۚ وَمَا قَتَلُوْهُ وَمَا صَلَبُوْهُ وَلٰكِنْ شُبِّهَ لَهُمْ ؕ وَ
اِنَّ الَّذِيْنَ اخْتَلَفُوْا فِيْهِ لَفِيْ شَكٍّ مِّنْهُ ؕ مَا لَهُمْ
بِهٖ مِنْ عِلْمٍ اِلَّا اتِّبَاعَ الظَّنِّ ۚ وَمَا قَتَلُوْهُ يَقِيْنًا ﴿١٥٧﴾
بَلْ رَّفَعَهُ اللّٰهُ اِلَيْهِ ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ﴿١٥٨﴾ ربع
وَاِنْ مِّنْ اَهْلِ الْكِتٰبِ اِلَّا لَيُؤْمِنَنَّ بِهٖ قَبْلَ
مَوْتِهٖ ۚ وَيَوْمَ الْقِيٰمَةِ يَكُوْنُ عَلَيْهِمْ شَهِيْدًا ﴿١٥٩﴾
فَبِظُلْمٍ مِّنَ الَّذِيْنَ هَادُوْا حَرَّمْنَا عَلَيْهِمْ طَيِّبٰتٍ
اُحِلَّتْ لَهُمْ وَبِصَدِّهِمْ عَنْ سَبِيْلِ اللّٰهِ كَثِيْرًا ﴿١٦٠﴾
وَّاَخْذِهِمُ الرِّبٰوا وَقَدْ نُهُوْا عَنْهُ وَاَكْلِهِمْ اَمْوَالَ

અને એટલા માટે કે તેમણે કુફ્ર કર્યું[૨૧] અને મરયમ પર મહા આક્ષેપ મૂક્યો (૧૫૬) અને તેમના એ કહેવાથી કે અમે અલ્લાહના રસૂલ ઈસા મરયમના પુત્રને શહીદ કર્યા[૨૨] અને (પરિસ્થિતિ) એ છે કે, તેમણે તેમને ન શહીદ કર્યા, કે ન તેમને સૂળીએ ચઢાવ્યા. પણ તેમના માટે તેમની આકૃતિનો એક બનાવી દેવાયો[૨૩] અને તે જેઓ તેમના વિષે મતભેદ કરી રહયા છે, (તેઓ) ચોક્કસ તેમના તરફથી શંકામાં પડેલા છે[૨૪] તેઓને એની કશી જ ખબર નથી[૨૫] પણ એ જ અનુશંકાનું અનુકરણ[૨૬] અને બેશક! તેમણે તેમને કતલ નથી કર્યા[૨૭] (૧૫૭) પણ અલ્લાહે તેમને પોતાની તરફ ઊંચકી લીધા[૨૮] અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૧૫૮) કોઈ (આકાશી) કિતાબવાળો એવો નથી જે તેમના (હઝરત ઈસાના) મૃત્યુ પહેલાં તેમના પર ઈમાન ન લાવે[૨૯] અને કયામતના દિવસે તે (હઝરત ઈસા) તેમના પર ગવાહ હશે[૩૦] (૧૫૯) તો યહૂદીઓના મહાપાપોના કારણે અમે અમુક તે સ્વચ્છ વસ્તુઓ જે તેમના માટે હલાલ હતી[૩૧] તે તેમના પર હરામ ફરમાવી દીધી. અને એટલા માટે કે તેમણે ઘણાઓને અલ્લાહના માર્ગથી રોકયા (૧૬૦) અને એટલા માટે કે તેઓ વ્યાજ લેતા હતા, જો કે તેઓ એનાથી મના

સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યું "જો તમે નબી હોઉ તો અમારી પાસે આકાશમાંથી એકી સાથે કિતાબ લાવો. જેમકે મૂસા અલયહિસ્સલામ તવરાત લાવ્યા હતા"

તેમનો આ સવાલ સત્ય પ્રાપ્તિ માટે ન હતો, પણ અવળચંડાઈ અને તાબેદારી ફગાવવા માટે હતો તે બાબત આ આયત ઉતરી.

૧૧. અર્થાત તેમનો આ સવાલ હદ દરજ્જાની અજ્ઞાનતાને લીધે છે. અને આ પ્રકારની અજ્ઞાનતામાં તેમના બાપ-દાદાઓ પણ સપડાએલા હતા. જો સવાલ સત્યની તલબ માટે હોત તો પુરો કરત, પણ તેઓ તો કોઈ રીતે ઈમાન લાવનાર ન હતા.

૧૨. તેને પૂજવા લાગ્યા.

૧૩. તવરાત, અને હઝરત મૂસા અલયહિસ્સલામના મોજિઝા, જે અલ્લાહના એક હોવા અને હઝરત મૂસાના સત્ય હોવા બાબત સ્પષ્ટ સૂચન કરનાર હતા, અને જો કે તવરાત અમે એકી સાથે જ ઉતારી હતી. પણ 'ભૂંડી ટેવને ઘણા બહાનાં' અનુસાર તાબેદારી સ્વીકારવાને બદલે ખુદાને જોવાનો સવાલ કરી નાખ્યો.

૧૪. જ્યારે કે તેઓએ તવબહ કરી આમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના સમયના યહૂદીઓ માટે આશા છે કે જો તેઓ પણ તવબહ કરે તો તેમને પણ અલ્લાહ પોતાની કૃપાથી માફ કરી દે.

૧૫. એવો કાબૂ આપ્યો કે જ્યારે એમને બની ઈસરાઈલને તવબહ ખાતર તેમને પોતાને જ કત્લ કરવાનો આદેશ આપ્યો ત્યારે તેઓ નકાર ન કરી શક્યા, અને તેમણે તાબેદારી સ્વીકારી.

૧૬. અર્થાત માછલીનો શિકાર વિગેરે જે કાર્યો એ દિવસે તમારા માટે હલાલ નથી તે ન કરો. સૂરએ

કરાયા હતા. અને લોકોનો માલ નાહક ખાઈ જતા.[૩૨] એમનામાં જે કાફિર થયા, અમે તેમના માટે દુ:ખદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે (૧૬૧) હા! જે એમનામાં જ્ઞાનમાં પાકા[૩૩] અને ઈમાનવાળા છે, તેઓ અય મહબૂબ! જે તમારા પર ઉતર્યું અને જે તમારાથી પહેલાં ઉતર્યું[૩૪] તેના પર ઈમાન લાવે છે. અને નમાઝ કાયમ રાખનાર અને ઝકાત દેનાર, અને અલ્લાહ તેમજ કયામત પર ઈમાન લાવનાર, એવાઓને અમે નજીકમાં જ મહા સ-વાબ આપીશું (૧૬૨) બેશક! અય મહબૂબ! અમે તમારી તરફ વહી મોકલી, જેમકે વહી નૂહ અને તેમના પછીના પૈગમ્બરોને મોકલી[૩૫] અને અમે વહી મોકલી ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ અને તેમના પુત્રો અને ઈસા અને અય્યૂબ અને યૂનુસ અને હારૂન અને (તે) રસૂલોને જેમનો ઉલ્લેખ અમે તમને[૩૬] આગળ કરી ચૂકયા અને તે રસૂલોને જેમનો ઉલ્લેખ તમને કર્યો નથી[૩૭] અને અલ્લાહે મૂસા સાથે વાસ્તવમાં

النَّاسِ بِالْبَاطِلِ وَأَعْتَدْنَا لِلْكَافِرِينَ مِنْهُمْ عَذَابًا
أَلِيمًا ﴿١٦١﴾ لَٰكِنِ الرَّاسِخُونَ فِي الْعِلْمِ مِنْهُمْ وَالْمُؤْمِنُونَ
يُؤْمِنُونَ بِمَا أُنْزِلَ إِلَيْكَ وَمَا أُنْزِلَ مِنْ قَبْلِكَ وَ
الْمُقِيمِينَ الصَّلَاةَ وَالْمُؤْتُونَ الزَّكَاةَ وَالْمُؤْمِنُونَ بِاللَّهِ
وَالْيَوْمِ الْآخِرِ أُولَٰئِكَ سَنُؤْتِيهِمْ أَجْرًا عَظِيمًا ﴿١٦٢﴾ إِنَّا
أَوْحَيْنَا إِلَيْكَ كَمَا أَوْحَيْنَا إِلَىٰ نُوحٍ وَالنَّبِيِّينَ
مِنْ بَعْدِهِ وَأَوْحَيْنَا إِلَىٰ إِبْرَاهِيمَ وَإِسْمَاعِيلَ
وَإِسْحَاقَ وَيَعْقُوبَ وَالْأَسْبَاطِ وَعِيسَىٰ وَأَيُّوبَ
وَيُونُسَ وَهَارُونَ وَسُلَيْمَانَ وَآتَيْنَا دَاوُودَ
زَبُورًا ﴿١٦٣﴾ وَرُسُلًا قَدْ قَصَصْنَاهُمْ عَلَيْكَ مِنْ
قَبْلُ وَرُسُلًا لَمْ نَقْصُصْهُمْ عَلَيْكَ وَكَلَّمَ اللَّهُ

બકરમાં એ તમામ હુકમોની વિગત વર્ણવાઈ ગઈ છે.

૧૭. કે જે હુકમો તેમને કરવામાં આવ્યા છે તે કરે, અને જેની મનાઈ ફરમાવવામાં આવી છે, તેનાથી દૂર રહે પછી તેમણે એ વચન તોડી નાખ્યું.

૧૮. જે નબીઓની સત્યતા પુરવાર કરતી હતી, જેમકે હઝરત મૂસા અલયહિસ્સલામના મુઅજિઝા.

૧૯. નબીઓને શહીદ કરવાનું તો નાહક છે જ, કોઈ રીતે વ્યાજબી ઠરી શકતું જ નથી. પરંતુ અહીં મતલબ એ છે કે તેમના ખ્યાલમાં પણ તેમને એનો કોઈ હક પહોંચતો ન હતો.

૨૦. માટે કોઈ નસીહત કે ઉપદેશ યથાસ્થાને લાગી શકતો નથી.

૨૧. હઝરત ઈસા અલયહિસ્સલામ સાથે પણ.

૨૨. યહૂદીઓએ બણગું માર્યું હતું કે તેમણે હઝરત ઈસા અલયહિસ્સલામને શહીદ કરી દીધા છે, અને નસરાનીઓએ એ વાતને સાચી કહી હતી. અલ્લાહ તઆલાએ એ બન્નેનું જૂઠ જાહેર કર્યું.

૨૩. જેને તેમણે મારી નાખ્યો. અને સમજતા રહ્યા કે એ હઝરત ઈસા છે જો કે તેમની એ સમજ ખોટી હતી.

૨૪. અને શ્રદ્ધાપૂર્વક કહી શકતા નથી કે જે મરાયો તે કોણ છે. અમુક કહે છે, કે એ હઝરત ઈસા હતા, અને અમુક કહે છે કે તે મુખાકૃતિ તો હઝરત ઈસાની હતી, પણ શરીર તેમનું ન હતું, માટે તે એ નથી એવી જ આશંકામાં છે.

૨૫. અને અનુમાન કર્યું.

લا یحب الله ٦ — النساء ٤

مُوسَىٰ تَكْلِيمًا ﴿١٦٤﴾ رُسُلًا مُبَشِّرِينَ وَمُنْذِرِينَ لِئَلَّا
يَكُونَ لِلنَّاسِ عَلَى اللَّهِ حُجَّةٌ بَعْدَ الرُّسُلِ ۚ وَ
كَانَ اللَّهُ عَزِيزًا حَكِيمًا ﴿١٦٥﴾ لَٰكِنِ اللَّهُ يَشْهَدُ بِمَا
أَنْزَلَ إِلَيْكَ ۖ أَنْزَلَهُ بِعِلْمِهِ ۖ وَالْمَلَائِكَةُ يَشْهَدُونَ ۚ
وَكَفَىٰ بِاللَّهِ شَهِيدًا ﴿١٦٦﴾ إِنَّ الَّذِينَ كَفَرُوا وَصَدُّوا
عَنْ سَبِيلِ اللَّهِ قَدْ ضَلُّوا ضَلَالًا بَعِيدًا ﴿١٦٧﴾ إِنَّ
الَّذِينَ كَفَرُوا وَظَلَمُوا لَمْ يَكُنِ اللَّهُ لِيَغْفِرَ لَهُمْ
وَلَا لِيَهْدِيَهُمْ طَرِيقًا ﴿١٦٨﴾ إِلَّا طَرِيقَ جَهَنَّمَ خَالِدِينَ
فِيهَا أَبَدًا ۚ وَكَانَ ذَٰلِكَ عَلَى اللَّهِ يَسِيرًا ﴿١٦٩﴾ يَا أَيُّهَا
النَّاسُ قَدْ جَاءَكُمُ الرَّسُولُ بِالْحَقِّ مِنْ رَبِّكُمْ
فَآمِنُوا خَيْرًا لَكُمْ ۚ وَإِنْ تَكْفُرُوا فَإِنَّ لِلَّهِ مَا فِي

વાતચીત કરી[૩૮] (૧૬૪) રસૂલ ખુશખબર દેનાર અને ભય સંભળાવનાર[૩૯] જેથી રસૂલો પછી અલ્લાહ પાસે લોકોને કંઈ બહાનું ન રહે[૪૦] અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૧૬૫) પરંતુ અય મહબૂબ! અલ્લાહ તેનો સાક્ષી છે જે તેણે તમારી તરફ ઉતાર્યું. તે તેણે પોતાના ઈલ્મથી ઉતાર્યું છે. અને ફરિશ્તાઓ સાક્ષી છે. અને અલ્લાહની સાક્ષી પૂરતી (છે) (૧૬૬) તેઓ જેમણે કુફ્ર કર્યું[૪૧] અને અલ્લાહના માર્ગથી રોકયા[૪૨] નિશંક! તેઓ દૂરની ગુમરાહીમાં પડયા (૧૬૭) બેશક! જેમણે કુફ્ર કર્યું[૪૩] અને હદથી વધ્યા[૪૪] અલ્લાહ કદાપિ તેમને માફ નહિ કરે[૪૫] અને ન તેમને કોઈ માર્ગ બતાવે (૧૬૮) પણ જહન્નમનો રસ્તો, તેમાં કાયમ માટે રહેશે. અને એ અલ્લાહને સરળ છે (૧૬૯) અય લોકો! તમારી પાસે આ રસૂલ[૪૬] સત્ય સાથે તમારા પાલનહાર તરફથી પધાર્યા, તો પોતાના ભલા ખાતર ઈમાન લાવો અને જો તમે કુફ્ર કરો[૪૭] તો બેશક! અલ્લાહનું જ છે જે કંઈ આસ્માનો અને

૨૬. તેમનો કત્લ કરી નાખવાનો દાવો જૂઠો છે

૨૭. સહી સલામત, આકાશ તરફ, એની વિગતો હદીષોમાં વર્ણવાઈ છે. અને સૂરહ આલે ઈમ્રાનમાં એ બનાવનું વર્ણન થઈ ચૂક્યું છે.

૨૮. આ આયતની તફસીરમાં અનેક મંતવ્યો છે. એક કથન એવું છે કે યહૂદીઓ અને નસરાનીઓને પોતાના મૃત્યુ ટાણે જ્યારે અઝાબના ફરિશ્તા **દેખાય** છે, ત્યારે તેઓ હઝરત ઈસા પર ઈમાન લઈ આવે છે. જેમની સાથે તેમણે કુફ્ર કર્યું હતું પણ તે વખતનું ઈમાન માન્ય અને વિશ્વસનિય નથી.

બીજુ કથન એ છે કે કયામતની નજીકના સમયે જ્યારે હઝરત ઈસા આકાશમાંથી ઉતરશે, ત્યારે તે સમયના બધા જ કિતાબીઓ તેમના પર ઈમાન લઈ આવશે. ત્યારે હઝરત ઈસા અલયહિસ્સલામ મુહમ્મદી શરીઅત અનુસાર આદેશો આપશે. અને એજ ધર્મના ઈમામોમાં એક ઈમામ તરીકે હશે. અને નસરાનીઓએ એમના વિષે જે આશંકાઓ બાંધી રાખી છે તેનું ખંડન કરશે. દીને મુહમ્મદીનો પ્રચાર કરશે. ત્યારે યહૂદીઓ અને નસરાનીઓને યા તો ઈસ્લામ સ્વીકારવો પડશે, અથવા મારી નાખવામાં આવશે. જિઝયો સ્વીકારવાનો હુકમ હઝરત ઈસાના ઉતરાણ સુધી જ છે.

ત્રીજુ કથન એ છે કે દરેક કિતાબી પોતાના મૃત્યુ પહેલાં સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લઈ આવશે.

ચોથુ કથન એ છે કે અલ્લાહ તઆલા પર ઈમાન લઈ આવશે, પણ મૃત્યુ સમયનુ ઈસ્લામ સ્વીકાર્ય નથી. ફાયદાકારક નહિ બને.

૨૯. અર્થાત હઝરત ઈસા અલયહિસ્સલામ યહૂદીઓ પર તો એવી ગવાહી આપશે કે તેમણે એમને જૂઠલાવ્યા, અને એમના વિષે અજુગતી ભાષા વાપરી. અને નસરાનીઓ પર એવી (ગવાહી આપશે) કે તેમણે એમને અલ્લાહ ઠેરાવ્યા, અને અલ્લાહના ભાગીદાર બનાવ્યા. અને કિતાબવાળાઓમાંથી જે ઈમાન લઈ આવ્યા હશે, તેમના ઈમાનની પણ ગવાહી આપશે.

૩૦. વચનભંગ વિગેરે, જેનું વર્ણન ઉપરની આયતોમાં થઈ ગયું.

૩૧. જેનું વર્ણન સૂરહ અલ-અન્આમની "વઅલ્લઝીન હાદુહર્રમના" વાળી આયતમાં છે.

૩૨. લાંચ વિગેરે હરામ તરીકાઓથી.

૩૩. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ અને તેમના સાથીદારો જેવા. જેઓ પાકુ જ્ઞાન અને શુદ્ધ બુદ્ધિ તેમજ સંપૂર્ણ સમજદારી ધરાવતા હતા. તેમણે પોતાના જ્ઞાન દ્વારા ઈસ્લામ ધર્મની વાસ્તકવિતાને જાણી લીધી અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લઈ આવ્યા.

૩૪. આગલા નબીઓ પર.

૩૫. **શાને નુઝૂલ** :- યહૂદીઓ અને ખ્રિસ્તીઓએ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યું હતું કે; જો તેમના માટે આકાશમાંથી એક સામટી કિતાબ ઉતારવામાં આવે, તો તેઓ આપના પર ઈમાન લઈ આવશે. તે બાબત આ આયતે કરીમા ઉતરી, અને તેમના માટે દલીલ કરવામાં આવી કે હઝરત મૂસા અલયહિસ્સલામ સિવાય ઘણા નબીઓ એવા છે, અને જેમનામાંથી ૧૧ ના નામો આ આયતમાં ઉલ્લેખાયાં છે. જેમના પર કિતાબવાળાઓ ઈમાન ધરાવે છે. તો એમનામાં કોઈના ઉપર પણ એક સામટી કિતાબ ઉતરી નથી. જ્યારે એ કારણસર એમની નુબુવ્વત માન્ય રાખવામાં કિતાબવાળાઓને કશો વાંધો આવતો નથી, તો પછી સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નુબુવ્વત માની લેવામાં શું બાધ છે? અને રસૂલો મોકલવાનો હેતુ મખ્લૂકની હિદાયત તથા અલ્લાહની એકતા અને ઓળખનો પાઠ આપવો, અને ઈમાનની પરિપૂર્ણતા તેમજ ઈબાદતના નિયમોની તાલીમ આપવાના છે. થોડી થોડી કિતાબ ઉતરવાથી આ હેતુ વધારે સારી રીતે પ્રાપ્ત થાય છે. કારણ કે થોડું સરળતાથી હૃદયમાં બેસતું જાય છે. આ રહસ્યને ન સમજવું અને વાંધાવચકા કાઢવા મહાન મૂર્ખતા છે.

૩૬. કુરઆન શરીફમાં નામો સહિત કરી ચૂક્યા છીએ.

૩૭. અને હજુ સુધી જેમનાં નામોની વિગત કુરઆન પાકમાં વર્ણવવામાં આવી નથી.

૩૮. તો જે રીતે હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે વગર માધ્યમે વાતચીત કરવી બીજા નબીઓ માટે આંચરૂપ નથી, જેમની સાથે એ રીતે વાત્તચીત કરવામાં આવી નથી. તો એ જ રીતે મૂસા અલયહિસ્સલામ પર એક સામટી કિતાબ ઉતરવી બીજા નબીઓની નુબુવ્વતને જરા પણ નુકશાનકારક નથી થઈ શકતું.

૩૯. ઈમાન લાવનારાઓને સવાબની ખુશખબર અને કાફિરોને અઝાબનો ભય સંભળાવનાર.

૪૦. અને એવું કહેવાની તક ન મળે કે જો અમારી પાસે રસૂલ આવત તો અમે તેમના હુકમ માનત અને અલ્લાહના કહ્યાગરા અને આજ્ઞાંકિત બનત.

આ આયતથી એ મસ્અલો જણાય છે કે અલ્લાહ તઆલા રસૂલ મોકલતા પહેલાં મખલૂક પર અઝાબ મોકલતો નથી. જેમકે બીજી જગ્યાએ ફરમાવ્યું; "વમા કુન્ના મુઅઝ્ઝિબીન હત્તા નબઉસુ રસૂલા" (રસૂલ મોકલતા પહેલાં અમે અઝાબ મોકલતા નથી) અને એ મસ્અલો પણ પુરવાર થયો કે અલ્લાહની ઓળખ ધર્મ શાસ્ત્ર વર્ણન અને નબીઓની જબાનથી જ પ્રાપ્ત થાય છે, માત્ર બુદ્ધિથી એ મંઝિલ સુધી પહોંચી શકાતુ નથી.

જમીનમાં છે. અને અલ્લાહ જ્ઞાન અને હિકમતવાળો છે (૧૭૦) અય કિતાબવાળાઓ! પોતાના ધર્મમાં વધારો ન કરો[૪૮] અને અલ્લાહ વિષે સત્ય સિવાય ન કહો[૪૯] મસીહ ઈસા મરયમનો પુત્ર[૫૦] અલ્લાહનો રસૂલ જ છે, અને તેનો એક શબ્દ[૫૧] જે મરયમ તરફ મોકલ્યો, અને તેના ત્યાંની એક રૂહ. તો અલ્લાહ અને તેના રસૂલો પર ઈમાન લાવો[૫૨] અને ત્રણ ન કહો[૫૩] બચતા રહો, પોતાના ભલા ખાતર. અલ્લાહ તો એક જ ખુદા છે[૫૪] તેને પવિત્રતા છે એ વાતથી કે તેને કોઈ બાળક હોય. જે કાંઈ આસ્માનોમાં છે, અને જે કંઈ જમીનમાં છે તે તેનો માલ છે[૫૫] અને અલ્લાહ પુરતો કામ કાઢનાર (છે) (૧૭૧) મસીહ ઘૃણા નથી કરતોં જરા પણ અલ્લાહનો બન્દો બનવાથી[૫૬] અને ન નજીકીવાળા ફરિશ્તા, અને જે અલ્લાહની બન્દગીથી ઘૃણા અને ઘમંડ કરે તો કોઈ પળ વિતે છે કે તે એ બધાંને પોતાની તરફ હાંકશે[૫૭] (૧૭૨)

لا يحب الله ٦ — النساء ٤

السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١٧٠﴾
يٰٓاَهْلَ الْكِتٰبِ لَا تَغْلُوْا فِيْ دِيْنِكُمْ وَلَا تَقُوْلُوْا
عَلَى اللّٰهِ اِلَّا الْحَقَّ ۭ اِنَّمَا الْمَسِيْحُ عِيْسَى ابْنُ
مَرْيَمَ رَسُوْلُ اللّٰهِ وَكَلِمَتُهٗ ۚ اَلْقٰىهَآ اِلٰى مَرْيَمَ
وَرُوْحٌ مِّنْهُ ۡ فَاٰمِنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ ڗ وَلَا تَقُوْلُوْا
ثَلٰثَةٌ ۭ اِنْتَهُوْا خَيْرًا لَّكُمْ ۭ اِنَّمَا اللّٰهُ اِلٰهٌ وَّاحِدٌ ۭ
سُبْحٰنَهٗٓ اَنْ يَّكُوْنَ لَهٗ وَلَدٌ ۘ لَهٗ مَا فِي السَّمٰوٰتِ
وَمَا فِي الْاَرْضِ ۭ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿١٧١﴾ لَنْ
يَّسْتَنْكِفَ الْمَسِيْحُ اَنْ يَّكُوْنَ عَبْدًا لِّلّٰهِ وَلَا
الْمَلٰۗىِٕكَةُ الْمُقَرَّبُوْنَ ۭ وَمَنْ يَّسْتَنْكِفْ عَنْ
عِبَادَتِهٖ وَيَسْتَكْبِرْ فَسَيَحْشُرُهُمْ اِلَيْهِ جَمِيْعًا ﴿١٧٢﴾

૪૧. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નુબુવ્વતને નકારીને.

૪૨. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના વખાણ અને ગુણો સંતાડીને, અને લોકોના હૃદયોમાં શંકા જગાડીને. આ હાલત યહૂદીઓની છે.

૪૩. અલ્લાહ સાથે.

૪૪. અલ્લાહની કિતાબ (તવરાત અને ઈન્જીલ)માં હુઝૂરના ઓળખ ચિન્હોમાં ફેરફાર કરીને, અને આપની નબુવ્વતને નકારીને.

૪૫. જ્યાં સુધી તેઓ કુફ્ર પર રહે, અથવા કુફ્રની હાલતમાં મરે.

૪૬. સય્યિદે અમ્બિયા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ.

૪૭. અને સય્યિદે અમ્બિયા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની રિસાલતનો નકાર કરો, તો એમાં તેમનું કશું નુકશાન નથી. અને અલ્લાહ તમારા ઈમાનનો ઓશિયાળો નથી.

૪૮. **શાને નુઝૂલ** :- આ આયત નસરાનીઓ બાબત ઉતરી, જેમના કંઈ કેટલાએ ફાંટાઓ થઈ ગયા હતા. અને દરેક હઝરત ઈસા અલયહિસ્સલામ વિષે અલગ કુફ્રી માન્યતા ધરાવતો હતો. નસ્તુરી (નામનું પાંખિયું) આપને ખુદાના પુત્ર કહેતું હતું. મરકુશી (લોકો)નું કહેવું એ છે કે તેઓ ત્રણમાંના ત્રીજા છે. અને આ શબ્દના ખુલાસાઓમાં પણ મતભેદ હતા. અમુક લોકો ત્રણ અકનુમ માનતા હતા, અને કહેતા હતા કે પિતા, પુત્ર અને રૂહુલ કુદ્દસ; પિતા એટલે ઝાત, પુત્ર એટલે ઈસા, અને રૂહુલ કુદ્દસ એટલે તેમનામાં પ્રવેશ કરનાર જીવન. એ મુજબ તેમની માન્યતા અનુસાર ખુદા ત્રણ હતા, અને એ ત્રણેને એક કહેતા હતા. ત્રણમાં

તો તે જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા તેમની મજૂરી તેમને ભરપુર આપીને પોતાની કૃપાથી તેમને ઓર વધારે આપશે. અને તે જેમણે[૫૮] ધૃણા અને ઘમંડ કર્યા હતા, તેમને દુ:ખદાયક સજા આપશે. અને અલ્લાહ સિવાયના પોતાનો કોઈ તરફદાર પામશે ન મદદગાર (૧૭૩) અય લોકો! બેશક! તમારી પાસે અલ્લાહ તરફથી સ્પષ્ટ દલીલ આવી[૫૯] અને અમે તમારી તરફ ઝળહળતું નૂર ઉતાર્યું[૬૦] (૧૭૪) તો તે જેઓ ઈમાન લાવ્યા અને તેની રસ્સી મજબૂત પકડી લીધી તો નજીકમાં જ અલ્લાહ તેમને પોતાની રહમત અને ફઝ્‌લમાં દાખલ કરશે[૬૧] અને તેમને પોતાની તરફ સીધો માર્ગ દેખાડશે (૧૭૫) અય મહબૂબ તમને ફતવો પૂછે છે? તમે કહી આપો કે અલ્લાહ તમને કલાલા[૬૨] બાબત ફતવો આપે છે; જો કોઈ પુરૂષ મરણ પામે જે બેઔલાદ છે[૬૩] અને તેની બહેન હોય, તો વારસમાં તેની બહેનનો અડધો (ભાગ) છે[૬૪] અને

لا يحب الله ٦ النساء ٤

فَأَمَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ فَيُوَفِّيهِمْ أُجُورَهُمْ
وَيَزِيدُهُم مِّن فَضْلِهِ ۖ وَأَمَّا الَّذِينَ اسْتَنكَفُوا
وَاسْتَكْبَرُوا فَيُعَذِّبُهُمْ عَذَابًا أَلِيمًا وَلَا يَجِدُونَ
لَهُم مِّن دُونِ اللَّهِ وَلِيًّا وَلَا نَصِيرًا ﴿١٧٣﴾ يَا أَيُّهَا
النَّاسُ قَدْ جَاءَكُم بُرْهَانٌ مِّن رَّبِّكُمْ وَأَنزَلْنَا إِلَيْكُمْ
نُورًا مُّبِينًا ﴿١٧٤﴾ فَأَمَّا الَّذِينَ آمَنُوا بِاللَّهِ وَاعْتَصَمُوا
بِهِ فَسَيُدْخِلُهُمْ فِي رَحْمَةٍ مِّنْهُ وَفَضْلٍ وَيَهْدِيهِمْ
إِلَيْهِ صِرَاطًا مُّسْتَقِيمًا ﴿١٧٥﴾ يَسْتَفْتُونَكَ قُلِ اللَّهُ
يُفْتِيكُمْ فِي الْكَلَالَةِ ۚ إِنِ امْرُؤٌ هَلَكَ لَيْسَ لَهُ
وَلَدٌ وَلَهُ أُخْتٌ فَلَهَا نِصْفُ مَا تَرَكَ ۚ وَهُوَ يَرِثُهَا
إِن لَّمْ يَكُن لَّهَا وَلَدٌ ۚ فَإِن كَانَتَا اثْنَتَيْنِ فَلَهُمَا

એક અને એકમાં ત્રણના ચક્કરમાં સપડાયેલા હતા. અમુક કહેતા હતા કે ઈસા માનવ શરીર અને ખુદાનું એકીકરણરૂપ છે; માં તરફથી તેમનામાં માનવ ખોળિયું આવ્યું. અને બાપ તરફથી અલ્લાહપણુ. તેઓ જે કંઈ કહે છે તેનાથી અલ્લાહ ખૂબ જ ઉચ્ચ છે. આ ફાંટાબાજી ખ્રિસ્તીઓમાં એક યહૂદીએ જન્માવી હતી, જેનું નામ બુલસ હતું. તેણે તેમને ખોટા માર્ગે ચઢાવવા આવી માન્યતાઓની તા'લીમ આપી. આ આયતમાં કિતાબવાળાઓને સતમાર્ગ દેખાડવામાં આવ્યો છે કે, તેઓ હઝરત ઈસા અલયહિસ્સલામ બાબત અતિશ્યોક્તિઓથી અને કમી કરવાથી બચે, તેમને ખુદા અથવા ખુદાના પુત્ર ન કહે, અને તેમના મોભાને ઘટાડે પણ નહિ.

૪૯. કોઈને અલ્લાહના પુત્ર અને ભાગીદાર ન બનાવો અને પ્રવેશ તથા એકીકરણની એબ પણ ન લગાડો, અને આ સાચી માન્યતા પર રહે કે,

૫૦. છે. અને એ આબરૂદાર વ્યક્તિ માટે એના સિવાય બીજો કોઈ વંશ નથી.

૫૧. કે 'કુન' કહ્યું અને તેઓ બાપ અને વિર્ય વગર માત્ર અલ્લાહના હુકમથી જન્મ્યા.

૫૨. અને સત્ય માનો કે અલ્લાહ એક છે, પુત્ર અને ઔલાદથી પાક છે. અને તેના રસૂલોને સાચા જાણો અને એ વાતની પણ કે હઝરત ઈસા અલયહિસ્સલામ અલ્લાહના રસૂલોમાંથી છે.

૫૩. જેવી માન્યતા ખ્રિસ્તીઓની છે, જે ચોખ્ખુ કુફ્ર છે.

૫૪. કોઈ તેનો ભાગીદાર નથી.

૫૫. અને તે સર્વનો માલિક છે, અને જે માલિક હોય તે બાપ નથી હોતો.

الثُّلُثٰنِ مِمَّا تَرَكَ ۗ وَاِنْ كَانُوْٓا اِخْوَةً رِّجَالًا وَّنِسَآءً
فَلِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ ۗ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ
اَنْ تَضِلُّوْا ۗ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۱۷۶﴾

سُوْرَةُ الْمَآئِدَةِ مَدَنِيَّةٌ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَوْفُوْا بِالْعُقُوْدِ ۬ؕ اُحِلَّتْ
لَكُمْ بَهِيْمَةُ الْاَنْعَامِ اِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ غَيْرَ مُحِلِّي
الصَّيْدِ وَاَنْتُمْ حُرُمٌ ۗ اِنَّ اللّٰهَ يَحْكُمُ مَا يُرِيْدُ ﴿۱﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحِلُّوْا شَعَآئِرَ اللّٰهِ وَلَا
الشَّهْرَ الْحَرَامَ وَلَا الْهَدْيَ وَلَا الْقَلَآئِدَ وَلَآ
آٰمِّيْنَ الْبَيْتَ الْحَرَامَ يَبْتَغُوْنَ فَضْلًا مِّنْ رَّبِّهِمْ

પુરૂષ પોતાની બહેનનો વારસદાર બનશે જો બહેનને ઔલાદ ન હોય[૬૫] પછી જો બે બહેનો હોય (તો) વારસામાં તેમના બે તૃતિયાંશ. અને જો ભાઈ બહેન હોય, પુરૂષો પણ અને સ્ત્રીઓ પણ તો પુરૂષોનો ભાગ બે સ્ત્રીઓ જેટલો. અલ્લાહ તમારા માટે સ્પષ્ટ વર્ણન કરે છે કે ક્યાંક ભટકી ન જાઓ. અને અલ્લાહ દરેક વસ્તુ જાણે છે (૧૭૬)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન, રહેમવાળો (છે)**

અય ઈમાનવાળાઓ! પોતાના વચન પુરાં કરો[૬૬] તમારા માટે હલાલ થયા બેઝબાન જાનવરો, પરંતુ તે જે તમને આગળ સંભળાવવામાં આવશે[૬૭] પણ શિકાર હલાલ સમજશો નહિ જ્યારે કે તમે એહરામમાં હોવ[૬૮] બેશક! અલ્લાહ જે ચાહે (તે) હુકમ ફરમાવે છે (૧) અય ઈમાનવાળાઓ! અલ્લાહની નિશાનીઓને[૬૯] હલાલ ન ઠેરવી લો. અને ન અદબવાળા મહિનાઓને[૭૦] અને ન હરમ તરફ મોકલાએલ કુરબાનીઓને. અને ન[૭૧] જેમના ગળામાં નિશાનીઓ લટકેલી હોય[૭૨] અને ન તેમનો માલ અને આબરૂ જેઓ ઈજ્જતવાળા ઘરનો ઈરાદો કરીને આવે[૭૩]

૫૬. **શાને નુઝૂલ** :- નજરાનના ખ્રિસ્તીઓનુ એક પ્રતિનિધિમંડળ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થયું, તેમણે હુઝૂરને કહ્યું; ''તમે હઝરત ઈસાને એબ લગાડો છો કે હઝરત ઈસા અલ્લાહના બન્દા છે.'' હુઝૂરે ફરમાવ્યું; ''હઝરત ઈસા માટે એ નાનમની વાત નથી.'' ત્યારે આ આયત ઉતરી.

૫૭. અર્થાત આખેરતમાં એ ઘમંડની સજા આપશે.

૫૮. અલ્લાહની ઈબાદત કરવાથી.

૫૯. સ્પષ્ટ દલીલ એટલે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની ઝાતે ગીરામી, જેમના સત્ય હોવા પર એમના મુઅજિઝા સાક્ષી છે, અને નકાર કરનારાઓની બુદ્ધિને આશ્ચર્યમાં નાખી દે છે.

૬૦. એટલે કુરઆને પાક.

૬૧. અને જન્નત તેમજ ઊંચા દરજ્જા આપશે.

૬૨. કલાલા તેને કહે છે જે પોતાની પાછળ ન બાપ મૂકી જાય ન ઔલાદ.

૬૩. **શાને નુઝૂલ** :- હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદીયલ્લાહુ અન્હોનું કહેવું છે કે તેઓ બીમાર હતા ત્યારે રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ હઝરત સિદ્દીકે અકબરને સાથે લઈ ખબર લેવા આવ્યા. હઝરત જાબિર બેહોશ હતા, હુઝૂરે વુઝૂ ફરમાવ્યું, અને વુઝૂનું પાણી તેમના પર છાંટયું, તો હોશમાં આવ્યા, આંખ ઉઘાડીને જોયું તો હુઝૂર પધારેલા હતા, વિનંતી કરી; ''હુઝૂર! હું મારા માલની શી વ્યવસ્થા કરું?'' ત્યારે આ આયતે કરીમા ઉતરી. (બુખારી, મુસ્લિમ)

અબૂ દાવૂદની રિવાયતમાં એવું પણ છે કે હુઝૂરે હઝરત જાબિરને કહ્યું; "અય જાબિર! મારા ઈલ્મ પ્રમાણે તમારૂં મૃત્યુ આ બીમારીમાં નથી." આ હદીષથી અમુક મસઅલા જાણવા મળ્યા;

**મસઅલો** :- બુઝુર્ગોના વુઝૂનું પાણી તબર્રૂક છે. અને તેને તંદુરૂસ્તી મેળવવા વાપરવું સુન્નત છે.

**મસઅલો** :- બીમારોની ખબર લેવા જવું સુન્નત છે.

**મસઅલો** :- સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને અલ્લાહ તઆલાએ ગૈબના ઈલ્મ આપ્યા છે. તેથી જ હુઝૂરને ખબર હતી કે હઝરત જાબિરનું મૃત્યું આ બીમારીમાં નથી.

૬૪. જો તે બહેન સગી અથવા બાપ તરફથી થતી હોય.

૬૫. અર્થાત બહેન બેઔલાદ (અવલાદ ન હોવું) મરણ પામે, અને ભાઈ હોય, તો તે ભાઈ તેણીના બધા માલનો વારસદાર બનશે.

સૂરએ માઈહદ મદીના તૈયબહમાં ઉતરી, એમાંની "અલ-યવમુ અકમલ્તુ લકુમ દીનકુમ" વાળી આયત સિવાય. એ આયત અરફાના દિવસે હજ્જતુલ વિદાઅમાં ઉતરી, અને સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ખુત્બામાં એને પઢી, આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

૬૬. ઉકુદ (વચનો) ના અર્થમાં તફસીરકારોના અમુક કથના છે, ઈબ્ને જુરેરે કહ્યું છે કે; કિતાબવા-ળાઓને સંબોધન કરાયું છે, અર્થ એ છે કે અય એહલે કિતાબ મુઅમિનો! મેં પવિત્ર કિંતાબોમાં સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવવા અને આપને અનુસરવા બાબત જે તમારા પાસેથી વચનો લીધાં છે તે પુરાં કરો.

અમુક તફસીરકારોનું કહેવું છે કે મુઅમિનોને સંબોધન છે, તેમને વચનો પુરાં કરવાનો હુકમ અપાયો છે. ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું.કે, ઉકુદનો મતલબ ઈમાન અને તે વચનો છે જે હલાલ હરામ વિષે કુરઆનમાં લેવાયાં છે. અમુક મુફસ્સિરોનું કથન છે કે એનાથી મુઅમિનોના અંદરોઅંદરના કોલ કરાર મુરાદ છે.

૬૭. એટલે કે જેના હરામ હોવાનો હુકમ શરીઅતમાં આવ્યો, તે સિવાય બધા જાનવરો તમારા માટે હલાલ કરવામાં આવ્યાં.

૬૮. જમીનનો શિકાર એહરામની હાલતમાં હરામ છે, અને પાણીનો જાઈઝ છે, જેમકે આ સૂરહના અંતમાં આવશે.

૬૯. તેના દીન (ધર્મ)ની નિશાનીઓ. અર્થ એ છે કે જે વસ્તુ અલ્લાહે ફર્ઝ કરી, અને જેની મનાઈ કરી, તે તમામની મર્યાદા ધ્યાનમાં રાખો.

૭૦. હજના મહિનાઓ. જેમાં લડાઈ અજ્ઞાનયુગમાં પણ પ્રતિબંધિત હતી, અને ઈસ્લામમાં પણ એ હુકમ બાકી રહયો.

૭૧. તે કુરબાનીઓ,

૭૨. અરબના લોકો કુરબાનીઓના જાનવરોના ગળામાં હરમ શરીફના ઝાડોની છાલ વિગેરેને વણીને તેના હાર પહેરાવતા હતા, જેથી જોનાર જાણી લે કે આ હરમ તરફ મોકલાએલી કુરબાની છે, અને એને છેડછાડ ન કરે.

૭૩. હજ અને ઉમરા કરવા માટે.

**શાને નુઝૂલ** :- શરીહ બિન હિન્દ એક કુખ્યાત બદમાશ હતો, તે મદીના શરીફમાં આવ્યો. અને સરવરે

لا يحب الله ٦ — المائدة ٥

وَرِضْوَانًا ۚ وَإِذَا حَلَلْتُمْ فَاصْطَادُوا ۚ وَلَا يَجْرِمَنَّكُمْ
شَنَآنُ قَوْمٍ أَنْ صَدُّوكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ
أَنْ تَعْتَدُوا ۘ وَتَعَاوَنُوا عَلَى الْبِرِّ وَالتَّقْوَىٰ ۖ وَلَا
تَعَاوَنُوا عَلَى الْإِثْمِ وَالْعُدْوَانِ ۚ وَاتَّقُوا اللَّهَ ۖ إِنَّ
اللَّهَ شَدِيدُ الْعِقَابِ ﴿٢﴾ حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ
وَالدَّمُ وَلَحْمُ الْخِنْزِيرِ وَمَا أُهِلَّ لِغَيْرِ اللَّهِ بِهِ
وَالْمُنْخَنِقَةُ وَالْمَوْقُوذَةُ وَالْمُتَرَدِّيَةُ وَالنَّطِيحَةُ
وَمَا أَكَلَ السَّبُعُ إِلَّا مَا ذَكَّيْتُمْ وَمَا ذُبِحَ عَلَى
النُّصُبِ وَأَنْ تَسْتَقْسِمُوا بِالْأَزْلَامِ ۚ ذَٰلِكُمْ فِسْقٌ ۗ
الْيَوْمَ يَئِسَ الَّذِينَ كَفَرُوا مِنْ دِينِكُمْ فَلَا
تَخْشَوْهُمْ وَاخْشَوْنِ ۚ الْيَوْمَ أَكْمَلْتُ لَكُمْ دِينَكُمْ

પોતાના રબનો ફઝલ અને તેની ખુશી ઈચ્છતા. અને જ્યારે એહરામમાંથી નીકળો ત્યારે શિકાર કરી શકો છો.[૭૪] અને તમને કોઈ કોમની અદાવત કે તેમણે તમને મસ્જિદે હરામથી રોક્યા હતા, વધુ પડતું કરવા પ્રોત્સાહન ન આપે[૭૫] અને નેકી તેમજ પરહેઝગારી પર એક બીજાની મદદ કરો. અને ગુનાહ તેમજ વધારે પડતાં પગલાં લેવામાં અંદરોઅંદર મદદ ન આપો.[૭૬] અને અલ્લાહથી ડરતા રહો. બેશક! અલ્લાહનો અઝાબ સખ્ત છે (૨) તમારા પર હરામ છે[૭૭] મુરદાર અને લોહી, અને સુવ્વરનું માંસ. અને તે જેના ઝુબેહમાં ગૈરખુદાનું નામ પોકાર્યું હોય, અને તે જે ગળું દબાવવાથી મરે, અને ધાર વગરની વસ્તુથી મારેલું, અને જે પછડાઈને મર્યું, અને જેને કોઈ જાનવરે શિગડું માર્યું, અને જેને કોઈ પ્રાણી ખાઈ ગયું, પણ (આમાંથી) જેને તમે ઝુબેહ કરી લો. (તે હલાલ છે.) અને જે કોઈ સ્થાનક પર કપાયું (તે હરામ છે.) અને પાસા ફેંકીને વહેંચણી કરવી એ ગુનાહનું કામ છે. આજ તમારા ધર્મ તરફથી કાફિરોની આશા તૂટી ગઈ[૭૮] તો તેમનાથી ન ડરો. અને મારાથી ડરો. આજ મેં તમારા માટે તમારો ધર્મ સંપૂર્ણ કરી દીધો[૭૯] અને તમારા પર

આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થઈને કહેવા લાગ્યો કે તમે લોકોને શાનું નિમંત્રણ આપો છો? જવાબ આપ્યો; પોતાના પાલનહાર પર ઈમાન લાવવાનું, મારી રિસાલતને સત્ય સમજવાનું, નમાઝ પઢવાનું, અને ઝકાત આપવાનું. પહેલાએ કહ્યું; બહું જ સારૂ નિમંત્રણ છે, હું મારા સરદારોનો અભિપ્રાય લઈ લઉં, તો પછી હું પણ ઈમાન લઈ આવું, એટલુ કહીને ચાલ્યો ગયો.

હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેના આવતા પહેલાં જ સહાબાને ખબર આપી દીધી હતી કે, કબીલા રબીઆનો એક માણસ આવશે, જે શયતાની ભાષા બોલશે. તેના ગયા પછી હુઝૂરે ફરમાવ્યું કે; કાફિરનું મોઢું લઈને આવ્યો, અને દગાખોર તેમજ વચનભંગ કરનારની જેમ પીઠ ફેરવી ગયો. એ ઈસ્લામ સ્વીકારનાર નથી. એવું જ થયું. તેણે દગો કર્યો, અને મદીના શરીફથી નીકળતાં ત્યાંનો માલ અને જાનવરો લઈ ગયો.

ત્યાર પછીના વર્ષે વેપારનો ઘણો બધો માલ અને હજની હાર પહેરાવેલ કુરબાનીઓ લઈને યમામાના હાજીઓ સાથે હજના ઈરાદે નીકળ્યો. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પોતાના સહાબા સાથે કયાંક જઈ રહ્યા હતા. રસ્તામાં સહાબાએ શરીહને જોયો, અને જાનવરો તેના પાસેથી પાછો લવાનો ઈરાદો કર્યો. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મના ફરમાવ્યું. ત્યારે આ આયત ઉતરી કે જેની આદત એવી જ હોય તેને છેડવો નહીં.

૭૪. આ મુબાહ હોવાનું બયાન છે, કે એહરામ પછી શિકાર મુબાહ થઈ જાય છે.

૭૫. એટલે કે મક્કાવાસીઓએ રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને આપના અસ્હાબને

હુદૈબિયહના દિવસે ઠંરવા કરવાથી રોક્યા હતા. તેમના એ શત્રુતાભર્યા કામનો તમે બદલો ન લો.

૭૬. અમુક તફસીરકારોએ કહયું છે કે જેનો હુકમ કરાયો હોય તેને કરવું 'બિર' અને જેનાથી મના કરાયું હોય તેને છોડવું 'તકવો' અને જેનો હુકમ કરાયો હોય તેને ન કરવું 'ઈસ્મ' અને જેની મના કરવામાં આવી હોય તેને કરવું 'ઉદવાન' (વધુ પડતુ) કહેવાય છે.

૭૭. આયત ''ઈલ્લા મા યુતલા અલયકુમ" (આ સૂરતની શરૂઆતમાં) માં જેનો હુકમ બાકી રાખ્યો હતો, તેનું અહીં બયાન થાય છે, અને ૧૧ વસ્તુઓના હરામ હોવાનો હુકમ થયો છે;

(૧) મુરદાર; અટલે કે શરીઅતમાં જે જાનવર માટે ઝુબહનો હુકમ હોય, અને તે ઝુબેહ વગર મરી જાય તે.

(૨) વહેતું લોહી; (અર્થાત જે વહી શકતું હોય)

(૩) સુવ્વરનું માંસ અને તેના તમામ ભાગો.

(૪) તે જનાવર જેને ઝુબહ કરતી વખતે અલ્લાહ સિવાય બીજા કોઈનું નામ લીધું હોય, જેમકે અજ્ઞાનયુગના લોકો મૂર્તિઓના નામે ઝુબેહ કરતાં હતા. અને જે જનાવરને ઝુબેહ તો અલ્લાહના નામ પર કર્યું હોય પણ બીજા વખતોમાં તે ગૈરખુદા તરફ સંબંધિત રહ્યું હોય તે હરામ નથી, જેમકે અબ્દુલ્લાહની ગાય, અકીકાનો બકરો, વલીમાનું જાનવર, અથવા તે જાનવરો જેનાથી અવલિયાની અરવાહને સવાબ પહોંચાડવાનો ધ્યેય હોય, તેને ઝુબેહના સમય સિવાય અવલિયાના નામ સાથે જોડવામાં આવે, પણ તે ઝુબેહ માત્ર અલ્લાહના નામ પર જ કરાય, ત્યારે કોઈ અન્યનું નામ ન લેવાય તો હલાલ અને તૈયિબ છે. આ આયતમાં ફક્ત તેને જ હરામ કહેવાયું છે, જેના ઝુબેહ વખતે કોઈ બીજાનું નામ લેવાયું હોય. વહાબીઓ જેઓ ઝુબેહની શરત નથી રાખતા. તેઓ આયતના અર્થમાં ભૂલ કરે છે. અને તેમનું કથન તમામ વિશ્વસનીય તફસીરોની વિરુદ્ધ છે. અને આયત પોતે જ તેમના અર્થને યોગ્ય**ઠરવા** દેતી નથી. કારણ કે (આયતમાંના) ''માઉહિલ બિહી" (અને તે જાનવર જેના ઝુબેહમાં ખુદા સિવાય બીજાનું નામ લેવાયું હોય) શબ્દને ઝુબેહના સમય સાથે જોડવામાં ન આવે તો ''ઈલ્લા મા ઝક્કયતુમ" (પણ તે જાનવર જેને તમે ઝુબેહ કરો)નો અપવાદ તેને લાગુ પડશે. અને તે જાનવર જે ઝુબહના સમય સિવાય બીજા સમયમાં ગૈર ખુદાના નામ સાથે સંબંધિત રહ્યું હોય, તે ''ઈલ્લા મા ઝક્કયતુમ''થી હલાલ થશે, મતલબ કે વહાબીને આ આયત દ્વારા દલીલ કરવાનો માર્ગ નથી.

(૫) ગળું દબાવી મારી નંખાએલ જાનવર.

(૬) તે જાનવર જે લાકડી, પથ્થર, ઈંટ, ગોળી, વિગેરે ધાર વગરની વસ્તુથી મારી નખાયું હોય.

(૭) જે પડી ગઈને મરી ગયું હોય, પહાડ પરથી હોય કે કૂવામાં હોય.

(૮) તે જાનવર જેને બીજા જાનવરે શિંગડું મારીને મારી નાખ્યું હોય, પરંતુ જો આ જનાવરો મરી ગયા ન હોય અને એવું બન્યા પછી પણ જીવતાં હોય, અને પછી તમે એને કાયદેસર ઝુબેહ કરી લો, તો હલાલ છે.

(૯) તે જેને કોઈ દરીન્દા જાનવરે થોડું ખાધુ હોય, અને તે એના જખમના દુ:ખથી મરી ગયું હોય. જો જીવતુ હોય અને ઝુબેહ કરી લેવાય તો હલાલ છે.

(૧૦) તે જે કોઈ (દેવ દેવી વિગેરેના) સ્થાન પર ઈબાદત (પૂજા) ના ઈરાદે ઝુબેહ કર્યું હોય. જેમકે અજ્ઞાનયુગના લોકોએ કા'બા શરીફની ચારે બાજુ ૩૬૦ પથ્થરો ઉભા કર્યા હતા, જેમની તેઓ પૂજા કરતાં

وَأَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِي وَرَضِيتُ لَكُمُ الْإِسْلَامَ
دِينًا فَمَنِ اضْطُرَّ فِي مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ
لِإِثْمٍ فَإِنَّ اللَّهَ غَفُورٌ رَحِيمٌ ﴿٣﴾ يَسْأَلُونَكَ مَاذَا
أُحِلَّ لَهُمْ قُلْ أُحِلَّ لَكُمُ الطَّيِّبَاتُ وَمَا عَلَّمْتُمْ
مِنَ الْجَوَارِحِ مُكَلِّبِينَ تُعَلِّمُونَهُنَّ مِمَّا عَلَّمَكُمُ
اللَّهُ فَكُلُوا مِمَّا أَمْسَكْنَ عَلَيْكُمْ وَاذْكُرُوا اسْمَ
اللَّهِ عَلَيْهِ وَاتَّقُوا اللَّهَ إِنَّ اللَّهَ سَرِيعُ الْحِسَابِ ﴿٤﴾
الْيَوْمَ أُحِلَّ لَكُمُ الطَّيِّبَاتُ وَطَعَامُ الَّذِينَ أُوتُوا
الْكِتَابَ حِلٌّ لَكُمْ وَطَعَامُكُمْ حِلٌّ لَهُمْ وَالْمُحْصَنَاتُ
مِنَ الْمُؤْمِنَاتِ وَالْمُحْصَنَاتُ مِنَ الَّذِينَ أُوتُوا
الْكِتَابَ مِنْ قَبْلِكُمْ إِذَا آتَيْتُمُوهُنَّ أُجُورَهُنَّ

મારી નેઅમત પૂરી કરી દીધી.[૮૦] ને તમારા માટે ઈસ્લામને ધર્મ (તરીકે) પસંદ કર્યો[૮૧] અને જે ભૂખ તરસની સખ્તીમાં લાચાર હોય એવી રીતે કે ગુનાહ તરફ ન નમે,[૮૨] તો બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૩) અય મહબૂબ! તમને પૂછે છે કે તેમના માટે શું હલાલ થયું? તમે કહી આપો કે તમારા માટે પાક વસ્તુઓ[૮૩] હલાલ કરવામાં આવી. અને જે શિકારી જાનવર તમે કેળવી લીધાં[૮૪] તમે શિકાર પર દોડાવતાં, જે ઈલ્મ તમને ખુદાએ આપ્યું. તેમાંથી તેમને શિખવતા, તો ખાઓ તેમાંથી જે તેઓ મારીને તમારા માટે રહેવા દે[૮૫] અને તેના પર અલ્લાહનું નામ લો.[૮૬] અને અલ્લાહથી ડરતા રહો, બેશક! અલ્લાહને હિસાબ કરતાં વાર થતી નથી. (૪) આજ તમારા માટે પાક વસ્તુઓ હલાલ થઈ. અને કિતાબવાળાઓનું ખાદ્ય[૮૭] તમારા માટે હલાલ છે. અને તમારૂં જમણ તેમના માટે હલાલ છે અને મુસલમાન[૮૮] ચારિત્રશીલ સ્ત્રીઓ તેમનામાંથી જેમને તમારાથી પહેલાં કિતાબ મળી જ્યારે તમે તેણીઓને મહેર આપો, બંધનમાં લાવીને[૮૯]

હતા, અને તેમના માટે (જાનવરો) ઝુબેહ કરતાં હતા. અને એમનાથી તેમની તાઝીમ (ખુદા જેવી) અને તકર્રુબ (ઈબાદત દ્વારા નજીકી ઈચ્છવી) ની નિય્યત કરતાં હતા.

(૧૧) હિસ્સો અને હુકમ માલમ કરવા માટે પાસા નાખવા. અજ્ઞાનયુગના લોકો જ્યારે સફર અથવા લડાઈ, અથવા વેપાર, નિકાહ વિગેરે કામો કરવાના આવતાં ત્યારે તેઓ ત્રણ તીરોથી પાસા નાખતા હતા. અને જે નીકળતું તેના મુજબ કામ કરતાં હતા. અને એને અલ્લાહનો આદેશ ગણતા હતા. એ તમામની મનાઈ કરવામાં આવી.

૭૮. આ આયત હજ્જતુલ વિદાઅમાં અરફાના દિવસે જે જુમ્માનો દિવસે હતો, અસરની નમાઝ પછી ઉતરી. અર્થ એ છે કે કાફિરો ધર્મ પર ચઢી બેસવાથી નિરાશ થઈ ગયા.

૭૯. અને લાગુ થતા કાયદાઓમાં જે હલાલ હરામના આદેશો છે. તે એને કયાસ (કરવા) ના નિયમો બધા સંપૂર્ણ કરી દીધા. એટલા માટે જ આ આયત ઉતર્યા પછી હલાલ હરામનું વર્ણન કરતી બીજી કોઈ આયત ઉતરી નથી. જો કે "વત્તકુ યવમન તુરજઉન ફીહિ ઈલલ્લાહ" વાળી આયત ઉતરી. પણ એ નસીહત અને શિખામણની આયત છે.

અમુક તફસીરકારોનુ કહેવું છે કે દીન સંપૂર્ણ કરવાનો અર્થ ઈસ્લામને ચઢિયાતો કરવાનો છે. જેનો એ અસર છે કે, હજ્જતુલ વિદાઅમાં જ્યારે કે આ આયત ઉતરી ત્યારે કોઈ મુશ્રિક મુસલમાનો સાથે હજમાં ભાગ લઈ શક્યો નહીં.

એક કથન એવો અર્થ સૂચવે છે કે, 'મેં તમને શત્રુઓથી શરણાગતિ આપી' એક મંતવ્ય એવું છે કે

દીનના સંપૂર્ણ હોવાનો અર્થ એ છે કે એ પાછલી શરીઅતોની જેમ મન્સુખ નહીં થાય, અને કયામત સુધી બાકી રહેશે.

**શાને નુઝૂલ** :- બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂ પાસે એક યહૂદી આવ્યો અને કહેવા લાગ્યો કે; "અય મુઅમિનોના સરદાર! તમારી કિતાબમાં એક આયત છે જો તે અમો યહૂદીઓ પર ઉતરી હોત તો અમે તે ઉતરવાના દિવસને ઈદ તરીકે ઉજવતે." પૂછયું; "કઈ આયત ?" તેણે આજ "અલ–યવમુ અકમલ્તુ લકુમ"વાળી આયત પઢી. તેમણે કહ્યું; "હું તે દિવસને જાણું છું જેમાં એ ઉતરી હતી, અને તેના ઉતરવાના સ્થળને પણ ઓળખું છું, તે સ્થળ અરફાતનું હતું, અને દિવસ જુમ્આનો." હેતુ એ હતો કે અમારા માટે તે દિવસ ઈદનો જ દિવસ છે.

તિર્મિઝી શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાથી રિવાયત છે કે અમને પણ એક યહૂદીએ એવું જ કહ્યું હતું, ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે, જે દિવસે એ ઉતરી હતી તે દિવસે બે ઈદો હતી, જુમ્આ અને અરફો.

**મસઅલો** :- આનાથી જણાયું કે કોઈ ધાર્મિક સફળતાના દિવસે ખુશીનો દિવસ મનાવવો જાઈઝ અને સહાબાથી પુરવાર છે. નહીં તો હઝરત ઉમર અને ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમ સ્પષ્ટપણે કહી આપત કે જે દિવસે ખુશીનો બનાવ બને, તેની યાદગાર મનાવવી અને તે દિવસને ઈદ તરીકે ઉજવવો અમે બિદઅત સમજીએ છીએ. આનાથી પુરવાર થયું કે "ઈદે મિલાદ" ઉજવવી જાઈઝ છે, કારણ કે તે અલ્લાહની મહાન કૃપાઓની યાદગાર અને શુક્રગુજારી છે.

૮૦. મક્કા મુકર્રમા પર વિજય આપીને.

૮૧. કે એના સિવાય બીજો કોઈ ધર્મ સ્વીકાર્ય નથી.

૮૨. મતલબ એ છે કે ઉપર હરામ વસ્તુઓનું વર્ણન કરી આપ્યું છે. પરંતુ જ્યારે ખાવા પીવા માટે કોઈ હલાલ વસ્તુ પ્રાપ્ત થઈ શકે જ નહીં, અને ભૂખ તરસની સખ્તીથી જીવ પર આવી પડે; તેવા સમયે જીવ બચાવવા ખાતર જરૂર જેટલી ખાવા પીવાની છુટ છે. એ શરતે કે ગુનાહ તરફ ન નમે, એટલે કે જરૂરથી વધારે ન ખાય, અને જેટલું ખાવા પીવાથી જીવનો ભય મટી જાય તેટલું જ ખાવું પીવું જરૂર જેટલું ગણાશે.

૮૩. જેમનું હરામ હોવું કુરઆન હદીષ ઉમ્મતની એકમતી અને કયાસથી પુરવાર થયેલું નથી. એક મંતવ્ય એવું છે કે "તય્યિબાત" (પાક) તે વસ્તુઓ છે જેને અરબો અને લોકો પસંદ કરતાં હોય અને ખબીસ (નાપાક) તે વસ્તુઓ છે જેને સારા લોકો પસંદ ન કરતાં હોય.

**મસઅલો** :- આથી જણાયું કે કોઈ વસ્તુ માટે હરામ હોવાની દલીલ ન હોવી પણ તેના હલાલ હોવાની દલીલ છે.

**શાને નુઝૂલ** :- આ આયત અદી બિન હાતિમ અને ઝેદ બિન મુહલહલ વિષે ઉતરી, જેમનું નામ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ઝેદ અલ-ખૈર પાડયું હતું, એ બન્ને સાહેબોએ કહ્યું; "યા રસૂલલ્લાહ! અમે કૂતરા અને શકરા વડે શિકાર કરીએ છીએ, તો શું એ અમારા માટે હલાલ છે?" ત્યારે આ આયત ઉતરી.

૮૪. ભલે પછી તે પ્રાણીઓમાંથી હોય જેમ કે કૂતરો અને ચિત્તો અથવા શિકારી પક્ષીઓમાંથી હોય જેમ કે શિકરો, બાઝ વિગેરે જ્યારે એમને એ રીતે કેળવી લેવામાં આવે કે જે શિકાર કરે તેમાંથી ખાય નહિ, અને શિકારી એમને દોડાવે, ત્યારે જ શિકાર પર દોડે, જ્યારે બોલાવે ત્યારે પાછા આવી જાય. એવા શિકારી જાનવરોને 'મુઅલ્લમ' (ટ્રેઈન્ડ) કહે છે.

مُحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ وَلَا مُتَّخِذِيْٓ اَخْدَانٍ
وَمَنْ يَّكْفُرْ بِالْاِيْمَانِ فَقَدْ حَبِطَ عَمَلُهٗ وَهُوَ فِي
الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ ۝٥ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا
قُمْتُمْ اِلَى الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ وَاَيْدِيَكُمْ
اِلَى الْمَرَافِقِ وَامْسَحُوْا بِرُءُوْسِكُمْ وَاَرْجُلَكُمْ اِلَى
الْكَعْبَيْنِ ۭ وَاِنْ كُنْتُمْ جُنُبًا فَاطَّهَّرُوْا ۭ وَاِنْ كُنْتُمْ
مَّرْضٰٓى اَوْ عَلٰى سَفَرٍ اَوْ جَاۗءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَاۗىِٕطِ
اَوْ لٰمَسْتُمُ النِّسَاۗءَ فَلَمْ تَجِدُوْا مَاۗءً فَتَيَمَّمُوْا صَعِيْدًا
طَيِّبًا فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ مِّنْهُ ۭ مَا يُرِيْدُ
اللّٰهُ لِيَجْعَلَ عَلَيْكُمْ مِّنْ حَرَجٍ وَّلٰكِنْ يُّرِيْدُ
لِيُطَهِّرَكُمْ وَلِيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝٦

મસ્તી કાઢવા નહિ, અને ન પરિચિત બનાવવા.[૯૦] અને જે મુસલમાનમાંથી કાફિર થયો, તેનું કર્યું કરાવ્યું બધું નિષ્ફળ ગયું. અને આખિરતમાં ખોટવાળો છે[૯૧] (૫) અય ઈમાનવાળાઓ! જ્યારે તમે નમાઝ માટે ઉભા થવા ઈચ્છો,[૯૨] ત્યારે પોતાનું મોઢું ધુઓ, અને કોણીઓ સુધી હાથ[૯૩] અને માથાઓનો મસહ કરો[૯૪] અને ઘુંટીઓ સુધી પગ ધુઓ[૯૫] અને જો તમને નહાવાની આવશ્યકતા હોય તો ખૂબ સ્વચ્છ બની જાઓ[૯૬] અને જો તમે બીમાર હોવ, અથવા સફરમાં હોવ, અથવા તમારામાંથી કોઈ હાજતેથી આવ્યું, અથવા તમે સ્ત્રી સમાગમ કર્યો, અને આવા સમયે પાણી ન મળ્યું, તો પાક માટીથી તયમ્મુમ કરો. તો પોતાના મોઢા અને હાથોનો એનાથી મસહ કરો. અલ્લાહ નથી ઈચ્છતો કે તમારા પર કઈ તંગી મૂકે. હા! એવું ઈચ્છે છે કે તમને ખૂબ સ્વચ્છ કરી દે, અને પોતાની નેઅમત તમારા પર સંપૂર્ણ કરી દે, કે ક્યાંક તમે આભાર માનો (૬)

૮૫. અને પોતે તેમાંથી ન ખાય.

૮૬. આયતથી જે જાણવા મળે છે તેનો ટૂંકસાર એ છે કે જે માણસે કૂતરો, શિકરો વિગેરે શિકારી જાનવર શિકાર પર દોડાવ્યું, તો તેનો શિકાર અમુક શરતો સાથે હલાલ છે. (૧) શિકારી જાનવર મુસલમાનનું હોવું જોઈએ અને કેળવેલું હોવું જોઈએ (૨) તેણે શિકારને જખ્મ કરીને માર્યું હોય. (૩) શિકારી જાનવર ''બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર'' બોલીને છોડવામાં આવ્યું હોય (૪) જો શિકારીને શિકાર જીવતો મળી આવે તે તેને ''બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર'' બોલીને ઝુબેહ કરે. જો આ શરતોમાંથી એક શરત પણ રહી ગઈ તો હલાલ નહીં થાય. દા.ત. શિકારી જાનવર કેળવેલું ન હોય, અથવા તેને જખ્મ ન કર્યો હોય, અથવા શિકાર પર દોડાવતી વખતે બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર ન બોલ્યો હોય, અથવા શિકાર જિવતો મળવા છતાં તેને ઝુબેહ ન કર્યો હોય, અથવા કેળવેલા સાથે બિન કેળવેલું જાનવર શિકારમાં ભળ્યું હોય, અથવા એવું શિકારી જાનવર ભળી ગયું હોય જેને ''બિસ્મિલ્લાહે અલ્લાહો અકબર'' બોલીને ન છોડયું હોય, અથવા શિકારી જાનવર મજૂસી કાફિરનું હોય આ બધી રીતે શિકાર હરામ છે.

**મસઅલો** :- તીરથી શિકાર કરવાનો પણ એ જ હુકમ છે. જો ''બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર'' બોલીને તીર માર્યું, અને તેનાથી શિકાર જખ્મી થઈને મરી ગયો, તો હલાલ અને જો મર્યો ન હોય તો ફરી તેને ''બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર'' બોલીને ઝુબેહ કરે. જો તેના પર બિસ્મિલ્લાહ ન બોલ્યો, અથવા તીરનો જખ્મ તેને ન લાગ્યો અથવા જીવતો મળવા છતાં તેને ઝુબેહ ન કર્યો, તો એ બધી રીતે તે હરામ છે.

૮૭. અર્થાત તેમનાં ઝુબેહ કરેલાં જાનવરો.

અને યાદ કરો અલ્લાહનું એહસાન પોતાના પર[૯૭] અને તે વચન જે તેણે તમારી પાસેથી લીધું[૯૮] જ્યારે તમે કહ્યું; અમે સાંભળ્યું અને માન્યું.[૯૯] અને અલ્લાહથી ડરો, બેશક! અલ્લાહ દિલોની વાત જાણે છે (૭) અય ઈમાનવાળાઓ! અલ્લાહના આદેશો પર મક્કમ બની જાઓ, ન્યાયની સાથે સાક્ષી આપતા,[૧૦૦] અને તમને કોઈ કોમની અદાવત એના પર પ્રોત્સાહિત ન કરે કે ન્યાય ન કરો, ન્યાય કરો, તે પરહેઝગારીથી વધારે નજીક છે. અને અલ્લાહથી ડરો, બેશક! અલ્લાહને તમારા કામોની ખબર છે (૮) ઈમાનવાળા નેક કામો કરનારાઓને અલ્લાહનો વાયદો છે કે તેમના માટે માફી અને મહાન સવાબ છે (૯) ને તેઓ જેમણે કુફ્ર કર્યું, ને અમારી આયતોને જૂઠલાવી, તે જ દોઝખવાળા છે[૧૦૧] (૧૦) અય ઈમાનવાળાઓ! પોતાના પર અલ્લાહનું એહસાન યાદ કરો. જ્યારે એક કોમે ઈચ્છયું કે તમારા પર હાથ ઉગામે, ત્યારે તેણે તેમના હાથ તમારાથી રોકી લીધા[૧૦૨] અને અલ્લાહથી ડરો અને મુસલમાનોને અલ્લાહ પર જ ભરોસો



وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ وَمِيْثَاقَهُ الَّذِيْ وَاثَقَكُمْ
بِهٖٓ اِذْ قُلْتُمْ سَمِعْنَا وَاَطَعْنَا وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ
عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿٧﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا
كُوْنُوْا قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ وَلَا يَجْرِمَنَّكُمْ
شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَلَّا تَعْدِلُوْا اِعْدِلُوْا هُوَ اَقْرَبُ
لِلتَّقْوٰى وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿٨﴾
وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ
مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ﴿٩﴾ وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا
بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿١٠﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا
اذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ هَمَّ قَوْمٌ اَنْ يَّبْسُطُوْٓا
اِلَيْكُمْ اَيْدِيَهُمْ فَكَفَّ اَيْدِيَهُمْ عَنْكُمْ وَاتَّقُوا اللّٰهَ

**મસઅલો** :- મુસ્લિમ અને કિતાબીનું ઝુબેહ કરેલું હલાલ છે, તે પુરૂષ હોય કે સ્ત્રી હોય કે બાળક.

૯૮. નિકાહ કરવામાં સ્ત્રીના ચરિત્રનો ખ્યાલ રાખવો મુસ્તહબ છે. પણ નિકાહ સહીહ થવા માટે શરતરૂપ નથી,

૮૯. નિકાહ કરીને.

૯૦. અયોગ્ય રીતે મસ્તી કાઢવાનો મતલબ બેધડક વ્યભિચાર કરવાનો છે, અને પરિચિત બનાવવાનો મતલબ છુપી રીતે ઝિના કરવાનો છે.

૯૧. કારણ કે મુરતદ બનવાથી તમામ કર્મો નિષ્ફળ થઈ જાય છે.

૯૨. અને તમે વઝૂ વગરના હોવ તો તમારા પર વઝૂ ફર્ઝ છે. અને વઝૂના ફર્ઝ ચાર છે. જે આગળ વર્ણવ્યા છે.

**ફાયદો** :- સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને આપના અસ્હાબને દરેક નમાઝ માટે નવું વુઝૂ કરવાની ટેવ હતી, જો કે એક વુઝૂ વડે ઘણી નમાઝો ફર્ઝ અને નફિલ પઢી શકાય છે. પણ દરેક નમાઝ માટે અલગ વુઝૂ કરવું ઓર વધારે બરકત અને સવાબનું કારણ બને છે. અમુક તફસીરકારોનું કહેવું છે કે ઈસ્લામના ઉદય સમયમાં દરેક નમાઝ માટે નવું વઝૂ કરવું ફર્ઝ હતું. પછી એ હુકમ ઉઠાવી લેવાયો, અને જ્યાં સુધી વુઝૂ તુટે નહી ત્યાં સુધી એક જ વુઝૂથી ફર્ઝ અને નિફલ પઢવું જાઈઝ ઠર્યું.

૯૩. કહોણીઓ પણ ધોવાના હુકમમાં દાખલ છે, જેમ કે હદીષથી સાબિત છે. મોટા ભાગના ઉલમા એ જ મંતવ્ય પર છે.

જોઈએ (૧૧) અને બેશક! અલ્લાહે બની ઈસરાઈલ પાસેથી વચન લીધું,[૧૦૩] અને અમે તેમનામાં ૧૨ સરદારો નક્કી કર્યા.[૧૦૪] અને અલ્લાહે ફરમાવ્યું; બેશક! હું[૧૦૫] તમારી સાથે છું જરૂર. જો તમે નમાઝ કાયમ રાખો, અને ઝકાત આપો, અને મારા રસૂલો પર ઈમાન લાવો. અને તેમની તાઝીમ કરો, અને અલ્લાહને સારૂ કરજ આપો. (તો) બેશક! હું તમારા ગુનાહ ઉતારી દઈશ, અને જરૂર તમને બગીચામાં લઈ જઈશ, જેમની નીચે નહેરો વહે, તો એના પછી જે તમારામાંથી કુફ્ર કરે તો અવશ્ય સીધા માર્ગથી ભટકયો[૧૦૬] (૧૨) તો એમના કેવા વચનભંગો[૧૦૭] ના કારણે અમે એમના પર ફિટકાર વરસાવી, અને એમના હૃદયો સખત કરી નાખ્યાં. અલ્લાહની વાતો[૧૦૮] તે તેમના સ્થાનોએથી બદલે છે, અને ભૂલી બેઠા મોટો ભાગ તે નસીહતોનો જે એમને આપવામાં આવી.[૧૦૯] અને તમે સદા એમના કોઈને કોઈ દગાની ખબર મેળવતા રહેશો,[૧૧૦] થોડાઓ સિવાય[૧૧૧] તો એમને માફ કરી દો, ને એમને

وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿١١﴾ وَلَقَدْ اَخَذَ اللّٰهُ
مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ ۚ وَبَعَثْنَا مِنْهُمُ اثْنَيْ عَشَرَ
نَقِيْبًا ۗ وَقَالَ اللّٰهُ اِنِّيْ مَعَكُمْ ۗ لَئِنْ اَقَمْتُمُ الصَّلٰوةَ
وَاٰتَيْتُمُ الزَّكٰوةَ وَاٰمَنْتُمْ بِرُسُلِيْ وَعَزَّرْتُمُوْهُمْ وَ
اَقْرَضْتُمُ اللّٰهَ قَرْضًا حَسَنًا لَّاُكَفِّرَنَّ عَنْكُمْ سَيِّاٰتِكُمْ
وَلَاُدْخِلَنَّكُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ
فَمَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ مِنْكُمْ فَقَدْ ضَلَّ سَوَآءَ
السَّبِيْلِ ﴿١٢﴾ فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ لَعَنّٰهُمْ وَجَعَلْنَا
قُلُوْبَهُمْ قٰسِيَةً ۚ يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ ۙ وَ
نَسُوْا حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۚ وَلَا تَزَالُ تَطَّلِعُ عَلٰى
خَآئِنَةٍ مِّنْهُمْ اِلَّا قَلِيْلًا مِّنْهُمْ فَاعْفُ عَنْهُمْ وَ

૯૪. માથાના ચોથા ભાગનો મસહ ફર્ઝ છે, અને એ મુગીરાની હદીષથી સાબિત છે. એ હદીષ આ આયતનું જ બયાન કરે છે.

૯૫. આ વુઝૂનો ચોથો ફર્ઝ છે, સહીહ હદીષમાં છે કે, સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે અમુક લોકોને પગો પર મસોહ કરતાં જોયા તો મનાઈ કરી. અને અતા (મુહદ્દિષ) કસમ ખાઈને કહે છે કે અસ્હાબે રસૂલમાંથી કોઈએ વુઝૂમાં પગો પર મસહ કર્યો હોય એવું મારી જાણમાં નથી.

૯૬. **મસઅલો** :- જનાબત (જેનાથી નહાવાનું ફર્ઝ થાય છે) થી પુરેપુરી તહારત (પાકી) આવશ્યક બને છે. જનાબત કદી જાગૃત અવસ્થામાં શેહવત (વાસના) ની હાલતમાં મની કુદીને નીકળે ત્યારે છે. અને ક્યારેક ઊંઘમાં એહતેલામથી થાય છે, જેના પછી તેનો અસર મળી આવતો હોય. અને જો સ્વપ્ન તો યાદ છે પણ ભીનાશ નથી (અને સુકો ડાઘ પણ નથી) તો નહાવું વાજિબ નહીં થાય. અને કદીક જનાબત બંને માર્ગોમાંથી કોઈ એકમાં જનેન્દ્રીયનું માથુ પેસી જવાથી (સંભોગ) કરનાર કરાવનાર બંનેને થાય છે. ભલે પછી મની નીકળી હોય કે ન નીકળી હોય, આ બધી રીતે જનાબત લાગુ પડે છે. એનાથી ગુસ્લ વાજિબ બને છે.

**મસઅલો** :- હૈઝ અને નિફાસથી પણ ગુસ્લ વાજિબ થાય છે. હૈઝનો મસ્અલો સૂરએ બકરહમાં પસાર થઈ ગયો. અને નિફાસથી ગુસ્લ વાજિબ થવું ઉમ્મતની એકમતી સાબિત છે.

૯૭. કે તમને મુસલમાન બનાવ્યા.

૯૮. અકબાની રાત્રે અને બૈઅતે રિઝવાન વખતે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના હાથ પર બયઅત કરતી વેળા.

૯૯. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું દરેક ફરમાન દરેક પરિસ્થિતિમાં.

૧૦૦. એવી રીતે કે સગાઈ સંબંધ કે શત્રુતાનો કોઈ પ્રત્યાઘાત તમને ન્યાયથી હટાવી શકે નહિ.

૧૦૧. આ આયત નસ્સે કાતિઅ (તદ્દન સ્પષ્ટ) છે. એ બાબત કે હમેશાં દોઝખમાં રહેવું કાફિરો સિવાય બીજા કોઈ માટે નથી. (ખાઝિન)

૧૦૨. **શાને નુઝૂલ** :- એક સમયે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે એક જગ્યાએ પડાવ નાખ્યો. સહાબા અલગ અલગ ઝાડોના છાંયડે આરામ કરવા લાગ્યા. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે પોતાની તલવાર એક ઝાડ પર લટકાવી દીધી. એક ગામડીઓ લાગ જોઈને આવ્યો, અને સંતાઈને તલવાર લઈ લીધી, પછી તલવાર તાણીને બોલ્યો; 'અય મુહમ્મદ ! તમને મારાથી કોણ બચાવશે ?' હુઝૂરે ફર્માવ્યું; અલ્લાહ! આ કહેતાં જ હઝરત જિબ્રઇલ તલવાર તના હાથમાંથી પાડી નાખી, પછી હુઝૂરે એ તલવાર લઈને ફરમાવ્યું; 'તને મારાથી કોણ બચાવશે?' તેણે કહ્યું; 'કોઈ નહીં, હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ પૂજવા લાયક નથી, અને ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અલ્લાહના રસૂલ છે, (તફસીર અબૂ સઉદ)

૧૦૩. કે અલ્લાહની ઈબાદત કરશે. તેની સાથે બીજા કોઈને ભાગીદાર નહીં બનાવે. તવરાતના આદેશોનું પાલન કરશે.

૧૦૪. દરેક ટોળીનો એક સરદાર, જે પોતાની કોમનો જવાબદાર હોય કે તેઓ વચન પુરાં કરશે, અને હુકમને માથે ચઢાવશે.

૧૦૫. મદદ અને સહાય વડે. ★ અર્થાત તેના માર્ગમાં ખર્ચ કરો.

૧૦૬. બનાવ એવો હતો કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામને વચન આપ્યું હતું કે તેમને અને તેમની કોમને ધરતીના વારસદાર બનાવશે, જેમાં કિનૂઆની જબ્બાર રહેતા હતા. જ્યારે ફિરઔનનો નાશ થયો ત્યાર પછી હઝરત મૂસાને ખુદાઈ આદેશ મળ્યો કે બની ઈસરાઈલને પવિત્ર ધરતી તરફ લઈ જાઓ, તેને મેં તમારા માટે ઘર, અને વિશ્રાંતી બનાવી છે, ત્યાં જાઓ! અને જે શત્રુઓ ત્યાં છે તેમની સાથે ધર્મયુદ્ધ કરો, એ રીતે ૧૨ સરદારો નક્કી કરો, એમાંથી દરેક એ વાતનો જવાબદાર હોય કે તેની કોમ હુકમનો પાલન કરશે અને વચન પાળશે. હઝરત મૂસાએ સરદાર નક્કી કર્યા, અને બની ઈસરાઈલને લઈને રવાના થયા. જ્યારે અરીહા પહોંચ્યા ત્યારે પેલા સરદારોનેપરિસ્થિતિનો તાગ મેળવવા મોકલ્યા. ત્યાં તેમણે જોયું કે લોકો ખૂબ મહાકાય ઘણા તાકતવાન તંદુરુસ્ત અને દબદબા તેમજ ભપકાવાળા છે. એ લોકો તેમનાથી હેબતાઈ જઈને પાછા ફર્યા, અને આવીને પોતપોતાની કોમને બધી પરિસ્થિતિ કહી દીધી, અને તેમને એવું કરવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. પણ કાલિબ બિન યુકન્ના અને યુશઅ બિન નુન સિવાય બધાંએ જ વચન ભંગ કર્યું.

૧૦૭. કે એમણે અલ્લાહના વચનનો ભંગ કર્યો, અને મૂસા અલયહિસ્સલામ પછી આવનાર નબીઓને જૂઠલાવ્યા, અને નબીઓના ખૂન કર્યાં, કિતાબોના આદેશ વિરૂદ્ધ વર્તન કર્યું.

૧૦૮. જેમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના વખાણ અને ગુણોનું બયાન છે. અને જે તવરાતમાં વર્ણવવામાં આવ્યું છે.

૧૦૯. તવરાતમાં કે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની તાબેદારી કરે, અને એમના પર ઈમાન લાવે.

દરગુજર કરો[૧૧૨] બેશક! ઉપકારવાળાઓ અલ્લાહને પ્રિય છે (૧૩) અને તેઓ જેમણે દાવો કર્યો. કે અમે ખ્રિસ્તીઓ છીએ; અમે તેમની પાસેથી વાયદો[૧૧૩] લીધો, તો તેઓ ભૂલી બેઠા મોટો ભાગ તે નસીહતોનો જે તેમને આપવામાં આવી.[૧૧૪] તો અમે તેમની અંદર કયામતના દિવસ સુધી વેર અને કીનો નાખી દીધો[૧૧૫] અને નજીકમાં જ અલ્લાહ તેમને દેખાડી દેશે જે કંઈ કરતાં હતા[૧૧૬] (૧૪) અય કિતાબવાળાઓ![૧૧૭] બેશક! તમારી પાસે અમારા આ રસૂલ[૧૧૮] પધાર્યા, કે તમારા પર જાહેર કરે છે ઘણી વાતો જે તમે કિતાબમાં સંતાડી નાખી હતી[૧૧૯] અને ઘણી માફ કરે છે.[૧૨૦] બેશક! તમારી પાસે અલ્લાહ તરફથી એક નૂર આવ્યું[૧૨૧] અને પ્રકાશિત કિતાબ[૧૨૨] અલ્લાહ એનાથી માર્ગદર્શન આપે છે તેને જે અલ્લાહની મરજી પર ચાલ્યો સલામતીના માર્ગે, અને તેમને અંધારાઓમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. પોતાના હુકમથી, અને તેમને સીધો માર્ગ દેખાડે છે (૧૬) બેશક! કાફિર બન્યા તેઓ જેમણે કહ્યું કે; અલ્લાહ મરયમનો પુત્ર મસીહ જ છે.[૧૨૩] તમે ફરમાવી દો; પછી અલ્લાહનું કોઈ શું કરી શકે છે

المائدة ٥ — لا يحب الله ٦

اصفح ان الله يحب المحسنين ﴿١٣﴾ ومن الذين
قالوا انا نصرى اخذنا ميثاقهم فنسوا حظا مما
ذكروا به فاغرينا بينهم العداوة والبغضاء الى
يوم القيمة وسوف ينبئهم الله بما كانوا
يصنعون ﴿١٤﴾ يا هل الكتب قد جاءكم رسولنا
يبين لكم كثيرا مما كنتم تخفون من الكتب
ويعفوا عن كثير قد جاءكم من الله نور وكتب
مبين ﴿١٥﴾ يهدي به الله من اتبع رضوانه سبل
السلم ويخرجهم من الظلمت الى النور باذنه
ويهديهم الى صراط مستقيم ﴿١٦﴾ لقد كفر الذين
قالوا ان الله هو المسيح ابن مريم قل فمن

૧૧૦. કારણ કે દગો, બદ દાનત વચન ભંગ, અને રસૂલો સાથે વાયદા કરીને ફરી જવું વિગેરે એમની અને એમના બાપ દાદાઓની જુની આદત છે.

૧૧૧. જેઓ ઈમાન લાવ્યા.

૧૧૨. અને પહેલાં એમનાથી જે કંઈ થઈ ગયું તેની પકડ ન કરો.

**શાને નુઝૂલ :–** અમુક તફસીરકારોનું કહેવું છે કે આ આયત તે કૌમ વિશે ઉતરી જેમણે પ્રથમ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે વાયદો (ઈમાન સંબંધે) કર્યો, પછી તે તોડી નાખ્યો, પછી અલ્લાહ તઆલાએ પોતાના નબીને એની ખબર આપી, અને આ આયત ઉતારી એ મુજબ અર્થ એ થશે કે તેમના એ વચન ભંગથી દરગુજર કરો, જ્યાં સુધી તેઓ લડાઈ ન કરે, અને જિઝયો આપવાનો ઈન્કાર ન કરે.

૧૧૩. અલ્લાહ તઆલા અને તેના રસૂલો પર ઈમાન લાવવાનો.

૧૧૪. ઈન્જીલમાં, અને તેમણે વાયદો તોડી નાખ્યો.

૧૧૫. કતાદાએ કહ્યું કે; જ્યારે ખ્રિસ્તીઓએ અલ્લાહની કિતાબ (ઈન્જીલ) પર ચાલવાનું છોડી દીધું, અને રસૂલોના આદેશોનું ઉલ્લંઘન કર્યું, ફર્ઝો અદા ન કર્યા, ધાર્મિક સીમારેખાઓની પરવાહ ન કરી, ત્યારે અલ્લાહે તેમની વચમાં અદાવત નાખી દીધી.

૧૧૬. અર્થાત કયામતના દિવસે તેઓ પોતાની કરણીનો બદલો પામશે.

૧૧૭. ખ્રિસ્તીઓ અને યહૂદીઓ!

૧૧૮. સય્યિદે આલમ મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ.

લا يحب الله ٦ — المآئدة ٥

يَّمْلِكُ مِنَ اللّٰهِ شَيْئًا اِنْ اَرَادَ اَنْ يُّهْلِكَ الْمَسِيْحَ
ابْنَ مَرْيَمَ وَاُمَّهٗ وَمَنْ فِى الْاَرْضِ جَمِيْعًا ؕ وَلِلّٰهِ
مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ؕ يَخْلُقُ
مَا يَشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿۱۷﴾ وَقَالَتِ
الْيَهُوْدُ وَالنَّصٰرٰى نَحْنُ اَبْنٰٓؤُا اللّٰهِ وَاَحِبَّآؤُهٗ ؕ قُلْ
فَلِمَ يُعَذِّبُكُمْ بِذُنُوْبِكُمْ ؕ بَلْ اَنْتُمْ بَشَرٌ مِّمَّنْ خَلَقَ ؕ
يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَلِلّٰهِ مُلْكُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ؗ وَاِلَيْهِ الْمَصِيْرُ ﴿۱۸﴾
يٰۤاَهْلَ الْكِتٰبِ قَدْ جَآءَكُمْ رَسُوْلُنَا يُبَيِّنُ لَكُمْ عَلٰى
فَتْرَةٍ مِّنَ الرُّسُلِ اَنْ تَقُوْلُوْا مَا جَآءَنَا مِنْ ۢ بَشِيْرٍ وَّلَا
نَذِيْرٍ ؗ فَقَدْ جَآءَكُمْ بَشِيْرٌ وَّنَذِيْرٌ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ

જો તે ઈચ્છે કે નાશ કરી દે મરયમના પુત્ર મસીહ અને તેના માં અને તમામ ધરતીવાળાઓને?[124] અને અલ્લાહ માટે જ છે રાજ્ય આસ્માનો અને જમીન અને (જે કંઈ) એમની વચમાં (છે તે)નું, જે ઈચ્છે તે સર્જે છે, અને અલ્લાહ બધું જ કરી શકે છે (૧૭) અને યહૂદીઓ તેમજ ખ્રિસ્તીઓ બોલ્યા; કે અમે અલ્લાહના પુત્રો અને પ્રિય છીએ.[125] તમે કહી દો; પછી તમને શા માટે અઝાબ કરે છે તમારા ગુનાહ પર.[126] બલ્કે તમે આદમી છો તેના મખ્લૂકાતમાંથી જેને ઈચ્છે તેને માફ કરે છે, અને જેને ઈચ્છે તેને સજા કરે છે. અને અલ્લાહ માટે જ છે રાજ્ય આકાશો અને ધરતી અને એમની વચમાં (જે કાંઈ છે તે)નું. અને તેના જ તરફ જવાનું છે (૧૮) અય કિતાબવાળાઓ ! બેશક! તમારી પાસે અમારા આ રસૂલ[127] પધાર્યા, કે તમારા પર અમારા હુકમો જાહેર કરે છે, એ પછી કે રસૂલોનું આવવું મુદ્દતો બંધ રહ્યું હતું,[128] કે ક્યારેક કહો કે અમારી પાસે કોઈ ખુશી કે ડર સંભળાવનાર ન આવ્યા. તો આ ખુશી અને ડર સંભળાવનાર

૧૧૯. જેમકે આયતે રજમ, અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ગુણો, અને હુઝૂરનું એ કહી આપવું મો'જિઝો છે.

૧૨૦. અને તેનું નામ પણ લેતા નથી, ન તેની પકડ કરે છે. કારણ કે આપ એવી વસ્તુનું જ બયાન ફરમાવે છે જેમાં રહસ્ય હોય;

૧૨૧. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને નૂર કહેવામાં આવ્યા, કારણ કે આપનાથી કુફ્રનો અંધકાર દૂર થયો અને માર્ગ ખુલ્લો થયો.

૧૨૨. અર્થાત કુરઆન શરીફ

૧૨૩. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું કે; નજરાનના ખ્રિસ્તીઓ એવું બોલ્યા હતા. અને ખ્રિસ્તીઓના યઅકુબિયહ અને મલકાનિયહ ફાંટાઓનો એ મઝહબ છે કે તેઓ હઝરત મસીહને અલ્લાહ કહે છે. કારણ કે તેઓ શરીર પ્રવેશમાં માનનાર છે, અને તેમની અસત્ય માન્યતા એવી છે કે મુઆઝલ્લાહ અલ્લાહ તઆલા ઈસાના શરીરમાં પ્રવેશી ગયો છે. અલ્લાહ તઆલાએ તેમને આ આયતમાં કુફ્રનો હુકમ આપ્યો, અને ત્યાર બાદ તેમના મઝહબનું ફીસીયાપણું બયાન કર્યું.

૧૨૪. એનો જવાબ એ જ છે કે કોઈ કશું કરી શકતું નથી, તો પછી હઝરત મસીહને ખુદા કહેવું કેટલું સ્પષ્ટ અસત્ય છે.

૧૨૫. **શાને નુઝૂલ :-** સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે અહલે કિતાબ આવ્યા, અને દીન વિષે વાતચીત શરૂ કરી. હુઝૂરે તેમને ઈસ્લામનું આમંત્રણ આપ્યું, અને અલ્લાહની આજ્ઞાઓનું ઉલ્લંઘન

لا يحب الله ٦ — المآئدة ٥

شَيْءٍ قَدِيرٌ ﴿١٩﴾ وَإِذْ قَالَ مُوسَىٰ لِقَوْمِهِ يَا قَوْمِ اذْكُرُوا
نِعْمَةَ اللَّهِ عَلَيْكُمْ إِذْ جَعَلَ فِيكُمْ أَنبِيَاءَ وَجَعَلَكُم
مُّلُوكًا وَآتَاكُم مَّا لَمْ يُؤْتِ أَحَدًا مِّنَ الْعَالَمِينَ ﴿٢٠﴾
يَا قَوْمِ ادْخُلُوا الْأَرْضَ الْمُقَدَّسَةَ الَّتِي كَتَبَ اللَّهُ
لَكُمْ وَلَا تَرْتَدُّوا عَلَىٰ أَدْبَارِكُمْ فَتَنقَلِبُوا خَاسِرِينَ ﴿٢١﴾
قَالُوا يَا مُوسَىٰ إِنَّ فِيهَا قَوْمًا جَبَّارِينَ وَإِنَّا لَن نَّدْخُلَهَا
حَتَّىٰ يَخْرُجُوا مِنْهَا فَإِن يَخْرُجُوا مِنْهَا فَإِنَّا دَاخِلُونَ ﴿٢٢﴾
قَالَ رَجُلَانِ مِنَ الَّذِينَ يَخَافُونَ أَنْعَمَ اللَّهُ عَلَيْهِمَا
ادْخُلُوا عَلَيْهِمُ الْبَابَ فَإِذَا دَخَلْتُمُوهُ فَإِنَّكُمْ
غَالِبُونَ وَعَلَى اللَّهِ فَتَوَكَّلُوا إِن كُنتُم مُّؤْمِنِينَ ﴿٢٣﴾
قَالُوا يَا مُوسَىٰ إِنَّا لَن نَّدْخُلَهَا أَبَدًا مَّا دَامُوا فِيهَا

તમારી પાસે પધાર્યા છે. અને અલ્લાહને બધી કુદરત છે. (૧૯) અને જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે અય મારી કૌમ! પોતાના પર અલ્લાહનો ઉપકાર યાદ કરો કે તમારામાંથી પૈગમ્બર બનાવ્યા,[૧૨૯] અને તમને બાદશાહ બનાવ્યા,[૧૩૦] અને તમને તે આપ્યું જે આજે આખા જગતમાં કોઈને ન આપ્યું[૧૩૧] (૨૦) અય કોમ! તે પવિત્ર ધરતીમાં પ્રવેશો જે અલ્લાહે તમારી માટે લખી છે, અને પીછેહઠ ન કરો[૧૩૨] (જેથી) નુકશાનમાં પરત થાઓ (૨૧) બોલ્યા અય મૂસા! તેમાં તો મોટા જબરદસ્ત લોક છે, અને તેઓ ત્યાંથી જ્યાં સુધી નીકળી ન જાય અમે તેમાં કદાપિ પ્રવેશીશું નહિ. હા! જો તેઓ ત્યાંથી નીકળી જાય તો અમે ત્યાં જઈએ (૨૨) બે પુરૂષો જે અલ્લાહથી ડરનારાઓમાં હતા,[૧૩૩] અલ્લાહે તેમના પર કૃપા કરી[૧૩૪] (તેઓ) બોલ્યા; બળ કરીને દરવાજાથી[૧૩૫] તેમના પર પ્રવેશી જાઓ, જો તમે દરવાજામાં દાખલ થઈ ગયા, તો તમારો જ વિજય છે.[૧૩૬] અને અલ્લાહ પર જ ભરોસો રાખો જો તમને ઈમાન હોય (૨૩) બોલ્યા,[૧૩૭] અય મૂસા! અમે તો ત્યાં[૧૩૮] કદાપિ નહિ જઈએ, જ્યાં સુધી

કરવાથી તેના અઝાબથી ડરાવ્યા, ત્યારે તેમણે કહ્યું કે; ''અય મુહમ્મદ ! તમે અમને શું ડરાવો છો? અમે તો અલ્લાહના પુત્ર અને પ્રિય છીએ.'' ત્યારે આ આયત ઉતરી, અને તેમના દાવાની અસત્યતા જાહેર કરવામાં આવી.

૧૨૬. એટલે કે એ વાત તો તેમને પણ સ્વીકાર્ય છે કે ગણત્રીના દિવસો તમે જહન્નમમાં રહેશો; તો વિચારો કે કોઈ બાપ પોતાના પુત્રને કે કોઈ વ્યક્તિ પોતાના પ્રિયજનને આગમાં બાળે છે? જ્યારે એવું બનતું નથી તો પછી તમારા દાવાનું ખોટું હોવું તમારા પોતાના સ્વીકારથી જાહેર છે.

૧૨૭. મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ.

૧૨૮. હઝરત ઈસા અલયહિસ્સલામ પછી સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના સમય સુધી ૫૬૯ વરસોનો ગાળો નબીથી ખાલી રહયો એના વર્ણન પછી હુઝૂરની પધરામણીના ઉપકારનું બયાન થાય છે, કે ઘણી જ જરૂરત સમયે તમારી પાસે અલ્લાહની મહાન નેઅમત મોકલવામાં આવી. એમાં દલીલને સંપૂર્ણ કરવામાં આવી છે, અને તેમના બહાનાંને કાપી નાખવામાં આવ્યાં છે, કે હવે કહેવાનું ન રહે કે અમારી પાસે કોઈ ચેતવણી આપનાર આવ્યા નહીં.

૧૨૯. આ આયતથી સાબિત થયું કે પૈગમ્બરોની પધરામણી નેઅમત છે. અને હઝરત મૂસાએ પોતાની કોમને એ યાદ કરવાનો આદેશ આપ્યો. કારણ કે એ બરકતો અને ફળપ્રાપ્તિના કારણરૂપ છે. આનાથી મીલાદની મજલિસો બરકતો અને ફળપ્રાપ્તિનો સબબ બને છે અને એ ઈચ્છનિય અને સારી વસ્તુ છે, એવો આધાર મળે છે.

المآئدة ٥ لا يحب الله ٦

فَاذْهَبْ أَنتَ وَرَبُّكَ فَقَاتِلَا إِنَّا هَاهُنَا قَاعِدُونَ ﴿٢٤﴾
قَالَ رَبِّ إِنِّي لَا أَمْلِكُ إِلَّا نَفْسِي وَأَخِي فَافْرُقْ
بَيْنَنَا وَبَيْنَ الْقَوْمِ الْفَاسِقِينَ ﴿٢٥﴾ قَالَ فَإِنَّهَا مُحَرَّمَةٌ
عَلَيْهِمْ أَرْبَعِينَ سَنَةً يَتِيهُونَ فِي الْأَرْضِ فَلَا
تَأْسَ عَلَى الْقَوْمِ الْفَاسِقِينَ ﴿٢٦﴾ وَاتْلُ عَلَيْهِمْ نَبَأَ ابْنَيْ
آدَمَ بِالْحَقِّ إِذْ قَرَّبَا قُرْبَانًا فَتُقُبِّلَ مِنْ أَحَدِهِمَا
وَلَمْ يُتَقَبَّلْ مِنَ الْآخَرِ قَالَ لَأَقْتُلَنَّكَ قَالَ
إِنَّمَا يَتَقَبَّلُ اللَّهُ مِنَ الْمُتَّقِينَ ﴿٢٧﴾ لَئِن بَسَطتَ
إِلَيَّ يَدَكَ لِتَقْتُلَنِي مَا أَنَا بِبَاسِطٍ يَدِيَ إِلَيْكَ
لِأَقْتُلَكَ إِنِّي أَخَافُ اللَّهَ رَبَّ الْعَالَمِينَ ﴿٢٨﴾ إِنِّي
أُرِيدُ أَن تَبُوءَ بِإِثْمِي وَإِثْمِكَ فَتَكُونَ مِنْ

પેલા ત્યાં છે. તો તમે અને તમારો પરવરદિગાર જાઓ, તમે બન્ને લડો અમે અહીં બેઠા છીએ (૨૪) મૂસાએ વિનવ્યું; અય મારા પરવરદિગાર! મને અધિકાર નથી પણ મારો અને મારા ભાઈનો, તો અમને આ હુકમ ન માન-નારાઓથી દૂર રાખ[૧૩૯] (૨૫) ફરમાવ્યું તો તે ધરતી તેમના પર હરામ છે,[૧૪૦] ચાલીસ વરસ સુધી, જમીન[૧૪૧] માં ભટકતા ફરે તો તમે આ હુકમને માન ન આપનારા-ઓનો અફસોસ ન કરો (૨૬) અને એમને કહી સંભળાવો આદમના બે પુત્રોની સાચી ખબર,[૧૪૨] જ્યારે બન્નેએ એક એક ભેટ રજુ કરી તો એકની સ્વીકારાઈ અને બીજાની ન સ્વીકારાઈ, બોલ્યો; કસમ છે, તને મારી નાખીશ,[૧૪૩] કહ્યું, અલ્લાહ તેના તરફથી જ સ્વીકારે છે જેને (તેનો) ડર છે[૧૪૪] (૨૭) બેશક! જો તુ તારો હાથ મારા પર લંબાવીશ કે (જેથી) મને મારી નાખે, તો હું મારો હાથ તારા પર લંબાવીશ નહિ કે (જેથી) તને મારી નાખું[૧૪૫] હું અલ્લાહથી ડરૂં છું, જે સમગ્ર જગતનો માલિક (છે) (૨૮) હું તો તે ઈચ્છું છું કે મારો[૧૪૬] અને તારો[૧૪૭] ગુનોહ તારા

૧૩૦. અર્થાત સ્વતંત્ર અને દબદબા તેમજ નોકર ચાકરવાળા, અને ફિરઔનીઓના હાથમાં કેદી રહી ચૂક્યા બાદ તેમની ગુલામીમાંથી મુક્તિ મેળવીને એશ આરામનું જીવન મેળવવું એ મહાન નેઅમત છે.

હઝરત અબૂ સઈદ ખુદરી રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે, સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; બની ઈસરાઈલમાં જે કોઈ નોકર અને સ્ત્રી તેમજ સવારીનું સાધન ધરાવતો તે બાદશાહ કહેવાતો હતો.

૧૩૧. જેમકે દરિયામાં માર્ગ કરી આપવો, શત્રુને ડૂબાડી દેવો, મન્ન અને સલવા ઉતારવું, પથ્થરમાંથી પાણીનાં ઝરણાં વહેવડાવવાં, વાદળીનો છાંયડો આપવો વિગેરે.

૧૩૨. હઝરત મૂસા અલયહિસ્સલામે પોતાની કોમને અલ્લાહની નેઅમતોની યાદ અપાવ્યા પછી શત્રુઓ સાથે ધર્મયુદ્ધ કરવા માટે નીકળવાનો આદેશ આપ્યો, અને કહ્યું; અય કોમ! પવિત્ર ધરતીમાં પ્રવેશ કરો, તે જમીનને પવિત્ર એટલા માટે કહેવામાં આવી કે તે પૈગમ્બરોની રહેવાની જગ્યા હતી.

**મસઅલો** :- આથી જણાયું કે પૈગમ્બરોના રહેવાના કારણે જમીનનો મરતબો ઊંચો થાય છે, અને બીજાઓ માટે તે બરકતનું કારણ બને છે. કલબીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે જ્યારે હઝરત ઈબ્રાહીમ લબનાન પર્વત પર ચઢતા ત્યારે આપને કહેવામાં આવ્યું કે, જ્યાં સુધી તમારી દ્રષ્ટિ પહોંચે તે બધી જગ્યા પવિત્ર છે, અને તમારી આવતી પેઢીનો વારસો છે. આ તુરવાળી જમીન પણ તેની આજુ બાજુની હતી. અને એક મંતવ્ય એવું છે કે આખું સિરીયા દેશ.

૧૩૩. કાલિબ બિન યુકન્ના અને યુશઅ બિન નુન, જેઓ તે સરદારોમાંથી હતા જેમને હઝરત મૂસાએ

જબાબિરહ કોમનો તાગ કાઢવા મોકલ્યા હતા.

૧૩૪. હિદાયત અને વચન પાલનની સાથે તેમણે જબાબિરહની હાલત ફક્ત હઝરતે મૂસાને જ કહી, તેને જાહેર ન કરી, જ્યારે બીજા સરદારોએ વાત ફોડી કાઢી હતી.

૧૩૫. શહેરના.

૧૩૬. ''કારણ કે અલ્લાહ તઆલાએ મદદનો વાયદો કર્યો છે, અને તેનો વાયદો અવશ્ય પુરો થશે, તમે જબ્બારીનના મોટો મોટા શરીરોથી ન ડરો, અમે તેમને જોયા છે, તેમના શરીરો મોટા અને હૃદયો નાના છે.'' એ બન્નેએ જ્યારે એવું કહ્યું ત્યારે બની ઈસરાઈલ તેમના પર ખૂબ ક્રોધે ભરાયા, તેમના પર પથ્થર વર્ષા કરવાનો ઈરાદો કર્યો.

૧૩૭. બની ઈસરાઈલ

૧૩૮. જબ્બારીનના શહેરમાં

૧૩૯. અને અમને તેમની નિકટતા તેમજ મિત્રતાથી બચાવ. અથવા એ અર્થ છે કે અમારી અને એમની વચમાં ફેંસલો કરી દે.

૧૪૦. તેમાં પ્રવેશી શકશે નહિ.

૧૪૧. જમીન જેમાં તેઓ ભટકતા રહ્યા તે ૯ ફરસંગ હતી, અને કોમ છ લાખની, તેઓ પોતાની સાધન સામગ્રી સહિત આખો દિવસ ચાલ્યા કરતાં અને જ્યારે સાંજ પડતી ત્યારે પોતાને ત્યાં જ દેખતા જ્યાંથી ચાલ્યા હતા. આ તેમના માટે અલ્લાહ તરફથી સજા હતી. હઝરત મૂસા અને હારૂન તેમજ યુશઅ અને કાલિબ સિવાય, તેમની અલ્લાહ તઆલાએ સહાય કરી અને તેમના માટે સરળતા કરી આપી. જેમકે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ માટે આગને ઠંડી અને સલામત બનાવી દીધી હતી. આટલી મોટી સંખ્યાનું આટલા નાના વિસ્તારમાં ચાલીસ વરસ સુધી ફસાઈ જવું અને ત્યાંથી નીકળી ન શકવું એ મુઅજિઝો છે. જ્યારે આ જંગલમાં બની ઈસરાઈલે હઝરત મૂસા અલયહિસ્સલામને ખાવા પીવાની અને બીજી જરૂરતોની ફરિયાદ કરી ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામની દુઆથી તેમને આકાશી ખાણું મન્ન અને સલવા આપ્યું અને કપડાં તેમના શરીરોની સાથે જન્માવ્યાં જે શરીરની સાથે સાથે વધતાં હતાં. અને તૂર પહાડનો એક પથ્થર આપ્યો કે જ્યારે પડાવ નાખતા ત્યારે હઝરત મૂસા તેના પર પોતાનો અસો મારતા હતા, ત્યારે તેમાંથી બની ઈસરાઈલના ૧૨ કુટુંબો માટે પાણીના ૧૨ ઝરણાં વહી નીકળતાં હતાં, અને છાંયડો કરવા એક વાદળી મોકલી હતી, તીહ (તે મેદાનનું નામ) માં જેટલા લોકો પ્રવેશ્યા હતા તેમનામાં જે વીસ વરસથી વધારે વયના હતા તેઓ ત્યાં મરી ગયા, સિવાય યુશઅ બિન નુન અને કાલિબ બિન યુકન્ના, અને જે લોકોએ પવિત્ર ધરતીમાં પ્રવેશવાનો ઈન્કાર કર્યો હતો તેમાંથી કોઈ પ્રવેશી શક્યું નહિ. અને કહેવામાં આવ્યું છે કે હઝરત મૂસા અને હઝરત હારૂનની વફાત પણ તીહમાં જ થઈ હતી. હઝરત મૂસાની વફાત પછી ચાલીસ વર્ષે યુશઅને નુબુવ્વત આપવામાં આવી અને જબ્બારીન સાથે જિહાદ કરવાનો હુકમ આપ્યો, તેઓ વધેલા બની ઈસરાઈલને લઈને ગયા અને જબ્બારીન સાથે જિહાદ કર્યો.

૧૪૨. જેમના નામો હાબીલ અને કાબીલ હતા. આ બનાવ સંભળાવવાનો હેતુ એ છે કે એનાથી હસદની બુરાઈ માલમ પડે, અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના હસદ કરનારાઓને એનાથી બોધ ગ્રહણ કરવાની તક મળે.

જીવન વૃત્તાંતો અને ઈતિહાસના આલિમોનું બયાન છે કે હઝરત હવ્વાને દરેક હમલમાંથી એક પુત્ર

માથે જ પડે તો તું દોઝખી થઈ જાય, અને અન્યાય કરનારાઓની એ જ શિક્ષા છે (૨૯) તો તેના નફસે તેને તેના ભાઈના ખૂનનું પાણી ચઢાવ્યું, તો તેને મારી નાખ્યો. તો નુકશાનમાં રહ્યો[૧૪૮] (૩૦) તો મોકલ્યો અલ્લાહે. એક કાગડો જમીન ખોદતો જેથી તેને બતાડે કે કેવી રીતે (તે) પોતાના ભાઈની લાશ સંતાડે[૧૪૯] બોલ્યો; હત્તારીની! હું આ કાગડા જેવો પણ ન બની શક્યો, કે હું મારા ભાઈની લાશ સંતાડું, તો પસ્તાતો રહી ગયો[૧૫૦] (૩૧) આટલા કારણે અમે બની ઈસ-રાઈલ માટે લખી દીધું કે જેણે કોઈ જીવનો નાશ કર્યો જીવનાબદલા વગર, અથવા ધરતીમાં ફસાદ ફેલાવ્યો,[૧૫૧] તો જાણે કે તેણે બધા લોકોને મારી નાખ્યા[૧૫૨] અને જેણે એક જીવને જીવાડી લીધો,[૧૫૩] જાણે કે તેણે બધા લોકોને જીવાડી લીધા. અને બેશક! તમારી પાસે અમારા રસૂલ સ્પષ્ટ દલીલો સાથે આવ્યા[૧૫૴] પછી બેશક! તેમનામાં ઘણાં એ પછી ધરતીમાં વધું પડતું

المائدة ٥ — لا يحب الله ٦

أَصْحٰبِ النَّارِ ۚ وَذٰلِكَ جَزٰٓؤُا الظّٰلِمِيْنَ ﴿٢٩﴾ فَطَوَّعَتْ
لَهٗ نَفْسُهٗ قَتْلَ اَخِيْهِ فَقَتَلَهٗ فَاَصْبَحَ مِنَ
الْخٰسِرِيْنَ ﴿٣٠﴾ فَبَعَثَ اللّٰهُ غُرَابًا يَّبْحَثُ فِى الْاَرْضِ
لِيُرِيَهٗ كَيْفَ يُوَارِيْ سَوْءَةَ اَخِيْهِ ۚ قَالَ يٰوَيْلَتٰۤى
اَعَجَزْتُ اَنْ اَكُوْنَ مِثْلَ هٰذَا الْغُرَابِ فَاُوَارِيَ
سَوْءَةَ اَخِىْ ۚ فَاَصْبَحَ مِنَ النّٰدِمِيْنَ ﴿٣١﴾ مِنْ اَجْلِ
ذٰلِكَ ۛ كَتَبْنَا عَلٰى بَنِىْۤ اِسْرَآءِيْلَ اَنَّهٗ مَنْ قَتَلَ
نَفْسًا بِغَيْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِى الْاَرْضِ فَكَاَنَّمَا
قَتَلَ النَّاسَ جَمِيْعًا ۗ وَمَنْ اَحْيَاهَا فَكَاَنَّمَاۤ اَحْيَا
النَّاسَ جَمِيْعًا ۗ وَلَقَدْ جَآءَتْهُمْ رُسُلُنَا بِالْبَيِّنٰتِ
ثُمَّ اِنَّ كَثِيْرًا مِّنْهُمْ بَعْدَ ذٰلِكَ فِى الْاَرْضِ

અને એક પુત્રી અવતરતાં હતાં, અને એક હમલના છોકરા સાથે બીજા હમલની છોકરીનો નિકાહ કરવામાં આવતો હતો કારણ કે માનવજાત ફકત હઝરત આદમની ઔલાદમાં જ હતી એટલે નિકાહનો બીજો કોઈ માર્ગ હતો જ નહિ. એ નિયમના આધારે હઝરત આદમે કાબીલનો નિકાહ લુયુદા સાથે જે હાબીલ સાથે જન્મી હતી, અને હાબીલનો નિકાહ અકલીમા સાથે જે કાબિલ સાથે જન્મી હતી, કરવા ઈચ્છયો. કાબીલ એથી ખુશ ન થયો. અને અકલીમા વધુ સુંદર હોવાથી તેણીની માંગણી કરી. હઝરત આદમે કહ્યું; તેણી તારી સાથે જન્મી હોવાથી તારી બહેન છે, તેણી સાથે તારો નિકાહ હલાલ નથી, કહેવા લાગ્યો; એ તો તમારો અભિપ્રાય છે. અલ્લાહ તઆલાએ એવો હુકમ નથી કર્યો, ત્યારે હઝરત આદમે કહ્યું; તમે બન્ને કુરબાનીઓ રજુ કરો. જેની કુરબાની સ્વીકૃત થશે તે અકલીમાનો હકદાર બનશે. તે સમયમાં જે કુરબાની મકબૂલ થતી તેને આકાશમાંથી આગ આવીને ભરખી જતી હતી. કાબીલે ઘઉંનો એક ઢગલો અને હાબીલે એક બકરી કુરબાની માટે રજુ કર્યા. આકાશી આગે હાબીલની કુરબાની લઈ લીધી, અને કાબીલના ઘંઉ છોડી દીધા. તેથી કાબીલના દિલમાં હસદ અને કીનો જન્મ્યો.

૧૪૩. જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામ હજ માટે મક્કા શરીફ ગયા કાબીલે હાબીલને કહ્યું કે હું તને મારી નાખીશ, હાબીલે કહ્યું કે શા માટે? કાબીલ બોલ્યો કે; તારી કુરબાની કબૂલ થઈ અને મારી ન થઈ, તુ અકલીમાનો હકદાર ઠર્યો એમાં મારી બેઈજ્જતી છે.

૧૪૪. હાબીલના એ કથનનો મતલબ એ છે કે કુરબાની કબૂલ કરવી અલ્લાહનું કામ છે, તે પરહેઝગારોની કુરબાની કબૂલ કરે છે. તુ પરહેઝગાર હોત તો તારી કુરબાની કબૂલ થાત. એ તો તારા

لَمُسْرِفُونَ ﴿٣٢﴾ إِنَّمَا جَزَٰٓؤُا الَّذِينَ يُحَارِبُونَ اللَّهَ وَ
رَسُولَهُ وَيَسْعَوْنَ فِي الْأَرْضِ فَسَادًا أَنْ يُقَتَّلُوا
أَوْ يُصَلَّبُوا أَوْ تُقَطَّعَ أَيْدِيهِمْ وَأَرْجُلُهُمْ مِنْ
خِلَافٍ أَوْ يُنْفَوْا مِنَ الْأَرْضِ ذَٰلِكَ لَهُمْ
خِزْيٌ فِي الدُّنْيَا وَلَهُمْ فِي الْآخِرَةِ عَذَابٌ
عَظِيمٌ ﴿٣٣﴾ إِلَّا الَّذِينَ تَابُوا مِنْ قَبْلِ أَنْ تَقْدِرُوا
عَلَيْهِمْ فَاعْلَمُوا أَنَّ اللَّهَ غَفُورٌ رَحِيمٌ ﴿٣٤﴾ يَا أَيُّهَا
الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَابْتَغُوا إِلَيْهِ الْوَسِيلَةَ
وَجَاهِدُوا فِي سَبِيلِهِ لَعَلَّكُمْ تُفْلِحُونَ ﴿٣٥﴾ إِنَّ
الَّذِينَ كَفَرُوا لَوْ أَنَّ لَهُمْ مَا فِي الْأَرْضِ جَمِيعًا
وَمِثْلَهُ مَعَهُ لِيَفْتَدُوا بِهِ مِنْ عَذَابِ يَوْمِ

કરનાર છે[૧૫૫] (૩૨) તેઓ કે અલ્લાહ અને તેના રસૂલ સાથે લડતા[૧૫૬] અને દેશમાં ફસાદ કરતાં ફરે છે. તેમનો બદલો એ જ છે કે ગણી ગણીને મારી નાખવામાં આવે, અથવા સુળીએ દેવામાં આવે, અથવા તેમના એક તરફના હાથ અને બીજી તરફના પગ કાપી નાખવામાં આવે, અથવા ધરતી પરથી દૂર કરી નાખવામાં આવે. આ દુનિયામાં તેમનું અપમાન છે, અને આખિરતમાં એમના માટે મોટો અઝાબ (છે) (૩૩) પણ તેઓ જેમણે તવબહ કરી લીધી એ પહેલાં કે તમે તેમના પર કબ્જો મેળવો[૧૫૭] તો જાણી લો કે અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૩૪) અય ઈમાનવાળાઓ! અલ્લાહથી ડરો અને તેના તરફ વસીલો ઢુંઢો,[૧૫૮] અને તેની રાહમાં જિહાદ કરો, એ આશાએ કે સફળતા મેળવો (૩૫) બેશક! તેઓ જે કાફિર થયા (તો) જે કંઈ જમીનમાં છે તે બધું અને તેના જેટલું બીજુ (પણ) જો તેમની માલિકીનું હોય કે તે આપીને કયામતના અઝાબથી પોતાનો જીવ છોડવે તો તેમની પાસેથી નહિ

કર્મોનો ફળ છે, એમાં મારો શું દોષ?

૧૪૫. કે જેથી શરૂઆત મારા તરફથી થાય જો કે હું તારા કરતાં વધારે તાકતવાન અને શક્તિશાળી છું..આ એટલા માટે છે કે;

૧૪૬. એટલે કે મારા ખૂનનો.

૧૪૭. જે આનાથી પહેલાં તે કર્યો કે બાપની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, હસદ કર્યો, અને ખુદાઈ ફેંસલાને માન્ય ન રાખ્યો.

૧૪૮. અને બાઘો બની ગયો કે હવે આ લાશને શું કરે? કારણ કે ત્યાં સુધી કોઈ માણસ મૃત્યુ ન પામ્યો હતો. ઘણા દિવસો સુધી લાશને ઊંચકી ફરતો રહ્યો.

૧૪૯. બયાન કરવામાં આવ્યું છે કે બે કાગડા અંદરોઅંદર લડયા, તેમાંથી એકે બીજાને મારી નાખ્યો. પછી જે જીવતો હતો તેણે પોતાની ચાંચ અને પંજાઓ વડે જમીનમાં ખાડો કર્યો, મરેલા કાગડાને તેમાં નાખી માટીથી દબાવી દીધો. આ જોઈને કાબીલને આવડયું કે મરેલાની લાશને જમીનમાં દાટી દેવી જોઈએ, પછી તેણે પણ જમીન ખોદીને (હાબીલની લાશ) દફન કરી દીધી. (જલાલૈન, મદારિક વિ.)

૧૫૦. પોતાની બિન આવડત અને હેરાનગતી પર, અને એ પસ્તાવો ગુનોહ કરવા બદલ ન હતો કે જેથી તવબહમાં ગણાઈ જાય, અથવા પસ્તાવાનું તવબહ હોવું ઉમ્મતે મુહમ્મદીયહની વિશિષ્ટતા હોય. (મદારિક)

૧૫૧. એટલે કે નાહક ખૂન કર્યું, યાને જેનું ખૂન કર્યું હોય તેને ન તો ખૂનના બદલામાં કિસાસ તરીકે

લેવાય, અને તેમના માટે દુઃખ દાયક અઝાબ છે[૧૫૯] (૩૬) દોઝખમાંથી નીકળવા માંગશે પણ તેઓ એમાંથી નહિ નીકળે, અને તેમને કાયમી સજા છે (૩૭) અને જે પુરૂષ કે સ્ત્રી ચોર હોય[૧૬૦] તો તેમનો હાથ કાપો[૧૬૧] તેમની કરણીનો બદલો, સજા અલ્લાહ તરફથી. અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે. (૩૮) તો જે પોતાના જુલ્મ પછી તવબહ કરે અને સારો થઈ જાય તો અલ્લાહ પોતાના મહેરથી તેના તરફ ધ્યાન આપશે[૧૬૨] બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૩૯) શું તને ખબર નથી કે જમીન અને આકાશનું રાજ્ય અલ્લાહ માટે છે. સજા આપે છે જેને ઈચ્છે અને માફ કરે છે જેને ઈચ્છે અને અલ્લાહ બધું જ કરી શકે છે[૧૬૩] (૪૦) અય રસૂલ! કુફ્ર પર દોડનારાઓ[૧૬૪] તને ચિંતીત ન કરે, અમુક તેઓ જે પોતાના મોઢેથી કહે છે કે; અમે ઈમાન લાવ્યા, ને તેમના હૃદયો મુસલમાન નથી[૧૬૫] અને અમુક યહૂદીઓ જૂઠ ખૂબ સાંભળે

الْقِيٰمَةِ مَا تُقُبِّلَ مِنْهُمْ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٣٦﴾
يُرِيْدُوْنَ اَنْ يَّخْرُجُوْا مِنَ النَّارِ وَمَا هُمْ
بِخٰرِجِيْنَ مِنْهَا ۖ وَلَهُمْ عَذَابٌ مُّقِيْمٌ ﴿٣٧﴾ وَالسَّارِقُ
وَالسَّارِقَةُ فَاقْطَعُوْٓا اَيْدِيَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا
نَكَالًا مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٣٨﴾ فَمَنْ تَابَ
مِنْۢ بَعْدِ ظُلْمِهٖ وَاَصْلَحَ فَاِنَّ اللّٰهَ يَتُوْبُ عَلَيْهِ ؕ
اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٣٩﴾ اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ لَهٗ
مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يُعَذِّبُ مَنْ يَّشَآءُ
وَيَغْفِرُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَیْءٍ قَدِيْرٌ ﴿٤٠﴾
يٰٓاَيُّهَا الرَّسُوْلُ لَا يَحْزُنْكَ الَّذِيْنَ يُسَارِعُوْنَ
فِی الْكُفْرِ مِنَ الَّذِيْنَ قَالُوْٓا اٰمَنَّا بِاَفْوَاهِهِمْ وَلَمْ

માર્યા હોય ન તો શિર્ક, કુફ્ર, લૂટફાટ વિગેરે મૃત્યુ દંડ લાયક કૃત્યોના કારણે માર્યા હોય.

૧૫૨. કારણ કે તેણે અલ્લાહના હક અને શરીઅતની સીમાબંધીનો ખ્યાલ ન રાખ્યો.

૧૫૩. એવી રીતે કે કત્લ થવાથી અથવા ડૂબી મરવાથી અથવા સળગી જવાથી વિગેરે વિનાશક બાબતોથી ઉગારી લીધો.

૧૫૪. અર્થાત બની ઈસરાઈલ પાસે, સ્પષ્ટ મો'જિઝા પણ લાવ્યા અને આદેશો અને બંધારણ પણ.

૧૫૫. (તેઓ) કુફ્ર અને ખૂનામરકી કરીને હદોને ઓળંગી જાય છે.

૧૫૬. અલ્લાહ સાથે લડવું એ જ છે કે તેના અવલિયા સાથે અદાવત રાખે, જેમકે હદીષ શરીફમાં બયાન થયું છે, આ આયતમાં લૂંટારાઓની સજાનું વર્ણન થયું છે.

**શાને નુઝૂલ :-** હિ. સ. ૬ માં અરીનાના અમુક લોકો મદીના શરીફમાં હાજર થઈને ઈસ્લામ લાવ્યા, અને બીમાર થઈ ગયા, તેમનો રંગ પીળો પડી ગયો, અને પેટ વધી ગયા. હુઝૂરે હુકમ કર્યો કે સદકાનાં જે ઉંટો છે તેમનું દૂધ અને મૂત્ર બન્ને મેળવીને પીયા કરો. એવું કરવાથી તેઓ તંદુરૂસ્ત થઈ ગયા. પણ તંદુરસ્ત થયા પછી ઈસ્લામથી ફરી ગયા. અને ૧૫ ઊંટો લઈને પોતાના દેશ તરફ નાસી ગયા. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેમની પાછળ હઝરત સય્યારને દોડાવ્યા. તે લોકોએ તેમના હાથ પગ કાપી નાખ્યા અને તકલીફો આપી આપીને શહીદ કરી નાખ્યા, પછી જ્યારે તે લોકો પકડાયા ને હુઝૂરની સામે લાવવામાં આવ્યા ત્યારે તેમના માટે એ આયત ઉતરી (તફસીરે અહમદી)

૧૫૭. અર્થાત ઘરપકડ પહેલાં તવબહ કરી લેવાથી તેઓ આખિરતના અઝાબ અને લૂટફાટની સજાથી

لا يحب الله ٦ — المآئدة ٥

تُؤْمِنْ قُلُوْبُهُمْ ۚ وَمِنَ الَّذِيْنَ هَادُوْا ۚ سَمّٰعُوْنَ
لِلْكَذِبِ سَمّٰعُوْنَ لِقَوْمٍ اٰخَرِيْنَ ۙ لَمْ يَاْتُوْكَ ۗ يُحَرِّفُوْنَ
الْكَلِمَ مِنْۢ بَعْدِ مَوَاضِعِهٖ ۚ يَقُوْلُوْنَ اِنْ اُوْتِيْتُمْ
هٰذَا فَخُذُوْهُ وَاِنْ لَّمْ تُؤْتَوْهُ فَاحْذَرُوْا ۗ وَمَنْ
يُّرِدِ اللّٰهُ فِتْنَتَهٗ فَلَنْ تَمْلِكَ لَهٗ مِنَ اللّٰهِ شَيْـًٔا ۗ
اُولٰٓئِكَ الَّذِيْنَ لَمْ يُرِدِ اللّٰهُ اَنْ يُّطَهِّرَ قُلُوْبَهُمْ ۗ
لَهُمْ فِى الدُّنْيَا خِزْيٌ ۚ وَّلَهُمْ فِى الْاٰخِرَةِ عَذَابٌ
عَظِيْمٌ ﴿٤١﴾ سَمّٰعُوْنَ لِلْكَذِبِ اَكّٰلُوْنَ لِلسُّحْتِ ۗ فَاِنْ
جَآءُوْكَ فَاحْكُمْ بَيْنَهُمْ اَوْ اَعْرِضْ عَنْهُمْ ۚ وَاِنْ
تُعْرِضْ عَنْهُمْ فَلَنْ يَّضُرُّوْكَ شَيْـًٔا ۗ وَاِنْ حَكَمْتَ
فَاحْكُمْ بَيْنَهُمْ بِالْقِسْطِ ۗ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ﴿٤٢﴾

છે,[૧૬૬] બીજાલોકોનું ખૂબ સાંભળે છે[૧૬૭] જે તમારી પાસે હાજર થયા નથી. અલ્લાહની વાતોને તેમના સ્થાનો (માં બંધ બેસ્યા) પછી બદલી નાખે છે, કહે છે; આ હુકમ તમને મળે તો માનો, અને એ ન મળે તો વેગળા રહો[૧૬૮] અને જેને અલ્લાહ ભટકાવવા ઈચ્છે તો તું કદાપિ અલ્લાહ પાસે તેનું કંઈ બનાવી ન શકે. તેઓ છે કે અલ્લાહે તેમનું દિલ પાક કરવા ન ઈચ્છયું. તેમને દુનિયામાં અપમાન છે. અને તેમને આખિરતમાં મોટો અઝાબ (૪૧) મોટા જૂઠ સાંભળનાર, મોટા હરામ-ખોર[૧૬૯] તો જો તમારી સેવામાં હાજર થાય[૧૭૦] તો એમ-નામાં ફેંસલો કરો અથવા એમનાથી મોઢું ફેરવી લો.[૧૭૧] અને જો તમે એમનાથી મોઢું ફેરવી લેશો તો તેઓ તમારૂં કશું બગાડી શકશે નહિ[૧૭૨] જો તેમનો ફેંસલો કરો તો ન્યાયથી ફેંસલો કરો. બેશક! ન્યાયવાળા અલ્લાહને પસંદ છે (૪૨)

તો બચી જશે, પણ (લૂટેલો) માલ પાછો આપવો અને (જો કોઈને મારી નાખ્યો હોય તો તેનો) કિસાસ બાકી રહેશે. કારણ કે એ બન્દાઓનો હક છે. (અહમદી)

૧૫૮. જેના કારણે તમને તેની નજીકી પ્રાપ્ત થાય.

૧૫૯. અર્થાત કાફિરો માટે અઝાબ અનિવાર્ય છે, અને તેમાંથી છુટવાનો કોઈ માર્ગ નથી.

૧૬૦. અને તેની ચોરી હાકીમ સમક્ષ બે વખતની કબૂલાત અથવા બે પુરૂષોની ગવાહીથી સાબિત થાય, અને જે વસ્તુ ચોરી છે તે દસ દિરહમથી ઓછી કિંમતની ન હોય. (હદીષ)

૧૬૧. એટલે કે જમણો. કારણ કે ઈબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હૂની કિરઅતમાં "અયમાનહુમા" આવ્યું છે.

**મસઅલો** :- પહેલાં વખતની ચોરીમાં જમણો હાથ કાપવામાં આવશે. પછી બીજી વાર કરે તો ડાબો પગ એના પછી જો ચોરી કરે તો કેદ કરવામાં આવશે, જ્યાં સુધી તે તવબહ કરે.

**મસઅલો** :- ચોરનો હાથ કાપવાનો તો વાજિબ છે, અને ચોરીનો માલ જો મૌજુદ હોય તો તે પાછો આપવો પણ વાજિબ છે. અને જો તે નાશ થયો હોય તો ઝમાન (બદલો) આપવો વાજિબ નથી. (તફસીરે અહમદી)

૧૬૨. અને આખિરતના અઝાબથી એને મુક્તિ આપશે.

૧૬૩. આથી જણાયું કે અઝાબ કરવો અને મહેરબાની કરવી અલ્લાહ તઆલાની ઈચ્છાને આધિન છે. તે માલિક છે, જે ઈચ્છે તે કરે, કોઈને વાંધો ઉઠાવવાની મજાલ નથી, આથી કદરીયા અને મુઅતઝિલા

(ફિર્કાઓ) ની (માન્યતા) જૂઠી સાબિત થઈ જેઓ આજ્ઞાંકિત પર રહેમ કરવી અને ગુનેહગારને અઝાબ કરવો અલ્લાહ પર વાજિબ સમજે છે.

૧૬૪. અલ્લાહ તઆલા સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને ''યાઅય્યુહર્રસૂલ'' ના મોભાદાર સંબોધનથી ઉદ્દબોધીને તસલ્લી આપે છે કે; અય હબીબ! હું તમારો મદદગાર અને સહાયક છું મુનાફિકોના કુફ્રમાં ઉતાવળ કરવાથી અર્થાત તેઓ પોતે કાફિર છે એવી કબૂલાત કરવાથી અને કાફિરો સાથે તેમણે મિત્રતા અને સંબંધો બાંધી લીધાથી તમે રંજ ન કરો.

૧૬૫. આ તેમના નિફાક (દ્વિમુખીપણું)નું વર્ણન છે.

૧૬૬. પોતાના સરદારોનું, અને તેમના ગપાટાઓને સ્વીકારે છે.

૧૬૭. માશા અલ્લાહ! આ'લા હઝરતે તદ્દન ખરો તરજુમો કર્યો છે, આ જગ્યાએ અમુક તરજુમો કરનારાઓ અને તફસીરકારોથી ભૂલ થઈ ગઈ છે. તેમણે ''લિકવમિન'' ના ''લામ'' ને કારણ દર્શક ઠેરવીને આયતનો અર્થ એ ઘટાવ્યો કે, મુનાફિકો અને યહૂદીઓ પોતાના સરદારોની જૂઠી વાતો સાંભળે છે, અને તમારી વાત બીજી કોમ માટે કાન દઈને સાંભળે છે, જેમના તેઓ જાસૂસ છે. પણ આ અર્થ ખરો નથી, અને કુરઆનની વાક્ય રચના એની સાથે તદ્દન મેળ ખાતી નથી. બલ્કે અહીં 'લામ' 'મિન' ના અર્થમાં છે, અને મતલબ એ છે કે એ લોકો પોતાના સરદારોની જૂઠી વાતો ખૂબ સાંભળે છે, અને લોકો એટલે કે ખયબરના યહૂદીઓની વાતોને ખૂબ માને છે, જેમની હાલતનું વર્ણન આયતમાં આવી રહ્યું છે. (તફસીર અબૂ સઉદ, જુમલ વિગેરે)

૧૬૮. **શાને નુઝૂલ** :- ખૈબરના યહૂદીઓના ખાનદાન લોકોમાંથી એક પરિણીત પુરૂષ અને પરણિત સ્ત્રીએ વ્યભિચાર કર્યો. તવરાતમાં એની સજા પથ્થર મારીને મારી નાખવાની હતી. પણ એવું તેમને કરવું ન હતું. જેથી તેમણે ઈચ્છયું કે આ કેસનો ફેંસલો હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે કરાવે. એટલા માટે પેલા બન્નેને એક ટોળી સાથે મદીના શરીફ મોકલ્યાં, અને કહ્યું કે જો હુઝૂર સંગસાર કરવાનું કહે તો ન માનશો. અને એનાથી ઓછી સજા કહે તો માની લેશો, પેલા લોકો બની કુરેઝા અને બની નુદેરના યહૂદીઓ પાસે આવ્યા, અને વિચાર્યું કે આ લોકો હુઝૂરના દેશબાંધવ છે, અને હુઝૂર સાથે એમને સુલેહ પણ છે, માટે એમની ભલામણથી કામ બની જશે, અને બન્યું એવું જ કે યહૂદી સરદારોમાં કઅબ બિન અશરફ, કઅબ બિન અસદ, સઈદ બિન અમ્ર, માલિક બિન સૈફ, કુનાના બિન અબીલ હકીક વિગેરે તેમને લઈને હુઝૂરની સેવામાં હાજર થયા, અને મસઅલો પૂછ્યો. હુઝૂરે પૂછ્યું; મારો ફેંસલો માનશો? તેમણે હા પાડી, એટલે રજમની આયત ઉતરી, અને સંગસાર કરવાનો હુકમ આપવામાં આવ્યો. યહૂદીઓએ એ હુકમ માનવાનો ઈન્કાર કર્યો.

હુઝૂરે ફરમાવ્યું; તમારામાં એક યુવાન ગોરો અને એક આંખ વાળો ફિદકનો રહીશ છે જેનું નામ ઈબ્ને સુરીયા છે, તમે તેને ઓળખો છો? કહ્યું; હા જરૂર. હુઝૂરે ફરમાવ્યું, તે કેવો માણસ છે? પેલાઓએ જવાબ આપ્યું કે; આજ સમગ્ર ધરતી પર તેના જેવો કોઈ યહૂદી આલિમ નથી. તવરાતનો લાજવાબ જાણનાર છે. ફરમાવ્યુ; તેને બોલાવો. એટલે તેને બોલાવવામાં આવ્યો. જ્યારે તે આવી ગયો, ત્યારે હુઝૂરે પૂછ્યું; તુ ઈબ્ને સુરીયા છે? તેણે કહ્યું, હાં. પૂછ્યું; આ મામલામાં આની વાત માનશો? બધાએ હા પાડી. ત્યારે હુઝૂરે ઈબ્ને સુરીયાને કહ્યું કે હું તને અલ્લાહની કસમ આપુ છું જેના સિવાય કોઈ મઅબૂદ નથી. જેણે મૂસા પર તવરાત ઉતારી અને તમને લોકોને મિસરમાંથી છોડાવ્યા. તમારા માટે દરિયામાં માર્ગો બનાવ્યા, તમને છુટકારો

لا يحب الله ٦ — المائدة ٥

وَكَيْفَ يُحَكِّمُونَكَ وَعِنْدَهُمُ التَّوْرٰىةُ فِيْهَا حُكْمُ
اللّٰهِ ثُمَّ يَتَوَلَّوْنَ مِنْۢ بَعْدِ ذٰلِكَ ؕ وَمَآ اُولٰٓئِكَ
بِالْمُؤْمِنِيْنَ ﴿٤٣﴾ اِنَّآ اَنْزَلْنَا التَّوْرٰىةَ فِيْهَا هُدًى وَّنُوْرٌ ۚ
يَحْكُمُ بِهَا النَّبِيُّوْنَ الَّذِيْنَ اَسْلَمُوْا لِلَّذِيْنَ هَادُوْا
وَالرَّبّٰنِيُّوْنَ وَالْاَحْبَارُ بِمَا اسْتُحْفِظُوْا مِنْ
كِتٰبِ اللّٰهِ وَكَانُوْا عَلَيْهِ شُهَدَآءَ ۚ فَلَا تَخْشَوُا
النَّاسَ وَاخْشَوْنِ وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا
قَلِيْلًا ؕ وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ
الْكٰفِرُوْنَ ﴿٤٤﴾ وَكَتَبْنَا عَلَيْهِمْ فِيْهَآ اَنَّ النَّفْسَ
بِالنَّفْسِ ۙ وَالْعَيْنَ بِالْعَيْنِ وَالْاَنْفَ بِالْاَنْفِ
وَالْاُذُنَ بِالْاُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ ۙ وَالْجُرُوْحَ

અને તેઓ તમારી પાસે કેમ કરી ફેંસલો માંગશે? તેમની પાસે તવરાત હોવા છતાં, જેમાં અલ્લાહનો હુકમ મૌજૂદ છે.[૧૭૩] તે છતાં તેનાથી જ મોઢું ફેરવે છે.[૧૭૪] અને તેઓ ઈમાન લાવનાર નથી (૪૩) બેશક! અમે તવરાત ઉતારી તેમાં હિદાયત અને નૂર છે. એના અનુસાર યહૂદીઓને અમારા ફરમાંબરદાર નબી અને આલિમ અને ફકીહ (જાણકાર) હુકમ આપતા હતા. કારણ કે તેમની પાસેથી અલ્લાહની કિતાબની હિફા-ઝત માંગવામાં આવી હતી.[૧૭૫] અને તેઓ એના પર ગવાહ હતા. તો[૧૭૬] લોકોથી ન ડરો, અને મારાથી ડરો, અને મારી આયતોના બદલાઓમાં તુચ્છ કિંમત ન લો[૧૭૭], અને જે અલ્લાહના ઉતારેલા અનુસાર આદેશ ન આપે[૧૭૮] તે લોકો જ કાફિર છે (૪૪) અને અમે તવરાતમાં તેમના પર વાજિબ કર્યું[૧૭૯] કે પ્રાણ ના બદલે પ્રાણ[૧૮૦] અને આંખના બદલે આંખ અને નાક ના બદલે નાક અને કાનના બદલે કાન અને દાંતના

આપ્યો. ફિરઔનને ડુબાડયો. તમારા માટે વાદળોનો છાયડો બનાવ્યો. મન્ન ને સલ્વા ઉતાર્યાં. પોતાની કિતાબ ઉતારી જેમાં હલાલ અને હરામનું બયાન છે. શું તમારી કિતાબમાં વ્યભિચારી પરણિત સ્ત્રી પુરૂષ માટે સંગસારનો હુકમ છે? ઈબ્ને સુરીયાએ કહ્યું, બેશક છે! અને તમે જે કહયું તેવા પ્રકારમાંથી કોઈ અઝાબ નાઝિલ થવાનો ભય ન હોત તો હું સ્વીકાર ન કરત, અને જૂઠ બોલી દેત, પણ એ કહો કે તમારી કિતાબમાં એનો શું હુકમ છે? ફરમાવ્યું, જ્યારે ચાર પરહેઝગાર વિશ્વાસપાત્ર ગવાહોની ગવાહીથી સ્પષ્ટ રીતે ઝિના સાબિત થઈ જાય, તો સંગસાર કરવું વાજિબ થઈ જાય છે, ઈબ્ને સુરીયાએ કહ્યું; ખુદાના સોગંદ! આ પ્રમાણે જ તવરાતમાં છે, હુઝૂરે સુરીયાને પૂછ્યું કે અલ્લાહના હુકમમાં ફેરફાર કઈ રીતે થયું? તેણે કહ્યું કે અમારો નિયમ એવો હતો કે અમે કોઈ મોટા માણસને પકડતા તો છોડી દેતા અને ગરીબને સજા કરતાં હતા. જેથી આગળ પડતા લોકોમાં વ્યભિચાર ખૂબ ફેલાઈ ગયો, એટલા સુધી કે એક દિવસ બાદશાહના પિત્રાઈ ભાઈએ ઝિના કર્યો, પણ અમે તેને સંગસાર ન કર્યો, પછી બીજા એક માણસે તેના કુટુંબની એક સ્ત્રી સાથે ઝિના કર્યો, ત્યારે બાદશાહે તેને સંગસાર કરવાનો ઈરાદો કર્યો, તેનો કબીલો ઉઠયો અને કહ્યું કે જ્યાં સુધી બાદશાહના પિત્રાઈ ભાઈને સંગસાર ન કરાય ત્યાં સુધી એને સંગસાર કદાપિ કરવામાં નહીં આવે. ત્યારે અમે બધા ભેગા થઈને ગરીબ કે અમીર બધા માટે સંગસારની બદલે ચાલીસ કોરડાની સજા નક્કી કરી. અને તેનું મોઢું કાળુ કરી ગધેડા પર બેસાડી ફેરવવામાં આવતો.

આ સાંભળી યહૂદીઓ ઈબ્ને સુરીયાને લડવા લાગ્યા કે તેં બહુ ઉતાવળે હુઝૂરને બધું કહી દીધું, અને અમે તારી જેટલી તારીફ કરી તેને તું લાયક નથી, ઈબ્ને સુરીયાએ કહ્યું; હુઝૂરે મને તવરાતની કસમ આપી.

જો મને અઝાબ ઉતરવાનો ડર ન હોત તો હું આપને ખબર ન આપત. ત્યાર બાદ હુઝૂરના હુકમથી તે બન્ને ઝિનાકારોને સંગસાર કરાયા, અને આ આયત ઉતરી. (ખાઝિન)

૧૬૯. આ શબ્દો યહૂદીઓના હાકેમો માટે છે જેઓ લાંચ લઈને હરામને હલાલ કરી નાખતા અને શરીઅતના હુકમોને બદલી નાખતા હતા.

**મસઅલો** :- લાંચ લેવી અને આપવી બન્ને હરામ છે. હદીષ શરીફમાં લાંચ લેનાર અને દેનાર બન્ને પર લઅનત આવેલી છે.

૧૭૦. એટલે કે એહલે કિતાબ.

૧૭૧. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને અધિકાર આપવામાં આવ્યો કે જો અહલે કિતાબ તમારી પાસે કોઈ કેસ લાવે તો આપને અધિકાર છે કે ફેંસલો કરો, કે ન કરો. અમુક તફસીરકારોનું કહેવું છે કે આ અધિકાર ''વઈન હકમ્ત બયનહુમ બિલ કિસ્ત'' વાળી આયતથી મન્સૂખ થઈ ગયો. ઈમામ અહમદે ફરમાવ્યું કે આ આયતોમાં કશો વિરોધાભાસ નથી. કારણ કે આ આયતથી અધિકાર સાબિત થાય છે, અને ''વઈન હકમ્ત'' વાળી આયતમાં ફેંસલો કેવો કરવો તેનું બયાન છે. (ખાઝિન, મદારિક, વિગેરે)

૧૭૨. કારણ કે અલ્લાહ તઆલા આપનો નિગેહબાન છે.

૧૭૩. કે પરણિત સ્ત્રી પુરૂષના ઝિનાની સજા સંગસાર કરવાની છે.

૧૭૪. અને તવરાત પર ઈમાન ધરાવવાના દાવેદાર પણ છે અને એમને એ પણ ખબર છે કે તવરાતમાં સંગસારનો હુકમ છે. તેને ન માનવો અને આપની નબુવ્વતનો ઈન્કાર કરવા છતાં આપની પાસે ફેંસલો કરાવવો એ ઘણી જ આશ્ચર્યજનક વાત છે.

૧૭૫. કે એને પોતાના સીનાઓમાં જાળવી રાખે, અને એની તાલીમમાં લાગેલા રહે, જેથી તે કિતાબ ભૂલી ન જવાય, અને એના આદેશો એળે ન જાય. (ખાઝિન)

**મસઅલો** :- આ આયતમાં જે કહેવામાં આવ્યું છે કે પહેલાંના નબીઓ તવરાત અનુસાર હુકમ આપતા હતા. તો એનાથી સાબિત થયું કે પહેલાંની શરીઅતોમાં જે હુકમ અલ્લાહ અને રસૂલે બયાન કર્યા, અને આપણને તે છોડી દેવાનો હુકમ ન મળ્યો હોય, અને મન્સૂખ પણ ન થયા હોય, તેવા હુકમો આપણને લાગુ પડે છે. (જુમલ, અબૂ સઉદ)

૧૭૬. અય યહૂદીઓ! તમે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ગુણો તેમજ વખાણ તેમજ સંગસારીનો જે હુકમ તવરાતમાં વર્ણવાએલ છે તેને જાહેર કરવામાં,

૧૭૭. અર્થાત ઈલાહી આદેશોમાં હેરફેર કરવાની કોઈ પણ રીતે મનાઈ છે, લોકોના ડર અને તેમની નારાજીના કારણે હોય કે પછી માલ, મરતબો કે રૂશ્વતની લાલચમાં હોય.

૧૭૮. તેનો નકાર કરીને. (જેમકે ઈબ્ને અબ્બાસે કહ્યું છે)

૧૭૯. આ આયતમાં જો કે એનું વર્ણન છે કે તવરાતમાં યહૂદીઓ પર બદલો લેવાના આવા હુકમો હતા, પણ આપણને એ છોડી દેવાનો આદેશ મળ્યો નથી તેથી આપણા પર એ હુકમો લાગુ પડશે. કારણ કે આગલી શરીઅતોના જે હુકમો અલ્લાહ અને રસૂલના બયાનથી આપણને મળે, અને તે મન્સૂખ ન થયા હોય તે આપણા પર લાગુ પડે છે, જેવું કે ઉપરની આયતથી સાબિત થયું.

૧૮૦. એટલે કે જો કોઈએ કોઈને મારી નાખ્યો તો તેનો જીવ મરાઇ ગએલાના જીવને બદલે લેવામાં આવશે. મરાઇ ગયેલ પુરૂષ હોય કે સ્ત્રી, સ્વતંત્ર હોય કે ગુલામ, મુસ્લિમ હોય કે ઝિમ્મી.

المآئدة ٥ — لا يحب الله ٦

قِصَاصٌ ۚ فَمَنْ تَصَدَّقَ بِهٖ فَهُوَ كَفَّارَةٌ لَّهٗ ۚ وَمَنْ لَّمْ
يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٤٥﴾
وَقَفَّيْنَا عَلٰٓى اٰثَارِهِمْ بِعِيْسَى ابْنِ مَرْيَمَ مُصَدِّقًا
لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ ۪ وَاٰتَيْنٰهُ الْاِنْجِيْلَ
فِيْهِ هُدًى وَّنُوْرٌ ۙ وَّمُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ
مِنَ التَّوْرٰىةِ وَهُدًى وَّمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ﴿٤٦﴾
وَلْيَحْكُمْ اَهْلُ الْاِنْجِيْلِ بِمَآ اَنْزَلَ اللّٰهُ فِيْهِ ۚ وَ
مَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ
الْفٰسِقُوْنَ ﴿٤٧﴾ وَاَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ
مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ الْكِتٰبِ وَمُهَيْمِنًا
عَلَيْهِ فَاحْكُمْ بَيْنَهُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ وَلَا تَتَّبِعْ

બદલે દાંત અને જખ્મોમાં (પણ) બદલો છે[૧૮૧] પછી જે હૃદયપૂર્વક બદલો કરાવી દે તો તે (અલ્લાહ) તેનો ગુનોહ ઉતારી દેશે.[૧૮૨] અને જે અલ્લાહના ઉતાર્યા અનુસાર આદેશ ન આપે તો તે લોકો જ જુલ્મી છે (૪૫) અને અમે તે નબીઓની પાછળ તેમના પગલે પગલે મરયમના પુત્ર ઈસાને લાવ્યા, તવરાતને સત્ય ઠેરવતા જે એમની પહેલાં હતી.[૧૮૩] અને અમે તેને ઈન્જીલ આપી જેમાં હિદાયત અને નૂર છે, અને તવરાત ને સત્ય ઠેરવે છે જે એનાથી પહેલા હતી. અને માર્ગદર્શન તેમજ નસીહત પરહેઝગારોને (૪૬) અને જોઈએ કે ઈન્જીલવાળાઓ[૧૮૪] તે મુજબ આદેશ આપે જે અલ્લાહે તેમાં ઉતાર્યું.[૧૮૫] અને જે અલ્લાહના ઉતાર્યા પ્રમાણે આદેશ ન આપે તો તે લોકો જ ફાસિક છે (૪૭) અને અય મહબૂબ! અમે તમારી તરફ સાચી કિતાબ ઉતારી આગલી કિતાબોને સત્ય ઠેરવતી[૧૮૬] અને તેમના માટે રક્ષક અને સાક્ષી, તો તેમનામાં અલ્લાહના ઉતારેલાથી ફેંસલો કરો.[૧૮૭] અને અય સાંભળનાર!

શાને નુઝૂલ :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂ કહે છે કે પુરૂષને સ્ત્રીના બદલામાં મારતા ન હતા, તેથી આ આયત ઉતરી. (મદારિક)

૧૮૧. અર્થાત સરખાપણાનો ખ્યાલ રાખવો જરૂરી છે.

૧૮૨. અર્થાત જે ખૂની અથવા ગુન્હો કરનાર પોતાના ગુન્હા પર શરમીંદા થઈને ગુનાહના પરિણામ (અઝાબ) થી બચવા ખાતર રાજી ખુશી પોતાની ઉપર શરીઅતનો આદેશ લાગુ કરાવશે તો એ બદલો તેના ગુનાહનો કફ્ફારો બની જશે અને આખિરતમાં તેના પર અઝાબ નહિ થાય. (જલાલૈન અને જુમલ)

અમુક મુફસ્સિરોએ એનો મતલબ એવો કહ્યો છે કે કિસાસ (બદલા) નો હકદાર કિસાસ માફ કરી દેશે તો એ માફી તેના માટે કફ્ફારો છે. (મદારિક)

તફસીરે અહમદીમાં છે કે આ તમામ બદલાના હુકમો તે જ સમયે લાગુ થશે જ્યારે બદલો લેવાનો હકદાર માફ ન કરે, જો તે માફ કરી દેશે તો કિસાસ ઉતરી જશે.

૧૮૩. તવરાતના અહકામના પછી ઈન્જીલના અહકામોની ચર્ચા શરૂ થઈ, અને બતાડવામાં આવ્યું કે હઝરત ઈસા અલયહિસ્સલામ તવરાતને સત્ય ઠેરવનાર હતા, કારણ કે તે અલ્લાહ તરફથી ઉતારવામાં આવી છે. અને મન્સુખ થયા પહેલાં તેના પર અમલ કરવો વાજિબ હતો, હઝરત ઈસા અલયહિસ્સલામની શરીઅતમાં તેના અમુક હુકમો મન્સુખ થયા.

૧૮૪. આ આયતમાં ઈન્જીલ માટે 'હુદન'નો શબ્દ બે વખતે વપરાયો છે. પહેલી જગ્યાએ એનો અર્થ એ થાય છે કે એ ગુમરાહી અને અજ્ઞાનતાથી બચાવે છે, અને બીજી જગ્યાએ એનાથી સૈય્યદે અમ્બિયા હબીબે

اهوآءهم عما جآءك من الحق لكل جعلنا منكم
شرعة ومنهاجا ولو شآء الله لجعلكم امة
واحدة ولكن ليبلوكم في مآ اتىكم فاستبقوا الخيرت
الى الله مرجعكم جميعا فينبئكم بما كنتم فيه
تختلفون ﴿٤٨﴾ وان احكم بينهم بمآ انزل الله ولا
تتبع اهوآءهم واحذرهم ان يفتنوك عن منزل ٢
بعض مآ انزل الله اليك فان تولوا فاعلم انما
يريد الله ان يصيبهم ببعض ذنوبهم وان
كثيرا من الناس لفسقون ﴿٤٩﴾ افحكم الجاهلية
يبغون ومن احسن من الله حكما لقوم
يوقنون ﴿٥٠﴾ يايها الذين امنوا لا تتخذوا اليهود و ع

તેમની મનેચ્છાઓને ન અનુસરીશ પોતાની પાસે આવેલું સત્ય છોડીને અને તમારા બધા માટે એક એક શરીઅત ને માર્ગ બનાવ્યો[188] અને અલ્લાહ ધારત તો તમને બધાંને એક જ ઉમ્મત બનાવી દેત, પણ હેતુ એ છે કે જે કંઈ તમને આપ્યું તેમાં તમને અજમાવે[189] તો ભલાઈઓ તરફ ઉતાવળ ઈચ્છો, તમારા બધાનું પરત થવું અલ્લાહ તરફ જ છે; તો જે વાતમાં તમે ઝગડતા હતા તે તમને બતાવી દેશે (૪૮) અને એ કે અય મુસલમાન! અલ્લાહના ઉતારેલા મુજબ આદેશ આપ, અને તેમની મનેચ્છાઓ પર ન ચાલ અને તેમનાથી બચતો રહે કે ક્યાંક તને ભૂલથાપ ન આપે કોઈ હુકમમાં જે તારી તરફ ઉતર્યો. પછી જો તેઓ મોઢું ફેરવે[190] તો જાણી લો કે અલ્લાહ તેમના અમુક ગુનાહો[191] ની સજા તેમને આપવા માંગે છે.[192] અને બેશક! ઘણા માણસો અનાજ્ઞાંકિત છે (૪૯) તો શું અજ્ઞાનયુગનો આદેશ ચાહો છો[193] અને શ્રદ્ધાળુઓ માટે અલ્લાહથી ઉત્તમ કોનો આદેશ? (૫૦) અય ઈમાનવાળાઓ! યહૂદીઓ અને નસરાનીઓને મિત્ર ન બનાવો.[194] તેઓ

કીબ્રિયા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની પધરામણીની ખુશખબર મુરાદ છે, જે હુઝૂર સલ્લલ્લાહો અલયહ્ વસલ્લમની નબુવ્વત તરફ લોકોને માર્ગદર્શનનું કારણ રૂપ છે.

૧૮૫. એટલે સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવવાનો અને આપની નબુવ્વતને સત્ય ઠેરવવાનો હુકમ.

૧૮૬. જે એનાથી પહેલાં બીજા નબીઓ પર ઉતરી.

૧૮૭. અર્થાત જ્યારે કિતાબવાળાઓ પોતાના કેસો તમારી પાસે લાવે ત્યારે આપ કુરઆન મજીદથી ફેંસલો કરો.

૧૮૮. એટલે કે શાખાઓ અને કાર્યો (આમાલ) દરેકના અલગ અલગ છે, પણ મૂળ દીન બધાનો એક છે. હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે ઈમાન હઝરત આદમ અલયહિસ્સલામના સમયથી બધાનું આજ છે, કે "લાઈલાહ ઈલ્લલ્લાહ" ની ગવાહી. અને જે કંઈ અલ્લાહ તરફથી આવ્યું હોય તેને માનવું. પણ શરીઅત અને માર્ગ દરેક ઉમ્મતનો અલગ છે.

૧૮૯. અને પરિક્ષામાં નાખે જેથી જાહેર થઈ જાય કે દરેક સમય અનુસાર જે આદેશો આપ્યા તેના પર શું તમે એવી શ્રદ્ધા સાથે અમલ કરો છો કે એ (અહકામ) નો ફેરફાર અલ્લાહની મરજી, અમાપ રહસ્યો અને દીન તેમજ દુનિયાની ભલાઈઓ પર આધારિત છે, કે પછી સત્યને છોડીને મનેઈચ્છાઓની પાછળ દોડો છો. (તફસીરે અબૂસ્સઉદ)

૧૯૦. અલ્લાહના ઉતારેલા આદેશથી.

النَّصٰرٰۤى اَوْلِيَآءَ ۘ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ؕ وَ مَنْ يَّتَوَلَّهُمْ
مِّنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ
الظّٰلِمِيْنَ ﴿۵۱﴾ فَتَرَى الَّذِيْنَ فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ يُّسَارِعُوْنَ
فِيْهِمْ يَقُوْلُوْنَ نَخْشٰٓى اَنْ تُصِيْبَنَا دَآئِرَةٌ ؕ فَعَسَى
اللّٰهُ اَنْ يَّاْتِىَ بِالْفَتْحِ اَوْ اَمْرٍ مِّنْ عِنْدِهٖ فَيُصْبِحُوْا
عَلٰى مَآ اَسَرُّوْا فِىْۤ اَنْفُسِهِمْ نٰدِمِيْنَ ﴿۵۲﴾ وَ يَقُوْلُ الَّذِيْنَ
اٰمَنُوْۤا اَهٰۤؤُلَآءِ الَّذِيْنَ اَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ ۙ
اِنَّهُمْ لَمَعَكُمْ ؕ حَبِطَتْ اَعْمَالُهُمْ فَاَصْبَحُوْا خٰسِرِيْنَ ﴿۵۳﴾
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَنْ يَّرْتَدَّ مِنْكُمْ عَنْ دِيْنِهٖ
فَسَوْفَ يَاْتِى اللّٰهُ بِقَوْمٍ يُّحِبُّهُمْ وَ يُحِبُّوْنَهٗۤ ۙ اَذِلَّةٍ
عَلَى الْمُؤْمِنِيْنَ اَعِزَّةٍ عَلَى الْكٰفِرِيْنَ يُجَاهِدُوْنَ

منزل ٢

અંદરો અંદર એકબીજાના મિત્રો છે.[૧૯૫] અને તમારામાં જે કોઈ તેમની સાથે મિત્રતા રાખશે તે તેમનામાંથી જ છે[૧૯૬] બેશક! અલ્લાહ અન્યાય કરનારાઓને માર્ગ આપતો નથી[૧૯૭] (૫૧) હવે તમે તેમને જોશો જેમના દિલોમાં રોગ છે[૧૯૮] કે (તેઓ) યહૂદીઓ અને નસરાનીઓ તરફ દોડે છે. કહે છે કે; અમે ડરીએ છીએ કે (ક્યાંક) અમારા પર કોઈ આફત આવી પડે[૧૯૯] તો નજીક છે કે અલ્લાહ ફતેહ લાવે,[૨૦૦] યા પોતાની તરફથી કોઈ હુકમ.[૨૦૧] પછી (તેમણે) પોતાના હૃદયોમાં જે સંતાડયું હતું[૨૦૨] તેના પર પસ્તાતા રહી જાય (૫૨) અને[૨૦૩] ઈમાનવાળાઓ કહે છે કે; શું આ તે જ (લોકો) છે જેમણે પોતાના સોગંદમાં પુરા પ્રયત્નથી અલ્લાહની કસમ ખાધી હતી કે તેઓ તમારી સાથે છે? તેમનું કર્યું કારવ્યું બધું બેકાર ગયું. તો નુકશાનમાં રહી ગયા[૨૦૪] (૫૩) અય ઈમાનવાળાઓ! તમારામાંથીજે કોઈ પોતાના ધર્મથી ફરી જશે[૨૦૫] તો નજીકમાં જ અલ્લાહ એવા લોક લાવશે કે જે અલ્લાહને પ્રિય અને અલ્લાહ તેમને વહાલો (હશે), અલ્લાહના માર્ગમાં લડશે, અને કોઈ બુરૂ ભલુ બોલનારની બકવાસને ધ્યાનમાં

૧૯૧. જેમાં આ (મોઢું ફેરવવું) પણ (સમાવિષ્ટ) છે.

૧૯૨. દુનિયામાં મારી કઢાવી અને કેદી તરીકે પકડાવી તથા દેશ નિકાલ કરીને. અને આખિરતમાં તમામ ગુનાહોની સજા આપશે.

૧૯૩. જે તદ્દન ગુમરાહી અને અત્યાચાર તેમજ અલ્લાહના આદેશ વિરુદ્ધ હતો.

**શાને નુઝૂલ** :- યહૂદીઓના બે કબીલા બની નૂદેર અને કુરેઝા નામના હતા. તેમનામાં અંદરોઅંદર ખૂનામરકી ચાલુ રહેતી હતી, જ્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મદીના શરીફમાં પધાર્યા ત્યારે એ લોકો પોતાનો કેસ લઈને આપની સેવામાં હાજર થયા, બની કુરેઝાવાળાઓએ કહ્યું; બની નૂદેર અમારા ભાઈઓ છે. અમે અને તેઓ એક જ પૂર્વજની ઔલાદ છીએ. એક જ ધર્મ પાળીએ છીએ એક જ કિતાબ (તવરાત)ને માનીએ છીએ. જ્યારે બની નૂદેર અમારામાંથી કોઈને મારી નાખે છે ત્યારે તેના ખૂનના બદલારૂપે અમને ૭૦ વસક (ત્યારનું એક માપ) ખજૂર આપે છે. જ્યારે અમારામાંથી કોઈ એમના માણસને મારી નાખે છે ત્યારે અમારી પાસેથી તેના ખૂનના બદલારુપે ૧૪૦ વસક લે છે. માટે આપ એનો ફેંસલો કરી દો.

હુઝૂરે ફરમાવ્યું; 'હું હુકમ કરું છું કે નૂદેરી અને કરઝી બન્નેનું લોહી સમકક્ષ છે, કોઈને બીજા પર શ્રેષ્ઠતા નથી.

ત્યારે બની નૂદેર ક્રોધે ભરાયા અને બોલ્યા; અમે તમારા ફેંસલાથી રાજી નથી, તમે અમારા દુશ્મન છો, અને અમને નીચું જોવડાવવા માંગો છો.

ત્યારે આ આયત ઉતરી અને ફરમાવવામાં આવ્યું કે શું અજ્ઞાન યુગની ગુમરાહી અને જુલ્મનો હુકમ ઈચ્છો છો?

૧૯૪. **મસઅલો** :- આ આયતમાં યહૂદીઓ અને નસરાનીઓ સાથે મિત્રતા અને કોલકરાર અર્થાત તેમને મદદ કરવી કે તેમની મદદ લેવી અને તેમની સાથે મોહબ્બતના સંબંધો રાખવાની મનાઈ કરવામાં આવી આ હુકમ આમ (દરેક સમય લાગુ પડતો) છે. જો કે આયત એક ખાસ બનાવ સમયે ઉતરી હતી.

**શાને નુઝૂલ** :- આ આયત હઝરત ઉબાદા બિન સામિત સહાબી અને અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલુલ વિષે ઉતરી, જે મુનાફિકોનો સરદાર હતો.

હઝરત ઉબાદા રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું કે; યહૂદીઓમાં મારા ઘણાં મિત્રો છે. જેઓ ખૂબ શક્તિશાળી અને દબદબાવાળા છે. પણ હવે હું તેમની મિત્રતાથી બેઝાર છું. અને અલ્લાહ તથા રસૂલની મહોબ્બત સિવાય હવે મારા દિલમાં કોઈની મહોબ્બતની ગુંજાઈશ નથી.

ત્યારે અબ્દુલ્લાહ બિન ઉબૈએ કહ્યું કે; હું તો યહૂદીની મિત્રતા છોડી શકતો નથી, મને આગળ આવનાર તાંડવોની બ્હીક છે, જેથી મારે તેમની સાથે સંબંધો રાખવા અનિવાર્ય છે.

હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેને ફરમાવ્યું; 'યહૂદીઓ સાથે મિત્રતા રાખવી એ તારું જ કામ છે, ઉબેદાનું એ કામ નથી' ત્યારે આ આયત ઉતરી. (ખાઝિન)

૧૯૫. આથી ફલિત થયું કે કાફિર કોઈ પણ હોય તેમને અંદર અંદર ગમે તેટલા મતભેદ હોય, પણ મુસ્લિમો સામે તો બધા એક જ છે. "અલ કુફ્ર મિલ્લતુન વહિદહ" (કુફ્ર એક જ ટોળું છે) (મદારિક)

૧૯૬. આમાં એ વાત અતિ ભારપૂર્વક જણાવવામાં આવી છે કે મુસલમાનો પર યહૂદીઓ, નસરા-નીઓ અને દીનના દરેક વિરોધીથી અલગ રહેવું વાજિબ છે. (મદારિક ખાઝિન)

૧૯૭. જેઓ કાફિરો સાથે મિત્રતા કેળવીને પોતાના પ્રાણો પર અત્યાચાર કરે છે.

હઝરત અબૂ મૂસા અશઅરી (બસરાના ગવર્નર) રદીયલ્લાહુ અન્હૂનો સેક્રેટરી નસરાની હતો. અમી-રૂલ મોમિનીન ફારૂકે આઝમ રદીયલ્લાહુ અન્હૂએ તેમને કહ્યું; 'નસરાની સાથે શું લેવા દેવા ? તમે આ આયત નથી સાંભળી, યા અય્યુહલ્લઝીન આમનુ લા તત્તખિઝુલ યહૂદ.

તેમણે જવાબ આપ્યો; એનો ધર્મ એની સાથે મને તો એના કામ સાથે સંબંધ છે.

અમિરૂલ મોમિનીને કહ્યું; અલ્લાહે એમને અપમાનિત કર્યા છે, તમે એમને ઈજ્જત ન આપો, અલ્લાહે એમને દૂર કર્યા, તમે એમને નજીક ન લાવો.

હઝરત અબૂ મૂસાએ જણાવ્યું; 'એના વગર બસરાના રાજ્યનું કામ ચલાવવું કપરૂ છે' અર્થાત એ કારણસર લાચારીથી એને રાખ્યો છે. કારણ કે એવી લાયકાતનો બીજો માણસ મુસ્લિમોમાં મળતો નથી.

ત્યારે અમીરૂલ મોમિનીને કહ્યું કે; 'નસરાની મરી ગયો. વસ્સલામ એટલે ધારી લો કે તે મરી ગયો, એવા સમયે જે વ્યવસ્થા કરવાની હોય તે હમણાં કરો. અને એનાથી કદાપિ કામ ન લો. આ અંતિમ વાત છે. (ખાઝિન)

૧૯૮. અર્થાત નિફાક.

૧૯૯. જેવું કે અબ્દુલ્લાહ બિન ઉબૈ મુનાફિકે કહ્યું.

૨૦૦. અને પોતાના રસૂલ મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને વિજયી બનાવે. અને તેમનાદીનને બધા ધર્મો કરતાં વધારે આગળ પડતો કરે. અને મુસલમાનોને એમના શત્રુઓ યહૂદીઓ અને

નહિ લાવે[૨૦૬] આ અલ્લાહનો ફઝલ છે, જેને ઈચ્છે તેને આપે, અને અલ્લાહ વિશાળતાવાળો જ્ઞાનવાળો છે. (૫૪) તમારા દોસ્ત નથી પણ અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળા[૨૦૭] કે નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે, અને અલ્લાહ સમક્ષ નમેલા છે[૨૦૮] (૫૫) અને જે અલ્લાહ અને તેના રસૂલ અને મુસ્લિમોને મિત્ર બનાવશે તો બેશક ! અલ્લાહનું જુથ ગાલિબ છે (૫૬) અય ઈમાનવાળાઓ ! જેમણે તમારા ધર્મને ગમ્મત અને ખેલ બનાવી લીધો છે[૨૦૯], તેઓ જેઓને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી, અને કાફિર[૨૧૦], એમાંથી કોઈને પોતાના મિત્ર ન બનાવો. અને અલ્લાહથી ડરતા રહો જો ઈમાન ધરાવતા હોવ[૨૧૧] (૫૭) અને જયારે તમે નમાઝ માટે અઝાન આપો ત્યારે તેને ઠઠ્ઠો અને રમત બનાવે છે[૨૧૨]. આ એટલા માટે કે તેઓ નર્યા બુદ્ધિ વગરના લોકો છે[૨૧૩] (૫૮) તમે કહો; હે કિતાબવાળાઓ ! તમને અમારું શું માઠુ



فِي سَبِيلِ اللَّهِ وَلَا يَخَافُونَ لَوْمَةَ لَائِمٍ ذَٰلِكَ
فَضْلُ اللَّهِ يُؤْتِيهِ مَن يَشَاءُ وَاللَّهُ وَاسِعٌ عَلِيمٌ ٥٤
إِنَّمَا وَلِيُّكُمُ اللَّهُ وَرَسُولُهُ وَالَّذِينَ آمَنُوا الَّذِينَ
يُقِيمُونَ الصَّلَاةَ وَيُؤْتُونَ الزَّكَاةَ وَهُمْ رَاكِعُونَ ٥٥
وَمَن يَتَوَلَّ اللَّهَ وَرَسُولَهُ وَالَّذِينَ آمَنُوا فَإِنَّ
حِزْبَ اللَّهِ هُمُ الْغَالِبُونَ ٥٦ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا
تَتَّخِذُوا الَّذِينَ اتَّخَذُوا دِينَكُمْ هُزُوًا وَلَعِبًا مِّنَ
الَّذِينَ أُوتُوا الْكِتَابَ مِن قَبْلِكُمْ وَالْكُفَّارَ أَوْلِيَاءَ
وَاتَّقُوا اللَّهَ إِن كُنتُم مُّؤْمِنِينَ ٥٧ وَإِذَا نَادَيْتُمْ
إِلَى الصَّلَاةِ اتَّخَذُوهَا هُزُوًا وَلَعِبًا ذَٰلِكَ بِأَنَّهُمْ
قَوْمٌ لَّا يَعْقِلُونَ ٥٨ قُلْ يَا أَهْلَ الْكِتَابِ هَلْ تَنقِمُونَ

ع ١٢ منزل ٢

નસરાનીઓ વિગેરે કાફિરો પર ફતેહ આપે. પછી આ ખબર સત્ય ઠરી, અને તેની કૃપાથી મક્કા શરીફ અને યહૂદીઓના શહેરો ફતેહ થયાં. (ખાઝિન વિગેરે)

૨૦૧. જેવું કે હિજાઝની ધરતીને યહૂદીઓથી પાક કરવી, અને ત્યાં તેમનું નામ નિશાન ન રહેવા દેવું. અથવા મુનાફિકોના રહસ્યો ખુલ્લા પાડીને તેમની ફજેતી કરવી. (ખાઝિન વિ.)

૨૦૨. અર્થાત નિફાક અથવા મુનાફિકોનો તે ખ્યાલ કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ કાફિરો સામે સફળ નહિ થઈ શકે.

૨૦૩. મુનાફિકોનું પોલ ખુલ્યા પછી.

૨૦૪. કે દુનિયામાં બેઈજ્જત અને અપમાનિત થયા. અને આખિરતમાં હમેશાંના અઝાબને લાયક ઠર્યા.

૨૦૫. કાફિરો સાથે મિત્રાચારી અને સંબંધ અધર્મ અને ઈસ્લામ બેઝારી તરફ ઘસડી જનાર છે. એના વર્ણન પછી ઈસ્લામથી ફરી જનારાઓનું બયાન કર્યું. અને મુર્તદ બનતા પહેલાં લોકોના મુર્તદ બની જવાની ખબર આપી.. જેમકે એ ખબર સત્ય ઠરી, અને ઘણા લોક મુર્તદ બની ગયા.

૨૦૬. આ ગુણ જેના છે તે કોણ છે? એમાં અમુક મંતવ્યો છે.

હઝરત અલી મુર્તઝા અને કતાદાએ કહયું; એ લોક હઝરત અબૂબક્ર સિદ્દીક અને તેમના સાથીદારો છે. જેમણે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પછી ઈસ્લામથી ફરી જનારાઓ અને ઝકાતનો ઈન્કાર કરનારાઓ સામે જેહાદ કર્યો.

المائدة ٥ | لا يحب الله ٦

مِنَّآ اِلَّآ اَنْ اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْنَا وَمَآ اُنْزِلَ
مِنْ قَبْلُ وَاَنَّ اَكْثَرَكُمْ فٰسِقُوْنَ ﴿٥٩﴾ قُلْ هَلْ
اُنَبِّئُكُمْ بِشَرٍّ مِّنْ ذٰلِكَ مَثُوْبَةً عِنْدَ اللّٰهِ مَنْ
لَّعَنَهُ اللّٰهُ وَغَضِبَ عَلَيْهِ وَجَعَلَ مِنْهُمُ الْقِرَدَةَ
وَالْخَنَازِيْرَ وَعَبَدَ الطَّاغُوْتَ اُولٰٓئِكَ شَرٌّ مَّكَانًا
وَّاَضَلُّ عَنْ سَوَآءِ السَّبِيْلِ ﴿٦٠﴾ وَاِذَا جَآءُوْكُمْ قَالُوْٓا
اٰمَنَّا وَقَدْ دَّخَلُوْا بِالْكُفْرِ وَهُمْ قَدْ خَرَجُوْا بِهٖ وَاللّٰهُ
اَعْلَمُ بِمَا كَانُوْا يَكْتُمُوْنَ ﴿٦١﴾ وَتَرٰى كَثِيْرًا مِّنْهُمْ
يُسَارِعُوْنَ فِى الْاِثْمِ وَالْعُدْوَانِ وَاَكْلِهِمُ السُّحْتَ
لَبِئْسَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٦٢﴾ لَوْلَا يَنْهٰىهُمُ الرَّبّٰنِيُّوْنَ
وَالْاَحْبَارُ عَنْ قَوْلِهِمُ الْاِثْمَ وَاَكْلِهِمُ السُّحْتَ

લાગ્યું? એ જ ને કે અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા? અને તેના પર જે અમારી તરફ ઉતર્યું? અને જે પહેલાં ઉતર્યું[૨૧૪] અને એ કે તમારામાં વધારે અનાજ્ઞાંકિત છે. (૫૯) તમે ફરમાવો શું હું કહી આપું જેઓ અલ્લાહને ત્યાં એનાથી બદતર દરજ્જામાં છે તે?[૨૧૫] તે જેમના પર અલ્લાહે લાઅનત કરી અને તેમના પર ક્રોધ ઠાલવ્યો, અને તેમનામાંથી વાંદરા અને સુવ્વર બનાવી દીધા.[૨૧૬] અને શયતાનના પૂજારી. એમનું ઠેકાણું વધારે ખરાબ છે[૨૧૭] અને એ સીધા માર્ગથી વધારે ભટકેલા છે (૬૦) અને જ્યારે 'તમારી પાસે આવે[૨૧૮] ત્યારે કહે છે; 'અમે મુસલમાન છીએ' અને તેઓ આવતાં પણ કાફિર હતા અને જતાં પણ કાફિર. અને જે છુપાવી રહ્યા છે તે ખુદા ખૂબ જાણે છે (૬૧) તેમનામાં[૨૧૯] ઘણાને તમે જોશો કે (તેઓ) ગુનાહ અને સીમા ઉલ્લંઘન અને હરામખોરી તરફ દોડી રહયા છે,[૨૨૦] બેશક! તેઓ ખૂબ જ ખરાબ કૃત્યો કરે છે (૬૨) તેમને તેમના પાદરીઓ અને સન્યા-સીઓ ગુનાહની વાત કહેવાથી અને હરામ ખાવાથી

અયાઝ બિન ગનમ અશઅરીએ કહ્યું છે કે; જ્યારે આ આયત ઉતરી ત્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે હઝરત અબૂ મૂસા અશઅરી સંબંધે ફરમાવ્યું કે, 'એ તેમની કોમ છે.'

એક કથન એવું છે કે તે લોકો યમનવાળા છે. જેમના વખાણ બુખારી અને મુસ્લિમની હદીષોમાં છે.

સદીનું કહેવું છે કે એ લોકો અન્સાર છે, જેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવા કરી હતી.

અને આ બધા કથનોમાં અંદરોઅંદર કશો વિરોધાભાસ નથી. કારણ કે એ તમામ લોકોનું એ ગુણો સાથે બંધબેસતુ હોવું તદન સત્ય છે.

૨૦૭. જેમની સાથે સંબંધો હરામ છે તેમનું વર્ણન કર્યા પછી તેમનું બયાન (શરૂ થાય) છે જેમની સાથે સંબંધો રાખવા વાજિબ છે.

**શાને નુઝૂલ :-** હઝરત જાબિર રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું કે; આ આયત હઝરત અબ્દુલ્લાહ બિન સલામ બાબત ઉતરી. તેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થઈને કહ્યું; 'યા રસૂલલ્લાહ! અમારી કોમ કુરેઝા અને નૂદેરે અમને પડતા મૂકી દીધા, અને (તેમણે) સોગંદ ખાઈ લીધી કે તેઓ અમારી સાથે બેઠક ઉઠક નહિ રાખે, આ આયત ઉતરી ત્યારે અબ્દુલ્લાહ બિન સલામે કહયું કે; અમે અલ્લાહના રબ હોવાથી તેના રસૂલના નબી હોવાથી અને મોમિનના મિત્રો હોવાથી રાજી છીએ, અને આયતનો હુકમ તમામ મોમિનોને લાગુ પડે છે. બધા જ એકબીજાના મિત્ર અને મહોબ્બત રાખનાર છે.

૨૦૮. ''વહુમ રાકિઉન'' નું વાક્ય (વ્યાકરણની દ્રષ્ટિએ) બે હાલતો ધરાવે છે. પ્રથમ એ કે પહેલાના

વાક્યો પર આધારિત હોય (મઅતુફ હોય), બીજી એ કે હાલ (સંબંધિત વસ્તુની હાલત બયાન કરતું વાક્ય) હોય. પ્રથમ હાલત વધુ જાહેર અને વધારે વજનદાર છે. અને હઝરત અનુવાદકનો તરજુમો પણ એ જ તરફ જાય છે. (જુમલ)

બીજી હાલત પર બે શક્યતાઓ છે. એક એ કે ''યુકીમુન'' અને ''યુઅતુન'' બન્ને ક્રિયાઓનો હાલ હોય, એ રીતે અર્થ એ થશે કે તેઓ ખરા દિલથી નમાઝ કાયમ કરે છે, અને ઝકાત આપે છે (તફસીરે અબૂસ્સઉદ). બીજી એ કે ફકત ''યુઅતુન'' કાર્યની કર્તાની હાલત દર્શક માનવામાં આવે. આ રીતે અર્થ એ થશે કે નમાઝ કાયમ કરે છે, અને હૃદયપૂર્વક ઝકાત આપે છે. (જુમલ)

અમુકનું કથન એ છે કે આ આયત હઝરત અલી મુર્તઝા રદીયલ્લાહુ અન્હૂની શાનમાં છે કે આપે નમાઝમાં એક સવાલ કરનારને વીંટી કાઢી આપી દીધી હતી, તે વીંટી ઢીલી હતી, અમલે કસીર વગર નીકળી ગઈ હતી. પણ ઈમામ ફખરૂદ્દીન રાઝીએ તફસીરે કબીરમાં ખૂબ જ સખ્તીથી એને રદીયો આપ્યો છે, અને એના ખોટા હોવા બાબત ઘણા કારણો બતાવ્યા છે.

૨૦૯. **શાને નુઝૂલ** :- રૂફાઆ બિન ઝૈદ અને સુવૈદ બિન હારીસ બન્ને ઈસ્લામ જાહેર કર્યા પછી મુનાફિક બની ગયા. અમુક મુસલમાનો તેમની સાથે મહોબ્બત રાખતા હતા, ત્યારે અલ્લાહે આ આયત ઉતારી, અને બતાવ્યું કે જબાનથી ઈસ્લામ જાહેર કરવું અને દિલમાં કુફ્ર સંતાડી ફરવું એ દીનને હંસી ખેલ બનાવવા સમાન છે.

૨૧૦. અર્થાત મૂર્તિ પૂજક મુશ્રિકો જેઓ અહલે કિતાબ કરતાં પણ બદતર છે. (ખાઝિન)

૨૧૧. કારણ કે ખુદાના દુશ્મનો સાથે દોસ્તી રાખવી ઈમાનદારનું કામ નથી.

૨૧૨. **શાને નુઝૂલ** :- કલબીનું કહેવું છે કે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનો મુઅઝ્ઝિન નમાઝ માટે અઝાન પોકારતો અને મુસલમાન નમાઝ માટે ઉભા થઈ જતા ત્યારે યહૂદીઓ હસતા અને ઠઠ્ઠો કરતાં હતા. તે બાબત આ આયત ઉતરી.

સદીનું કથન છે કે મદીના શરીફમાં જ્યારે અઝાનમાં અશહદુ અલ્લાઈલાહ ઇલ્લલ્લાહ અને અશહદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ પોકારવામાં આવતું ત્યારે એક નસરાની કહયા કરતો કે; 'બળી મરે જૂઠો' એક રાત્રે તેનો નોકર આગ લઈને આવ્યો, ઘરના બધાં ઊંઘી રહ્યા હતા. આગમાંથી એક ભડકો ઉઠયો અને તે તથા નસરાની અને તેના ઘરના બધાં બળી મર્યા.

**૨૧૩. જેઓ આવા મૂર્ખાઈ અને અજ્ઞાન ભરેલાં કામો કરે છે. આ આયતથી સાબિત થયું કે અઝાન કુરઆનની સચોટ આયતથી સાબિત છે.**

**૨૧૪. શાને નુઝૂલ** :- યહૂદીઓના એક ટોળાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને પૂછયું કે; તમે નબીઓમાંથી કોને કોને માનો છો? આ પ્રશ્નનો હેતુ એ હતો કે જો આપ ઈસા અલયહિસ્સલામને માનતા ન હોય તો આપના પર ઈમાન લઈ આવીએ, પણ હુઝૂરે તેમને જવાબ આપ્યો કે; હું અલ્લાહને માનું છું, અને તેને જે મારા પર ઉતાર્યું, અને જે ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યઅકુબ અને અસ્બાત પર ઉતાર્યું, અને જે હઝરત ઈસા અને હઝરત મૂસાને આપ્યું, એટલે કે તવરાત અને ઈન્જીલ. અને જે બીજા નબીઓને તેમના રબ તરફથી આપવામાં આવ્યું તે બધાંને માનું છું, અમે નબીઓ વચ્ચે તફાવત નથી રાખતા કે અમુકને માનીએ અને અમુકને ન માનીએ.

જ્યારે તેમને લાગ્યું કે આપ તો હઝરત ઈસાને માને છે, ત્યારે તેમણે આપની નબુવ્વત ન સ્વીકારી,

لا يحب الله ٦ — المائدة ٥

لبئس ما كانوا يصنعون ﴿٦٣﴾ وقالت اليهود يد الله
مغلولة غلت أيديهم ولعنوا بما قالوا بل يداه
مبسوطتان ينفق كيف يشاء وليزيدن كثيرا
منهم ما أنزل إليك من ربك طغيانا وكفرا
وألقينا بينهم العداوة والبغضاء إلى يوم القيامة
كلما أوقدوا نارا للحرب أطفأها الله ويسعون في
الأرض فسادا والله لا يحب المفسدين ﴿٦٤﴾
ولو أن أهل الكتاب آمنوا واتقوا لكفرنا عنهم
سيئاتهم ولأدخلناهم جنات النعيم ﴿٦٥﴾ ولو أنهم
أقاموا التوراة والإنجيل وما أنزل إليهم
من ربهم لأكلوا من فوقهم ومن تحت

શા માટે મના કરતા નથી? બેશક! ઘણાં જ ખરાબ કામો કરી રહયા છે[૨૨૧] (૬૩) અને યહૂદીઓ બોલ્યા; 'અલ્લાહનો હાથ બંધાએલો છે'[૨૨૨] તેમના હાથ બંધાય જાય.[૨૨૩] અને તેમના પર આ બોલવાના કારણે લઅનત છે. બલ્કે તેના હાથ ખુલ્લા છે,[૨૨૪] જેમ ઈચ્છે તેમ આપે છે.[૨૨૫] અને અય મહબૂબ! આ[૨૨૬] જે તમારી પાસે તમારા રબની પાસેથી ઉતર્યું તેનાથી એમનામાં ઘણાને બદમાશી અને કુફ્રમાં પ્રગતિ થશે.[૨૨૭] અને એમનામાં અમે કયામત સુધી અંદરોઅંદર દુશ્મની અને વેર નાખી દીધું.[૨૨૮] જ્યારે કદી લડાઈની આગ સળગાવે છે, અલ્લાહ તેને હોલવી નાખે છે.[૨૨૯] અને ધરતીમાં હુલ્લડ માટે નાસતા ફરે છે. અને અલ્લાહ ઝઘડાખોરોને પસંદ નથી કરતોં (૬૪) અને જો કિતાબવાળા ઈમાન લાવતા અને પરહેઝગારી ધારણ કરત તો અવશ્ય અમે તેમના ગુનાહ ઉતારી દેત. અને અવશ્ય તેમને સુખના બગીચાઓમાં લઈ જાત (૬૫) અને જો તેઓ કાયમ રાખત તવરાત અને ઈન્જીલ[૨૩૦] અને તે જે કંઈ એમની તરફ એમના રબ તરફથી ઉતર્યું,[૨૩૧]

અને કહયું કે; જે ઈસાને માને અમે તેને ન માનીએ. ત્યારે આ આયત ઉતરી.

૨૧૫. કે આ સત્ય ધર્મવાળાઓને તમે માત્ર પોતાની અદેખાઈ અને અદાવતના કારણે જ બુરા કહો છો. અને અલ્લાહ તઆલાએ તમારા પર લા'નત કરી અને ગઝબ કર્યો. અને આયતમાં જે વર્ણવાયું છે એ તમારી હાલત છે. તો બદતર દરજ્જામાં તમે પોતે છો, જરા વિચારો,

૨૧૬. શિકલ બગાડીને.

૨૧૭. અને તે જહન્નમ છે.

૨૧૮. **શાને નુઝૂલ** :- આ આયત યહૂદીઓના એક જુથ વિષે ઉતરી. જેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થઈને પોતાનું ઈમાન અને નિખાલસતા જાહેર કરી અને કુફ્ર તેમજ ગુમરાહી સંતાડી રાખી અલ્લાહ તઆલાએ આ આયત ઉતારીને પોતાના હબીબને તેમની હાલતની જાણ કરી.

૨૧૯. અર્થાત યહૂદીઓ.

૨૨૦. ગુનાહમાં દરેક નાફરમાનીનો સમાવેશ થાય છે. અમુક તફસીરકારોનું કહેવું છે કે ગુનાહનો અર્થ અહીં તવરાતમાં બયાન થયેલી બાબતોનું છુપાવવું, અને તેમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના જે ગુણો અને વખાણ હતાં તેને સંતાડવાનો છે અને 'ઉદવાન' નો અર્થ તવરાતમાં પોતાના તરફથી અમુક વધારો કરવો, અને હરામખોરીનું અર્થ લાંચ વિગેરે છે. (ખાઝિન)

૨૨૧. કારણ કે લોકોને ગુનાહો અને ખરાબ કામોથી રોકતા નથી.

તો એમને રોજી મળત ઉપરથી અને એમના પગો નીચેથી.[૨૩૨] એમનામાં અમુક જુથ સીધું છે.[૨૩૩] અને એમનામાં વધારે (લોકો) ઘણા જ બુરા કાર્યો કરી રહયા છે[૨૩૪] (૬૬) અય રસૂલ! તમારી પાસે તમારા રબ તરફથી જે કંઈ ઉતર્યું તે પહોંચાડી દો,[૨૩૫] અને આવું ન થાય તો (જાણે) તમે તેનો કોઈ સંદેશ પહોંચાડયો નહિ. અને અલ્લાહ લોકોથી તમારી દેખભાળ રાખશે.[૨૩૬] બેશક! અલ્લાહ કાફિરોને માર્ગ બતાડતો નથી. (૬૭) તમે કહી દો. અય કિતાબીઓ! તમે કશું જ નથી[૨૩૭] જ્યાં સુધી તવરાત અને ઈન્જીલ અને જે કંઈ તમારી તરફ તમારા રબ તરફથી ઉતર્યું હોય[૨૩૮] તે (પોતાના માટે) લાગુ ન કરો. અને બેશક! અય મહબૂબ! તે જે તમારી તરફ તમારા રબ પાસેથી ઉતર્યું, તેનાથી એમનામાં ઘણાને અવળચંડાઈ અને કુફ્રમાં પ્રગતિ થશે.[૨૩૯] તો તમે કાફિરોની કશી ચિંતા ન કરો (૬૮) બેશક! તે જેઓ પોતાને મુસલમાન કહે છે,[૨૪૦] અને એ જ રીતે યહૂદીઓ અને તારા પૂજકો તેમજ નસરાનીઓ, એમાંથી જે કોઈ સાચા હૃદયથી અલ્લાહ અને કયામત પર ઈમાન લાવે, અને સારા કર્મો કરે, તો



أَرْجُلِهِمْ ۚ مِّنْهُمْ أُمَّةٌ مُّقْتَصِدَةٌ ۖ وَكَثِيرٌ مِّنْهُمْ سَاءَ
مَا يَعْمَلُونَ ﴿٦٦﴾ يَا أَيُّهَا الرَّسُولُ بَلِّغْ مَا أُنزِلَ إِلَيْكَ
مِن رَّبِّكَ ۖ وَإِن لَّمْ تَفْعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهُ ۚ
وَاللَّهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ۗ إِنَّ اللَّهَ لَا يَهْدِي
الْقَوْمَ الْكَافِرِينَ ﴿٦٧﴾ قُلْ يَا أَهْلَ الْكِتَابِ لَسْتُمْ عَلَىٰ
شَيْءٍ حَتَّىٰ تُقِيمُوا التَّوْرَاةَ وَالْإِنجِيلَ وَمَا أُنزِلَ
إِلَيْكُم مِّن رَّبِّكُمْ ۗ وَلَيَزِيدَنَّ كَثِيرًا مِّنْهُم مَّا
أُنزِلَ إِلَيْكَ مِن رَّبِّكَ طُغْيَانًا وَكُفْرًا ۖ فَلَا تَأْسَ
عَلَى الْقَوْمِ الْكَافِرِينَ ﴿٦٨﴾ إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ
هَادُوا وَالصَّابِئُونَ وَالنَّصَارَىٰ مَنْ آمَنَ بِاللَّهِ
وَالْيَوْمِ الْآخِرِ وَعَمِلَ صَالِحًا فَلَا خَوْفٌ عَلَيْهِمْ

**મસઅલો** :- આનાથી જણાયું કે ઉલમા પર વાજિબ છે કે લોકોને નસીહત કરે અને ખરાબ કામોથી રોકે, અને જે માણસ ખરાબ વસ્તુથી રોકવાનું છોડી દે તે કબીરો ગુનાહ કરનાર જેવો છે.

૨૨૨. એટલે કે મુઆઝલ્લાહ તે બખીલ છે.

**શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે; યહૂદીઓ બધા માલદાર અને શ્રીમંત હતા, જ્યારે તેમને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને જૂઠા કહયા અને આપનો વિરોધ કર્યો ત્યારે તેમની રોજી ઘટી ગઈ. ત્યારે ફખ્ખાસ નામનો યહૂદી બોલ્યો કે; 'અલ્લાહનો હાથ બંધાએલો છે' અર્થાત તે રોજી આપવામાં અને ખર્ચ કરવામાં બખીલાઈ કરે છે. તેના આ કથન બાબત કોઈ યહૂદીએ તેને ટોક્યો નહીં, બલ્કે એનાથી ખુશ થયા. તેથી જ આ કથનને બધાંનું કથન કહેવામાં આવ્યું અને તેમના માટે આ આયત ઉતરી.

૨૨૩. તંગીના કારણે, અને દાન ખૈરાત કરવાથી, આ ફરમાનનો અસર એ થયો કે યહૂદીઓ આખી દુનિયામાં બધાથી વધારે બખીલ બની ગયા. અથવા એ અર્થ છે કે તેમના હાથ જહન્નમમાં બાંધવામાં આવે અને એ રીતે તેમને દોઝખની આગમાં નાખવામાં આવે, તેમની બકવાસ અને ગુસ્તાખીની સજા રૂપે.

૨૨૪. તે મહાદાની કૃપાળુ છે.

૨૨૫. પોતાની હિકમત અનુસાર, તેમાં કોઈને વાંધો લેવાની મજાલ નથી.

૨૨૬. કુરઆન શરીફ.

૨૨૭. એટલે કે જેટલું કુરઆન મજીદ ઉતરતું જશે એમનો હસદ અને મેલ તેટલો જ વધતો જશે. અને

لا يحب الله ٦ — المائدة ٥

وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٦٩﴾ لَقَدْ أَخَذْنَا مِيثَاقَ بَنِي
إِسْرَاءِيلَ وَأَرْسَلْنَا إِلَيْهِمْ رُسُلًا ۖ كُلَّمَا جَاءَهُمْ
رَسُولٌ بِمَا لَا تَهْوَىٰ أَنْفُسُهُمْ فَرِيقًا كَذَّبُوا
وَفَرِيقًا يَقْتُلُونَ ﴿٧٠﴾ وَحَسِبُوا أَلَّا تَكُونَ فِتْنَةٌ فَعَمُوا
وَصَمُّوا ثُمَّ تَابَ اللَّهُ عَلَيْهِمْ ثُمَّ عَمُوا وَصَمُّوا كَثِيرٌ
مِنْهُمْ ۚ وَاللَّهُ بَصِيرٌ بِمَا يَعْمَلُونَ ﴿٧١﴾ لَقَدْ كَفَرَ الَّذِينَ
قَالُوا إِنَّ اللَّهَ هُوَ الْمَسِيحُ ابْنُ مَرْيَمَ ۖ وَقَالَ
الْمَسِيحُ يَا بَنِي إِسْرَاءِيلَ اعْبُدُوا اللَّهَ رَبِّي وَرَبَّكُمْ ۖ
إِنَّهُ مَنْ يُشْرِكْ بِاللَّهِ فَقَدْ حَرَّمَ اللَّهُ عَلَيْهِ الْجَنَّةَ
وَمَأْوَاهُ النَّارُ ۖ وَمَا لِلظَّالِمِينَ مِنْ أَنْصَارٍ ﴿٧٢﴾ لَقَدْ كَفَرَ
الَّذِينَ قَالُوا إِنَّ اللَّهَ ثَالِثُ ثَلَاثَةٍ ۘ وَمَا مِنْ

તેમને કંઈ ભય છે ન કંઈ ચિંતા (૬૯) બેશક! અમે બની ઈસરાઈલ પાસેથી વચન લીધું.[૨૪૧] અને તેમની તરફ મોકલ્યા રસૂલો. જ્યારે કદી એમની પાસે કોઈ રસૂલ તે વાત લઈને આવ્યા જે એમના મનની ઈચ્છા ન હતી,[૨૪૨] (રસૂલોના) એક જુથને જૂઠલાવ્યું, અને એક જુથને શહીદ કરે છે[૨૪૩] (૭૦), અને એ ગુમાનમાં છે કે કંઈ સજા નહિ થાય[૨૪૪] તો આંધળા અને બહેરા બની ગયા.[૨૪૫] પછી અલ્લાહે એમની તવબહ કબૂલ કરી.[૨૪૬] ફરી એમનામાં ઘણા આંધળા અને બહેરા બની ગયા. અને અલ્લાહ એમના કામ જોઈ રહયો છે (૭૧) બેશક! કાફિર છે તે જેઓ કહે છે કે; અલ્લાહ તે જ મસીહ, મરયમનો પુત્ર.[૨૪૭] અને મસીહે તો આ કહ્યું હતું; અય બની ઈસરાઈલ! અલ્લાહની બંદગી કરો, જે મારો રબ[૨૪૮] અને તમારો રબ. બેશક! જે અલ્લાહનો ભાગીદાર ઠરાવે તો તેના પર અલ્લાહે જન્નત હરામ કરી દીધી, અને તેનું ઠેકાણું દોઝખ છે. અને જાલિમોનું કોઈ મદદગાર નથી (૭૨) બેશક! તેઓ કાફિર છે જેઓ કહે છે કે અલ્લાહ ત્રણ ખુદાઓ

તે તેની સાથે કુફ્ર અને ઘમંડીપણામાં વધતા ચાલશે.

૨૨૮. તેઓ હમેશાં અંદર અંદર જુદા જુદા રહેશે, અને તેમના હ્રદયો કદી ભેગાં નહિ થાય.

૨૨૯. અને તેમની સહાયતા કરતોં નથી તેઓ અપમાનિત થાય છે.

૨૩૦. એ રીતે કે સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવત અને આપની તાબેદારી કરત. કારણ કે તવરાત અને ઈન્જીલમાં એ મુજબ કરવાનો આદેશ આપાયો છે.

૨૩૧. અર્થાત બધી કિતાબો જે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલો પર ઉતારી, એ તમામમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું વર્ણન અને આપ પર ઈમાન લાવવાનો હુકમ છે.

૨૩૨. એટલે કે બહોળા પ્રમાણમાં રોજી મળત, અને દરેક તરફથી પ્રાપ્ત થાત.

ફાયદો :- આ આયતથી જણાયું કે દીનની પાબંદી અને અલ્લાહની ફરમાંબરદારી કરવાથી રોજીમાં વધારો થાય છે.

૨૩૩. સીમાનું ઉલ્લંઘન નથી કરતું. આ લોકો યહૂદીઓમાંના તે છે જે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવ્યા.

૨૩૪. જેઓ કુફ્ર પર ચોંટેલા છે.

૨૩૫. અને કશો ભય ન રાખો.

૨૩૬. એટલે કે કાફિરોથી, જેઓ આપને શહીદ કરી દેવાનો ઈરાદો ધરાવે છે. સફરમાં રાત્રે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ માટે પહેરો રાખવામાં આવતો હતો. પણ જ્યારે આ આયત ઉતરી ત્યાર પછી

إِلٰهٍ إِلَّآ إِلٰهٌ وَّاحِدٌ ۚ وَإِن لَّمْ يَنتَهُوا عَمَّا يَقُولُونَ
لَيَمَسَّنَّ الَّذِينَ كَفَرُوا مِنْهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٧٣﴾ أَفَلَا
يَتُوبُونَ إِلَى اللَّهِ وَيَسْتَغْفِرُونَهُ ۚ وَاللَّهُ غَفُورٌ رَّحِيمٌ ﴿٧٤﴾
مَّا الْمَسِيحُ ابْنُ مَرْيَمَ إِلَّا رَسُولٌ قَدْ خَلَتْ مِن
قَبْلِهِ الرُّسُلُ وَأُمُّهُ صِدِّيقَةٌ ۖ كَانَا يَأْكُلَانِ
الطَّعَامَ ۗ انظُرْ كَيْفَ نُبَيِّنُ لَهُمُ الْآيَاتِ ثُمَّ انظُرْ
أَنَّىٰ يُؤْفَكُونَ ﴿٧٥﴾ قُلْ أَتَعْبُدُونَ مِن دُونِ اللَّهِ
مَا لَا يَمْلِكُ لَكُمْ ضَرًّا وَلَا نَفْعًا ۚ وَاللَّهُ هُوَ السَّمِيعُ
الْعَلِيمُ ﴿٧٦﴾ قُلْ يَا أَهْلَ الْكِتَابِ لَا تَغْلُوا فِي دِينِكُمْ
غَيْرَ الْحَقِّ وَلَا تَتَّبِعُوا أَهْوَاءَ قَوْمٍ قَدْ ضَلُّوا مِن
قَبْلُ وَأَضَلُّوا كَثِيرًا وَضَلُّوا عَن سَوَاءِ السَّبِيلِ ﴿٧٧﴾

માંનો ત્રીજો છે.[૨૪૯] અને ખુદા તો એક જ છે.[૨૫૦] અને જો પોતાની વાત ન છોડી,[૨૫૧] તે જે એમનામાં કાફિર મરશે તેમને અવશ્ય દુઃખદાયક અઝાબ મળશે (૭૩) તો અલ્લાહ તરફ પલટતા કેમ નથી? અને તેની પાસે માફી કેમ માંગતા નથી? અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૭૪) મરયમનો પુત્ર મસીહ (ખુદા) નથી પણ રસૂલ (છે)[૨૫૨] એમનાથી પહેલાં (પણ) ઘણા રસૂલ થઈ ગયા,[૨૫૩] અને એમની માતા સિદ્દીકહ છે,[૨૫૪] બન્ને ખોરાક ખાતા હતા.[૨૫૫] જુઓ તો અમે કેવી સ્પષ્ટ નિશાનીઓ બયાન કરીએ છીએ, પછી જુઓ તેઓ કેવા ઊંધા જાય છે (૭૫) તમે ફરમાવો! શું અલ્લાહ સિવાય એવાને પૂજો છો જે તમારા નુકશાનનો માલિક ન ફાયદાનો?[૨૫૬] અને અલ્લાહ જ સાંભળે જાણે છે (૭૬) તમે ફરમાવો; અય કિતાબવાળાઓ! પોતાના ધર્મમાં નાહક વધારો ન કરો.[૨૫૭] અને એવા લોકોની ઈચ્છા અનુસાર ન ચાલો[૨૫૮] જે પહેલાં ગુમરાહ થઈ ગયા, અને ગુમરાહ કર્યા ઘણાઓને. અને સીધા માર્ગથી ભટકી ગયા (૭૭)

પહેરો હટાવી લેવામાં આવ્યો. અને હુઝૂરે પહેરગીરોને કહયું; 'તમે જતા રહો! અલ્લાહ તઆલા મારી દેખભાળ રાખે છે.'

૨૩૭. કોઇ જ ધર્મ અને મિલ્લતમાં નથી.

૨૩૮. એટલે કે કુરઆન પાક, આ બધી જ કિતાબોમાં સરવરે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ગુણો અને વખાણ તેમજ આપના પર ઈમાન લાવવાનો હુકમ છે. જ્યાં સુધી હુઝૂર પર ઈમાન નહીં લાવે ત્યાં સુધી તવરાત અને ઈન્જીલ પર ચાલવાનો દાવો ખરો થઈ શકતો નથી.

૨૩૯. કારણ કે જેટલું કુરઆન શરીફ ઉતરતું જશે એ લોકો ઘમંડ અને દુશ્મનીથી એના નકારમાં ઓર સખ્ત બનતા જશે.

૨૪૦. અને દિલમાં ઈમાન ધરાવતા નથી, મુનાફિક છે.

૨૪૧. તવરાતમાં કે અલ્લાહ અને તેના રસૂલો પર ઈમાન લાવે, અને અલ્લાહના આદેશ મુજબ કામ કરે.

૨૪૨. અને એમણે પૈગમ્બરોના આદેશોને પોતાની વિરુદ્ધ જોયા તો તેમનામાંથી;

૨૪૩. પૈગમ્બરોને જૂઠલાવવામાં તે યહૂદીઓ અને નસરાનીઓ બન્ને ભેગા છે. પણ કતલ કરવો તો ખાસ યહૂદીઓનું કામ છે. એમણે ઘણા નબીઓને શહીદ કરી નાખ્યા. જેમાં હઝરત યહયા અને હઝરત ઝકરિયાનો પણ સમાવેશ થાય છે.

૨૪૪. અને આવા સખ્ત ગુનાહો બદલ પણ અઝાબ કરવામાં નહીં આવે.

૨૪૫. સત્યના સાંભળવા અને જોવાથી. આ એમના છેલ્લા દરજ્જાના અજ્ઞાન અને હદ દરજ્જાના કુફ્ર અને સત્ય સ્વીકારવાથી અંતિમ કક્ષાથી ચીઢ કરવાનું વર્ણન છે.

૨૪૬. જ્યારે એમણે મૂસા અલયહિસ્સલામ પછી તવબહ કરી, ત્યાર પછી બીજી વાર.

૨૪૭. નસરાનીઓના ઘણા પંથો છે, તેમાંથી યાકુબિયહ અને મલકાનિયહનું કહેવું હતું કે; 'મરયમે' અલ્લાહ જણ્યો છે', અને એવું પણ કહેતા હતા કે, 'અલ્લાહે ઈસાના શરીરમાં પ્રવેશ કર્યો છે, અને એમનામાં એકત્ર થઈ ગયો છે, જેથી ઈસા અલ્લાહ બની ગયા છે' પણ એમની બકવાસથી અલ્લાહ ઘણો બુલંદ છે. (ખાઝિન)

૨૪૮. અને હું તેનો બન્દો છું અલ્લાહ નથી.

૨૪૯. આ કથન નસરાનીઓના મરતુસયા અને નસ્તુરયા પંથોનું છે. ઘણા ખરા તફસીરકારોનું કહેવું છું કે એનાથી તેઓ એવું ધારતા હતા કે અલ્લાહ અને મરયમ અને ઈસા ત્રણે ખુદા છે, અને ખુદા હોવું ત્રણેની ભાગીદારીમાં છે. મુતકલ્લિમીન કહે છે કે નસરાનીઓનું કથન છે કે પિતા, પુત્ર અને રૂહુલ કુદ્દ્સ ત્રણે અલ્લાહ છે.

૨૫૦. તેનો કોઈ બીજો કે ત્રીજો નથી. તે એક એકાંકીના ગુણ સાથે સંબંધિત છે. તેનો કોઈ ભાગીદાર નથી. પિતા, પુત્ર, પત્ની બધાથી પાક છે.

૨૫૧. અને ત્રણ ખુદાની માન્યતાને વળગી રહયા, એક ખુદાની માન્યતા ન સ્વીકારી.

૨૫૨. એમને અલ્લાહ માનવું અસત્ય અને કુફ્ર છે.

૨૫૩. તેઓ પણ મો'જિઝા ધરાવતા હતા, આ મો'જિઝા તેમની સત્યતાની દલીલ હતા, એવી જ રીતે હઝરત ઇસા અલયહિસ્સલામ પણ રસૂલ છે. એમના મો'જિઝા પણ નબુવ્વતની દલીલ છે. એમને રસૂલ જ માનવા જોઈએ. જેમકે બીજા નબીઓને મો'જિઝાના કારણે ખુદા નથી માનતા એમને પણ ખુદા ન માનો.

૨૫૪. જે પોતાના રબના કલેમાત અને તેની કિતાબોને સત્ય જાહેર કરનાર છે.

૨૫૫. આમાં નસરાનીઓને રદીયો છે કે અલ્લાહ ખોરાકનો મોહતાજ હોતો નથી. જે ખોરાક ખાય, શરીર ધરાવે, તેના શરીરમાં ઘસારો લાગે, ખોરાક તેનો પુરક બને, તે કેવી રીતે અલ્લાહ હોઇ શકે?

૨૫૬. આ શિર્કને અસત્ય ઠેરવવાની એક વધુ દલીલ છે. એનો નિષ્કર્ષ એ છે કે અલ્લાહ (ઈબાદતને લાયક) એ જ હોય શકે જે ફાયદા નુકસાન વિગેરે વસ્તુઓ પર પોતે કુદરત અને અધિકાર ધરાવતો હોય, જે એવો ન હોય તો ઈલાહ (ઈબાદતને લાયક) થઈ શકતો નથી. અને હઝરત ઈસા અલયહિસ્સલામ નફા નુકશાનના પોતે આપ મેળે માલિક ન હતા, અલ્લાહ તઆલાના માલિક બનાવ્યાથી માલિક બન્યા, માટે એમના વિષે અલ્લાહ હોવાની માન્યતા અસત્ય છે.

૨૫૭. યહૂદીઓનો વધારે તો એ કે હઝરત ઈસા અલયહિસ્સલામની નબુવ્વતને જ નથી માનતા. અને નસરાનીઓનો વધારો એ છે કે એમને મઅબૂદ ઠેરવે છે.

૨૫૮. અર્થાત પોતાના બદદીન બાપ દાદા વિગેરે.

૨૫૯. ઈલાના રહેવાસીઓ જ્યારે હદથી વધી ગયા, અને શનિવારે શિકાર કરવાની મનાઈનો જે હુકમ હતો તેનો વિરોધ કર્યો, ત્યારે હઝરત દાવૂદ અલયહિસ્સલામે તેમના પર લા'નત કરી, અને તેમના માટે બદદુઆ કરી. ત્યારે તેઓ વાંદરાઓ અને સુવ્વરની શિકલમાં ફેરવી દેવામાં આવ્યા. અને માઈદહવાળાઓએ જ્યારે ઉતરેલી થાળની નેઅમતો આરોગ્યા પછી કુફ્ર કર્યું, ત્યારે હઝરત ઈસા અલયહિસ્સલામે તેમના માટે

لُعِنَ الَّذِينَ كَفَرُوا مِن بَنِي إِسْرَائِيلَ عَلَىٰ لِسَانِ دَاوُودَ
وَعِيسَى ابْنِ مَرْيَمَ ذَٰلِكَ بِمَا عَصَوا وَّكَانُوا يَعْتَدُونَ ﴿٧٨﴾
كَانُوا لَا يَتَنَاهَوْنَ عَن مُّنكَرٍ فَعَلُوهُ لَبِئْسَ مَا كَانُوا
يَفْعَلُونَ ﴿٧٩﴾ تَرَىٰ كَثِيرًا مِّنْهُمْ يَتَوَلَّوْنَ الَّذِينَ كَفَرُوا
لَبِئْسَ مَا قَدَّمَتْ لَهُمْ أَنفُسُهُمْ أَن سَخِطَ اللَّهُ عَلَيْهِمْ
وَفِي الْعَذَابِ هُمْ خَالِدُونَ ﴿٨٠﴾ وَلَوْ كَانُوا يُؤْمِنُونَ بِاللَّهِ
وَالنَّبِيِّ وَمَا أُنزِلَ إِلَيْهِ مَا اتَّخَذُوهُمْ أَوْلِيَاءَ وَلَٰكِنَّ كَثِيرًا
مِّنْهُمْ فَاسِقُونَ ﴿٨١﴾ لَتَجِدَنَّ أَشَدَّ النَّاسِ عَدَاوَةً لِّلَّذِينَ
آمَنُوا الْيَهُودَ وَالَّذِينَ أَشْرَكُوا وَلَتَجِدَنَّ أَقْرَبَهُم مَّوَدَّةً
لِّلَّذِينَ آمَنُوا الَّذِينَ قَالُوا إِنَّا نَصَارَىٰ ذَٰلِكَ بِأَنَّ مِنْهُمْ
قِسِّيسِينَ وَرُهْبَانًا وَأَنَّهُمْ لَا يَسْتَكْبِرُونَ ﴿٨٢﴾

જેમણે કુફ્ર કર્યું તેઓ લા'નત કરવામાં આવ્યા બની ઈસરાઈલમાં દાવૂદ અને મરયમના પુત્ર ઈસાની જબાનથી.[૨૫૯] આ[૨૬૦] બદલો (છે) એમની નાફરમાની અને બંડખોરીનો (૭૮) જેઓ કુકૃત્યો કરતાં એક બીજાને રોકતા ન હતા અવશ્ય ઘણા જ ખરાબ કામો કરતાં હતા[૨૬૧] (૭૯) એમનામાં ઘણાઓને તમે જોશો કે (તેઓ) કાફિરો સાથે મિત્રતા કેળવે છે. કેટલી ખરાબ વસ્તુ પોતાના માટે પોતે જ આગળ મોકલી. એ કે અલ્લાહનો ગઝબ એમના પર થયો, અને તેઓ અઝાબમાં હમેશાં રહેશે[૨૬૨] (૮૦) અને જો તેઓ ઈમાન લાવત[૨૬૩] અલ્લાહ અને આ નબી પર; અને તેના પર જે એમની તરફ ઉતર્યું, તો કાફિરો સાથે દોસ્તી ન કરત.[૨૬૪] પણ એમનામાં તો ઘણા ફાસિક છે. (૮૧) જરૂર તમે મુસલમાનોના બધાથી વધારે દુશ્મન યહૂદીઓ અને મુશરિકોને પામશો. અને જરૂર તમે મુસલમાનોની દોસ્તીમાં બધાથી નિકટ તેમને પામશો જેઓ કહેતા હતા કે અમે નસારા છીએ.[૨૬૫] આ એટલા માટે કે એમનામાં આલિમ અને દરવેશો છે, અને તેઓ ઘમંડ કરતાં નથી[૨૬૬] (૮૨)

બદદુઆ કરી, તેથી તેઓ સુવ્વર અને વાંદરા બની ગયા. તેમની સંખ્યા પાંચ હજારની હતી. (જુમલ વિ.)

અમુક તફસીરકારોનું કહેવું છે કે યહૂદીઓ પોતાના પુર્વજો પર ગર્વ કરતાં હતા કે અમે નબીઓની ઔલાદ છીએ. આ આયતમાં તેમને બતાવવામાં આવ્યું છે કે તે નબીઓએ તો તેમના પર લા'નત કરેલી છે.

એક કથન એવું છે કે હઝરત દાવૂદ અને હઝરત ઈસા અલયહિસ્સલામે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની પધરામણીની ખુશ ખબર આપી. અને આપના ઉપર ઈમાન ન લાવનાર અને કુફ્ર કરનારાઓ પર લા'નત કરી.

૨૬૦. લા'નત.

૨૬૧. **મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે બુરાઈથી રોકવું વાજિબ છે, અને બુરાઈને રોકવાથી અલગ રહેવું સખ્ત ગુનાહ છે. તિરમિઝીની હદીષમાં છે કે જ્યારે બની ઈસરાઈલ ગુનાહોમાં લબદાયા ત્યારે એમના આલિમોએ પહેલાં તો એમને રોક્યા, જ્યારે તેઓ ન રોકાયા ત્યારે તે આલિમો પણ તેમનામાં ભળી ગયા, અને ખાવા પીવા બેસવા ઉઠવામાં તેમની સાથે એકરાગ થઈ ગયા. એમની આ નાફરમાની અને સીમા ઉલ્લંઘનનું પરિણામ એ આવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત દાવૂદ અને હઝરત ઈસા અલયહિસ્સલામના મોઢે એમના પર લા'નત ઉતારી.

૨૬૨. આથી સાબિત થયું કે કાફિરો સાથે મૈત્રી અને સંબંધો નિફાક (મુનાફિકપણા) ની નિશાની છે.

૨૬૩. સચ્ચાઈ અને નિખાલસતા સાથે, નિફાક વગર.

૨૬૪. આથી સાબિત થયું કે કાફિરો સાથે મૈત્રી અને સંબંધો નિફાકની નિશાની છે.

૨૬૫. આ આયતમાં તેમના વખાણ છે જેઓ હુઝૂરના સમય સુધી હઝરત ઈસાના દીન પર રહયા, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નબુવ્વત જાહેર થએથી આપના પર ઈમાન લાવ્યા.

**શાને નુઝૂલ** :- ઈસ્લામની શરૂઆતમાં જ્યારે કુરેશના કાફિરોએ મુસલમાનોને ઘણા દુ:ખ આપ્યાં ત્યારે અસ્હાબમાંથી ૧૧ પુરૂષો ૪ સ્ત્રીઓએ હુઝૂરના હુકમથી હબશા (ઈથોપિઆ) તરફ હિજરત કરી. એ હિજરત કરનારાઓનાં નામો આ છે; હઝરત ઉસ્માન ગની અને આપના પત્ની તાહિરા, હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના પુત્રી હઝરત રૂકય્યા અને હઝરત ઝુબૈર, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદ, હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ, હઝરત અબૂ હુઝેફા અને એમના પત્ની હઝરત સહેલા બિન્તે સુહેલ, હઝરત મુસઅબ ઈબ્ને ઉમૈર, હઝરત અબૂ સલ્મા અને પત્ની હઝરત ઉમ્મે સલ્મા બિનતે અબી ઉમૈયા, હઝરત ઉસ્માન ઈબ્ને મઝઉન, હઝરત આમીર બિન રબીઆ અને એમના બીબી હઝરત લયલા બિન્તે અબી ખુસેમા, હઝરત હાતિબ બિન ઉમર અને હઝરત સુહેલ બિન બયઝા રદીયલ્લાહુ અન્હૂમ.

આ લોકો નબુવ્વતના પાંચમા વર્ષે દરિયા માર્ગે હબશા ગયા હતા. આ હિજરતને 'હિજરતે ઉલા' કહેવામાં આવે છે. એમના પછી હઝરત જઅફર બિન અબી તાલિબ ગયા, પછી બીજા મુસલમાનો પણ ઉમેરાતા ગયા. એટલે સુધી કે બાળકો અને સ્ત્રીઓ સિવાય મુહાજિરોની સંખ્યા ૮૨ પુરૂષો સુધી પહોંચી ગઈ. જ્યારે કુરેશને આ હિજરતની જાણ થઈ ત્યારે તેમણે એક પ્રતિનિધિ મંડળ ભેટ સોગાદો લઈને નજાશી બાદશાહ પાસે મોકલ્યું, એ લોકોએ શાહી દરબારમાં હાજરીની તક મેળવવીને બાદશાહને કહયું;

'અમારા દેશમાં એક વ્યક્તિએ નબી હોવાનો દાવો કર્યો છે. અને લોકોને મૂર્ખ બનાવી દીધા છે. તેના અનુયાયીનું એક જુથ જે આપના દેશમાં આવ્યું છે તેઓ હુલ્લડખોરી કરશે, અને આપની રય્યતને બળવા-ખોર બનાવશે. અમે આપને સમાચાર આપવા આવ્યા છીએ, અને અમારી કોમ વિનંતી કરે છે કે તેમને આપ અમારા હવાલે કરી આપો.

નજાશી બાદશાહે કહ્યું; 'જરા અમો તે લોકો સાથે વાતચીત કરી લઈએ' પછી મુસલમાનોને બોલાવી મંગાવ્યા. અને તેમને પૂછ્યું કે, 'તમે હઝરત ઈસા અને એમના માતૃ શ્રી બાબત કેવી માન્યતા રાખો છો?'

હઝરત જઅફર બિન તાલિબે જવાબ આપ્યો; 'હઝરત ઈસા અલ્લાહના બન્દા અને તેના રસૂલ અને કલિમતુલ્લાહ તેમજ રૂહુલ્લાહ છે, અને હઝરત મરયમ પવિત્ર કુંવારી છે'

આ સાંભળીને નજાશીએ જમીન પરથી લાકડીનો એક ટુકડો ઊંચકીને કહ્યું; 'ખુદાની કસમ! તમારા આકાએ હઝરત ઈસા અલયહિસ્સલામ બાબત આ લાકડીના ટુકડા જેટલો પણ વધારો કર્યો નથી. એમનું ફરમાન તદ્દન હઝરત ઈસાના કથનાનુસાર છે'

આ જોઈને મક્કાના મુશરિકોના મોઢાં ઉતરી ગયાં. પછી નજાશીએ કુરઆન મજીદ સાંભળવાની ઈચ્છા પ્રદર્શિત કરી. હઝરત જઅફરે સૂરએ મરયમ પઢી સંભળાવી તે વખતે દરબારમાં નસરાની આલિમો અને દરવેશો હાજર હતા. તેઓ કુરઆન શરીફ સાંભળીને રડવા લાગ્યા. અને નજાશીએ મુસલમાનોને કહયું કે 'તમને મારા રાજ્યમાં કોઈ ભય નથી' મક્કાના મુશરિકો નિષ્ફળ પાછા ફર્યા, અને મુસલમાનો નજાશી પાસે ખૂબજ ઈજ્જત અને આરામથી રહયા. અને અલ્લાહના ફઝલથી નજાશીને ઈમાનની દોલતનું અહો-ભાગ્ય સાંપડયું. આ બનાવ બાબત આ આયત ઉતરી.

૨૬૬. **મસઅલો** :- આથી સાબિત થયું કે ઈલ્મ પ્રાપ્તિ અને ઘમંડને તિલાંજલી એ ઘણી જ ઉપયોગી બાબતો છે, અને એમના કારણે હિદાયત નસીબ થાય છે.